(અમો જરથુસ્ત્રની દીનને હમો આરાધીએ છીએ)

મુંબઈની જરથોશ્તી જશન કમિટી.

અષોઇ.

(જરથોશ્તી ધર્મમાં વપરાયલા શબ્દ "અષોઈ" નો સંપૂર્ણ ભાવાર્થ તથા જરથોશ્તી ધર્મ-પુસ્તકો અને રેવાજ મુજબ અષોઇ, તનની પાકીઝગી, સફાઇ-સુઘડાઇ, સુખ-શાંતી અને તનદુરોસ્તી જાળવવા વિષેના જરથોશ્તી ફરમાનોની ખુબી તેમજ અષોઇની તરીકતો પાળવાથી નિપજતા ફાયદાઓ અને આજની તબીબી વિદ્યા અને પદાર્થ વિદ્યાથી તેને મળતો આધાર).

લખનાર —

મીસીસ ગુલબાનુ બેહરામશાહ તવરીઆ.

છપાવી પ્રગટ કરનાર —

જશન કમિટી, મુંબઇ.

યઝદઝરદી સને ૧૨૯૩

ઇસવી સને ૧૯૨૪

હુમત, હૂખ્ત, હ્વર્શ્ત.

અએવો પથાઓ યો અષહે,

વીસ્પે અન્યએષાંમ અપન્તાંમ.

(ખરો) માર્ગ એકજ છે, (અને) તે અષોઇનો છે, બીજા સઘળા રસ્તા ઉનરતે દરજ્જેના છે

યઓજદાઓ મષ્યાઇ અઇપી જ઼ાથેમ્ વહિશ્તા, હા યઓજદાઓ જરથુશ્ત્ર યા દએન માજદયસ્નિશ.

"અષોઇ માણુસોને માટે જન્મથીજ સૌથી ઉત્તમ છે અએ જરથુસ્ત્ર! તે અષોઇ એ માજદયસ્ની દીન છે" (વદીદાદ, ફરગરદ ૧૦)

અષ વહિશ્ત, અષ સ્રએશ્ત દરેસામ થ્વા, પઇરિ થ્વા જમ્યામ, હમેમ્ થ્વા હખ્મ.

સૌથી સરસ અષોઇએ કરીને (તથા) શ્રેષ્ઠ અષોઇએ કરીને, (ઓ હોરમજદ!) તુને હમો જોઇએ (તથા) તારી નજદીક આવીએ (તથા) તારી હમેશની દોસ્તીને હમો પોહોચીએ! (યાને તારી દોસ્તીને લાયક થઇએ!)

હુમતનામ હુખ્તનામ હ્વરશ્તનામ

(અષો જરથુસ્ત્રની દીનને હમો આરાધીએ છીએ)

મુંબઈની જરથોશ્તી જશન કમિટી.

અષોઇ.

(જરથોશ્તી ધર્મમા વપરાયલા શબ્દ "અષોઈ" નો સંપૂર્ણ ભાવાર્થ તથા જરથોશ્તી ધર્મ-પુસ્તકો અને રેવાજ મુજબ અષોઇ, તનની પાકીઝગી, સફાઇ-સુઘડાઈ, સુખ-શાતી અને તનદરોસ્તી જાળવવા વિષેના જરથોશ્તી ફરમાનોની ખુબી તેમજ અષોઇની તરીકતો પાળવાથી નિપજતા ફાયદાઓ અને આજની તબીબી વિદ્યા અને પદાર્થ વિદ્યાથી તેને મળતો આધાર).

લખનાર -

મીસીસ ગુલબાનુ બેહરામશાહ તવરીઆ.

છપાવી પ્રગટ કરનાર —

જશન કમિટી, મુંબઇ.

યઝદજરદી સન ૧૨૯૮

ઈસવી સન ૧૯૨૮

આ પુસ્તક દીનશાહ શાપુરજી મસાનીએ મુંબઈના કોટમાં નં૰ ૫૭-૫૯ ડાનસજી પટેલ સ્ટ્રીટ ખાતે ધી ફ્રેશો-ગર્દ પ્રીન્ટીગ પ્રેસમા છાપ્યુ છે, અને મુંબઈની જરથોસ્તી જશન કમિટી તરફથી તેના ઑનરરી સેક્રેટરી મી૰ નશરવાનજી પેસ્તનજી મુનશીએ ૪, ડામા સ્ટ્રીટ, કોટ, મુંબઈમા પ્રગટ કર્યું છે



મરહુમ સર શાપુરજી બરજોરજી ભરૂચા, નાઇટ.

અર્પણ-પત્રિકા.

મરહુમ સખાવતી શેઠિયા સર શાપુરજી બરજોરજી ભરૂચાની પવિત્ર યાદમાં તેવણના માસીના દીકરા શેઠ માણેકજી પેસ્તનજી ભરૂચા તરફથી આ પુસ્તક મરહુમના અશો રૂહને માયા, મેહેરબાની અને ઉપકારની અંત - કરણ પૂર્વક ભલી યાદ તથા આભારની લાગણી સાથે અર્પણ કરવામાં આવે છે

દી બા ચો.

જરથોસ્તી જશન કમિટી તરફથી ૧૯૨૧ મા નીચલી બાબત ઉપર સૌથી સરસ રેસાલા માટે રૂ ૫૦૦ નુ ઇનામ આપવાનુ જાહેર કરવામા આવ્યુ હતુ —"જરથોસ્તી ધર્મમા વપરાયલા શબ્દ "અષોઇ" નો સંપૂર્ણ ભાવાર્થ, તથા જરથોસ્તી ધર્મ-પુસ્તકો અને રેવાજ મુજબ અષોઇ તનની પાકીજગી, સફાઇ-સુધડાઇ, સુખ-શાંતી અને તનદરોસ્તી જાળવવા વિષેના જરથોસ્તી ફરમાનોની ખુબી, તેમજ અષોઇની તરીકતો પાળવાથી નિપજતા ફાયદાઓ, અને આજની તબીબી વિદ્યા અને પદાર્થ વિદ્યાથી તેને મળતો આધાર

આ રેસાલો જશન કમિટીના એક મરહુમ માનવંત સભાસદ શેઠ પેસ્તનજી નશરવાનજી દેરાવાળાની કિમતી સુચના ઉપરથી માગવામા આવ્યો હતો, અને તે માટેના ઇનામ માટે એ મરહુમે રૂ ૫૦૦ આપ્યા હતા, જે માટે જશન કમિટી એમની આભારી થઇ છે રેસાલો ગુજરાતી યા અંગ્રેજી ભાષામા લખવાની માગણી કરવામા આવી હતી, અને ઇનામ માટે હરીફાઇ કરવાને કોઇપણ પારસી તેમજ બીજી કોમના બાનુ યા ગૃહસ્થને છુટ હતી

આ માગણીના જવાબમા એકંદર ૧૭ રેસાલાઓ મળ્યા હતા, જેમાના ૧૧ ગુજરાતીમા અને . અંગ્રેજીમા હતા પરીક્ષકોની બહુમતિથી કોઇપણ એક હરીફાઇ કરનારને રૂ ૫૦૦ નુ ઇનામ નહી આપતા નીચલા બે હરીફાઇ કરનારાઓમા તે વેહચી આપવાનુ જશન કમિટીએ ૧૯૨ મા ઠરાવ્યુ હતુ

૧ લુ ઇનામ -. ..૦ નુ ... આમ ... એ-નાઓ ... વાળા ... મીસ ગુલબાનુ હોરમસજી તવરી આને, તથા બીજુ ઇનામ--- ...૦ નુ "અષોઇનો ઉમેદવાર" વાળા ...મસાળા મી૦ અરદેશર બેહરામજી ... ડામાવજીરને

વળી નીચલા ... લખનારાઓએ પોતાના રેસાલા પાછળ ભારે શ્રમ લીધેલો જણાયાથી તેમને ઉત્તેજન દાખલ દરેકને ... ૫૦ પ્રમાણે વધારાના ઇનામો આપવાનુ ઠરાવવામા આવ્યુ હતુ -

(૧) મી૦ જે આર મેહરજી
(૨) મી૦ †માણેકશાહ દીનશાહ (નીઝામ હૈદરાબાદના)
(૩) મી૦ જાલ ફીરોઝ બલસારા

---

* હાલમા મીસીસ ગુલબાનુ બેહરામશાહ તવરીઆ

† દલગીરી ભરેલ છે કે એ ભલા બાનુ ત્યારબાદ ગુજર પામ્યા છે

ઉપલા પાચે ઇનામો જશન કમિટી તરફથી થયલા છેલ્લા શહેરેવર અમશાસ્પંદના જશનના મેળાવડામા તા૦ ૧૦ મી ફેબ્રુઆરી, ૧૯૨૩ ને દિને આપવામા આવ્યા હતા તે વખતે જશન કમિટીના પ્રમુખ મી૦ જેહાંગીર જમશેદજી વીમાદલાલ તરફથી 'આશ' ગુલથાનુ તવરીઆના રેસાલાની ઘણીજ તારીફ કરવામા આવી હતી અને તેવણે જણાવ્યુ હતુ કે એ રેસાલો બધા રેસાલાઓમા ઘણોજ સરસ, અસરકારક તેમજ બોધદાયક હોવાથી તે છપાવવાની ઘણીજ જરૂર છે, અને કોઇપણ સખી ગૃહસ્થ એ બાબે મદદ કરશે એવી ઉમેદ રાખવામા આવી હતી જણાવવાને ખુશી ઉપજે છે કે તેજ વખતે જશન કમિટીના એક ટ્રીસમાજ લાઇફ મેમ્બર શેઠ માણેકજી પેસ્તનજી ભરૂચાએ છપામણીના ખરચ માટે રૂ ૫૦૦ પોતા તરફથી આપવાની મરજી જણાવી હતી, જે માટે પ્રમુખ મી૦ વીમાદલાલે તેજ વખતે એમનો મોટો ઉપકાર માન્યો હતો અને એ ગૃહની બક્ષશથી આજે રેસાલો છપાવવાને બની શક્યુ છે, જે માટે જશન કમિટી એમના આભાર માને છે

'અષોઇ' (અવસ્તા "અશ") એ શબ્દનો એટલે તો બોહલો અર્થ થાય છે કે તેવો સંપૂર્ણ અર્થ બતાવતો બીજો કોઇપણ ભાષામા શબ્દ મળી શકતો નથી આ અવસ્તામાથી "અષોઇ" ના સંપૂર્ણ ભાવાર્થ સાથ ગુજરાતી તરજુમો ... ભાગથી અને ...થી ... છે કુદરતના જે કાયદાઓ ... હાલમજદ સૃષ્ટિ પેદા કરતી વખતે મુકરર કર્યા છે અને જે કાયદાઓ પ્રમાણેજ સૃષ્ટિ-રચનાની દરેકે દરેક ક્રિયા નિયમસર રીતે અને અચુક ચાલુ રહી છે તેને જરથોસ્તી ધરમમા "અશ" તરીકે જણાવ્યા છે, અને તે કાયદાઓને અનુસરીને જીંદગી ગુજારવી તે "અષોઇ" છે, આવી જીંદગી ગુજારવાના ખાસ કાયદાઓ જરથુસ્ત્ર સાહેબ જરથોસ્તી દીનમા સમજાવેલા છે જે ઉપર અમલ કરવાથી ઇનસાન આ ગેતીની હાલતને તેમજ મનને તેજસ્વી બનાવીને તેમજ ખુ... ... ...ની હાલત ...થી ... ...ની બનાવીને આગળ ...થી હમેશગીના ... ... છે એ રીતે "અષોઇ" એ માજદયસ્નીનો ... ... છે, અને તેથીજ ... ... જણાવ્યુ છે કે "અષોઇ એ માજદયસ્નીની દીન ... ... જરથોસ્તી ધરમને ... ... ગણાવેલ છે

હાલ ... અને અમરકારક ... ... જરથોસ્તીએ યાદ ... ... એ, એમ ... જણાવેલું છે ...ની વૃદ્ધિના

એક ખાસ હથીઆર તરીક શરીરને વાપરવાનુ હોવાથી અને તે હથીઆર જેમ તેજસ્વી અને ચાલાક હોય તેમ તે પોતાનુ કાર્ય લાયક રીતે કરી શકે છે તે માટે શરીરને લગતી પવિત્રાઇ તેમજ તન્દુરસ્તી કેવી રીતે જાળવવી તે માટેના જરથોસ્તી ધર્મે શીખાડેલા અષોઇના ફરમાનો તથા અષોઇની ઉમદા તરીકતો આ ચોપાનીઆમા અચ્છી રીતે સમજાવવામા આવી છે વળી હાલની તબીબી વિદ્યા તેને કેટલો ટેકો આપે છે, તેમજ આજની જંતુ વિદ્યાને તથા મેગનેતીઝમ ના કાયદાઓને એ સઘલી તરીકતો કેટલી બંધબેસ્તી છે તે સર્વેનો વિસ્તાર ખુલાસા સાથે ગુજરાતી એ રસાલામા આપ્યા છે

તંદુરસ્તીની અષો-ઇ, ફિક્ર તથા માથ્રના સબંધમા અષોઇ ની જાળવણી સાથે લંબાણ વિવેચન કરવામા આવ્યુ છે

છેવટે જણાવ્યુ છે કે માથ્રની કીમત અષોઇથી અંકાય છે, માથ્ર તથા ક્રિયા-કામોનો કીમતી ખજાનો સાચવનારી તીજોરી તે અષોઇ છે' "આપણ જરથોશતીઓને સૌથી મગરૂર કરનારી તથા તે સાથે આપણ સર્વને હજીબી એકજ અખંડ કોમ તરીક જોડી રાખનાર અને બચાવનાર જો આપણી પાસ કોઇબી ચીજ હોય તો તે અવસ્તા જબાનમા લખાવલી આપણી પવીત્ર એજમતી માથ્રવાણીજ છે અને તે માથ્રવાણીની અસરને જોશ આપનારી આપણી તમામ અષોઇની તરીકતો તથા ક્રિયા-કામો ("યસ્ન") હમેશા સાથ જોડાયલા રહે છે"

આપણી કોમના એક જુવાન ગ્રહસ્થ અષોઇ જેવી મહોટી બાબત ઉપર આવુ સુંદર તથા ડહાપણભર્યુ લખાણ કરે એ કોમ માટે મુબારક બાદી લેવાની બીના છે

જશન કમિટી આશા રાખે છે કે આ રેસાલો કોમમા વચાવે "અષોઇ" નો ભાવાર્થ હમદીનો વધુ સરસ રીતે સમજશે અને અષોઇ-ભરી જીંદગી ગુજારવાને વધુ ખાહેશમંદ તથા ઉલટમંદ બનશે

અએવો પથાઓ યો અષહે'

માર્ગ એકજ છે, અને તે અષોઇનો છે'

મુંબઇ, તા૦ ૩૧ મી માર્ચ ૧૯૨૮

આ રેસાલો લખનાર તરફના બે બોલ.

જરથોસ્તી જશન કમિટીએ આ રેસાલા માટે તેમજ તેની આગમજ મારા વર્મને લગતા અભ્યાસમા જે ઉત્તેજન અને જોગવાઇ મને આપી છે, તે માટે એ ઉમદા સસ્થાનો હુ ભારે ઉપકાર માનુ છુ તેમજ બેહેસ્ત-બહેરેહ શેઠ પેસ્તનજી નશરવાનજી કેરાવાળાએ આ રેસાલાની બાબત સુચવીને તે માટેના ઇનામને માટે રૂપ્યા ૫૦૦ ની રકમ જશન કમિટીને સપુર્દ કરી તે માટે એ મરહુમની પણ હુ ઘણી આભારી છુ પરવરદેગાર એમને મિનોઇમા શાતિ બક્ષે! વળી આ રેસાલો છપાવવા માટે શેઠ માણેકજી પેસ્તનજી ભરૂચાએ જે રૂપ્યા ૫૦૦ ની બક્ષેશ જશન કમિટીને કરી છે, તે માટે તેમનો પણ હુ અત્રે ઉપકાર માનુ છુ

આ રેસાલો મે ઇનામની લાલચથીજ નહિ પણ એ નિમિત્તે મારા જરથોસ્તી ધર્મ અભ્યાસમા વધારો કરવાની મુખ્ય નેમથીજ હાથ ધર્યો હતો એમા એક ભલા મિત્રની સલાહ તથા કીંમતી સુચનાઓ અને વખતો વખતના કીંમતી શિક્ષણ માટે તેમની હુ ઘણી એહસાનમદ છુ વળી તે અસીલ, નેક અને દીલસોઝ બેહેસ્ત-બહેરેહ ભાઇ પેશોતન બેહરામજી કાબરાજી જેઓ પણ મારા ધાર્મિક અભ્યાસમા મને ખાસ ઉત્તેજન તથા કીંમતી સલાહ આપતા હતા, તેમના પવિત્ર રવાનને મિનોઇમા સદ્દહઝાર શાતિ ઇચ્છુ છુ છેવટે, જે સૌથી વધારે ઉપકાર મારે માનવાનો છે, તે તે વહાલા મુરબ્બીજીઓનો છે, કે જેઓએ પોતાની આ માબાપ વિનાની ભત્રીજીને ઘણી પ્રિતથી ઉધારી મોટી કરી છે, અને જેમના તરફની મારી ધાર્મિક કેળવણી માટેની ખાસ કાળજી, ઉત્તેજન અને ભલી દોરવણી વગર કશુ પણ બજાવવુ અશકય થઇ પડતે એઓમા મારા ભલા કાકાજી કે જેઓએ આ મારા રેસાલાનુ લખાણ છપાવવા આગમજ તેમા ઘટતો સુધારો વધારો કરવાનો ખાસ શ્રમ લીધો છે, તેમનો આ ટકે સાચ્ચા દીલથી ઉપકાર માનવાની હુ મારી ફરજ વિચારૂ છુ તે સાથે આ રેસાલો લખવા માટે અતિશય ઉલટ તથા જોમ આપનાર તે અસરાફ કાકીજી નાજામાય જેઓ કમનસીબે આ લખાણુ લખી મોકલ્યા આગમજ બેહેસ્ત પામ્યા હતા, તેઓને મિનોઇ જહાનમા હઝારો હઝાર શાતિ તથા ભલી મિનોઇ શક્તિઓની રાહબરી ઇચ્છી, હુ મારૂ લખવુ ખતમ કરૂ છુ

ગુલબાનુ બેહરામશાહ તવરીઆ.

ધન બીલડીંગ, દાદર,
મુબઇ, તા૦ ૨૧ મી માર્ચ, ૧૯૨૪

સાંકળિયું.

સફે

સફે

સફે

"અષોઈ."

એ શબ્દનો સંપૂર્ણ ભાવાર્થ.

શરૂઆતની લાયક કુદરતની શક્તિઓની માન સાથે યાદ

પાક દાદાર હોરમજદની યાદમા ખાકસારીથી સર ઝુકાવી, અષોઇના સરદાર અષો સ્પિતમાન જરથુશ્ત્ર સાહેબનુ શુભ નામ માન અને અહેસાનની જોશભર લાગણીથી યાદ કરી, તમામ અમશાસ્પદો અને યજદોની મદદ ચાહી, જરથોસ્તી દીનના મોતેબર ફરમાનોનો અમલ કરીને મિનોઇ વૃદ્ધિમા આગળ વધેલા ન્યાગાનોના પાક રૂહને શાતી ભરેલી દુવાઓ ચાહીને, સૃષ્ટિ રચનાનો તથા આત્મિક વૃદ્ધિનો જે મૂળ કાયદો સામટી રીતે અષોઇના કાયદા તરીકે ગોઠવાયલો છે અને જે કાયદો જરથોસ્તી દીન તરીકે અષો જરથુસ્ત્ર સાહેબે શિખવ્યો છે તે કાયદાની સહેજ સમજણ હુ મહારી મગજશક્તિના પ્રમાણ પ્રમાણે આપવાની કોશેષ કરીશ

આપણો પાક જરથોસ્તી મજહબ એટલોતો મોતેબર છે કે આજે તેની બુલદીનો સપૂર્ણ ખ્યાલ કોઇથી પણ કરી શકાતો નથી જેમ જેમ હાલની સાયન્સ (Science) ની દરેક શાખા આગળ વધતી જશે તથા રોજ દી નવી નવી શોધો થતી જશે તેમ તેમ જરથોસ્તી ધર્મમા જણાવેલી ઉડી સાયન્સ તથા ઉચ ફીલસુફીની સચ્ચાઇ પુરવાર થતી જશે તથા તેની ખરી પિછાન થશે, અને તે અષોઇના ઉચ પાયા ઉપર રચાયલો હોવાથી કેવી બુલદ ટોચે પુગેલો છે તે માલમ પડશે, અને એ રીતે આજથી હઝારો વર્ષો ઉપર સ્થપાયલા આપણા પવિત્ર મજહબની ઝળકતી કીર્તિ પાછી સજીવન થઇ તેના મિનોઇ જ્ઞાનની રોશનીથી કુલ જહાનને મિનોઇ વૃદ્ધિમા આગળ વધવાનો એક વાર ફરીથી જોશ આપશે

"અષોઇ" શબ્દ એટલો તો બહોળો અર્થ ધરાવે છે કે બીજી કોઇ પણ ભાષામા તેનો સપૂર્ણ ભાવાર્થ સમજાવી શકાય એવો એક શબ્દ મળી શકતો નથી "અષોઇ" એટલે શુ તે સમજવાની કોશેષ કર્યા આગમજ પ્રથમ જરથોસ્તી દીનમા "અષોઇ" શબ્દ કેટલો ઉચ દરજ્જો ભોગવે છે તેનો કઇક ખ્યાલ અવસ્તા શાહદતથી મેળવીશુ

જરથોશ્તી ધર્મના ત્રણ મૂળ પાયા વિચાર, વચન અને કાર્ય સાથે 'અષોઇ'નો નિકટ સબધ

જરથોસ્તી ધર્મના જે ત્રણ મૂળ પાયા છે તે મિથ્ર યાને વિચારની ગતી, માથ્ર યાને શબ્દ ઉચ્ચાર અને ત્રીજુ યસ્ન યાને કાર્ય અથવા ક્રીયા યસ્નની અદર તમામ દુન્યવી તથા સસારી કાર્ય તેજ પ્રમાણે સસારી જીદગી ગુજારતી વખતે પાળવા જોઇતા તમામ કુદરતના કાયદાઓ તેમજ શરીરમાથી રવાન છુટુ થયા પછી રવાનને મિનોઇ જહાનમા શાતિથી આગળ વધારવા માટે આપવામા આવતા પ્રવાહોનો જોશ જે સામટી રીતે ધર્મ-ક્રીયા તરીકે ઓળખાય છે—આ બધુ યસ્નની અદર સમાઇ જાય છે આ ઉપરથી ત્યારે જરથોસ્તી ધર્મનો ત્રીજો પાયો જે યસ્ન છે તે યસ્નના અગત્યના ભાગ તરીકે અષોઇના તમામ કાયદાઓ સમાઇ જાય છે જે પ્રમાણે મિથ્ર તથા માથ્ર આ દુન્યા તથા પેલી દુન્યા વચ્ચેનો અને શરીર તથા આત્મા વચ્ચેનો સબધ જાળવીને રવાનને આગળ વધારે છે તેજ પ્રમાણે આ અષોઇના તમામ કાયદાઓ રવાનને આગળ વધવામા મદદ કરે છે અને તેથીજ અષોઇને જરથોસ્તી દીનનો ગર યાને માવો (Pith) તરીકે પિછાનવામા આવે છે વદીદાદ પરગરદ ૧૦ ના ૧૮ મા ફકરામા જણાવ્યુ છે કે "**અષોઇ એ માજદયસ્ની દીન છે.**"

અવસ્તા પ્રમાણે જીદગીનો રસ્તો ફકત એકજ 'અષોઇ" નો છે

વક્ષુરેવક્ષુરાન અષો સ્પિતમાન જરથુસ્ત્ર સાહેબ કહે છે —
"**માર્ગ એકજ છે (અને) તે અષોઇનો છે, બીજા બધા ખોટા રસ્તા છે.**" "અએવો પન્તાઓ યો અષહે, વિસ્પે અન્યએશામ અપન્તામ"

જો બરતેકુરતેઆન તરીકે આપણે પેગામ્બર જરથુસ્ત્ર સાહેબના શિક્ષણ મુજબ ખરેખર દિલથી જીદગી ગુજારવા માગતા હોઇએ તો જે રસ્તો તેવણ સાહેબે આપણુને બતાવેલો છે, તે રસ્તા ઉપર આપણી જીદગીનો માર્ગ શરૂ કરવો જોઇએ

ગાથા પ્રમાણે અષોઇ મેળવવાની તલબ

ખરી જરથોસ્તી જીદગી ગુજારવાને વાસ્તે જે પહેલી અને છેલ્લી ચીજ આપણુને જોઇએ છે તે અષોઇ છે ગાથા હા ૪૩ મા ભણનાર તલબ કરે છે કે —

"**અત્ તૂં મોઇ દાઇશ્ અષેમ્,**
હ્યત્ મા જઓજઓમી.

એટલે "અએ દાદાર હોરમજદ તુ મને અષોઇ આપ, મારે માટે મને તેજ ચીજ જોઇએ છે"

ગાથા હા ૩૧, ફ૦ ૫ —

“ તત્ મોઇ વીચિધાઈ વઓચા
હ્યત્ મોઈ અષા હાતા વહ્યો.”

“ (ઓ હોરમજદ !) પસદ કરવા માટે સૌથી ઉત્તમ માર્ગ અષોઇના કાયદા પ્રમાણે જે છે તે તુ મને બતાવ ”

સૌથી પહેલી અને નાની બદગી— ‘ અષેમ વોહુ ’ પ્રમાણે “ અષોઇ ખરેખરૂ મિનોઇ સુખ છે

આપણી દરેક બદગી અષોઇની વખાણમા શરૂ થાય છે અને અષોઇની વખાણુમાજ પુરી થાય છે પાક ખોરદેહ અવસ્તાનો સૌથી પહેલોજ સફો ઉઘાડતા ‘ અષેમ વોહુ ’ નો કલામ આપણી નજરે પડે છે તેમા કહે છે —

“ અષેમ્ વોહૂ વહિશ્તેમ્ અસ્તી,
ઉશ્તા અસ્તી, ઉશ્તા અહ્માઇ
હ્યત્ અષાઇ વહિશ્તાઇ અષેમ.”

એટલે “ અષોઇ સૌથી સરસ ન્યામત છે (તથા) સુખ છે, સુખ તે (શખ્સ) ને છે જે સૌથી સરસ અશોઇને વાસ્તે અષો (છે) ” યાને અષોઇ જેવી અમુલ્ય ન્યામતની જે કોઇ ખરી રીતે અમલ્યાત કરે એટલુજ નહીં પણ અષોઇનો કાયદો સપૂર્ણ રીતે જલવાય એવા હેતુથી જે કોઈ પોતાની આસપાસ અષોઇનો ફેલાવો કરવાની ચાલુ કોશેષ કરતો રહે તેને જે ખરૂ મીનોઇ સુખ (ઉસ્તા) તે મલે છે, કે જેની આગલ આએ દુન્યાને લગતુ બીજુ કોઇ પણ સુખ કુચ બીસાદમા નથી વળી ગાથાના ભણતરો જે આપણા સર્વ ભણતરોમા શ્રેષ્ટ ગણાય છે, ત્યાબી દરેક ગાથામા જગેજગ અષોઇની ઉમદા બક્ષેસ મેળવવાની અશો જરથુસ્ત્ર સાહેબ ખાહેશ કરે છે

અહુનવદ ગાથા હા ૨૮ ફ ૪ મા અશો જરથુસ્ત્ર સાહેબ કહે છે કે —

“ યવત્ ઇસાઈ તવાચા અવત્
ક્ષાઈ અઍષે અષહ્યા.”

“ જ્યા સુધી હુ શકિત ધરાઉં છુ તથા કૌવત રાખુ છુ, ત્યા સુધી અષોઇનીજ તલબ માટે હુ શિખતો રહીશ ”

ગાથા મુજબ જરથોસ્તી ધર્મ–કેળવણીનુ ધોરણ "અષોઇ" ના પાયાથી જ હોવુ જોઇએ

આ ફકરામા' શિક્ષણુ આપવુ અને કેળવણી આપવી તેમા ખરેખર ધોરણુ શાનુ હોવુ જોઇએ તે માટે હુકમા અસરકારક રીતે ઇસારો કર્યો છે કે અષોઇની ખાહેશને વાસ્તેજ તલબ રાખવી એવુ જ' શિક્ષણુ આપવુ જોઇએ

ઉસ્તવદ ગાથા 'હા ૪૪ ફ ૧૦ —

" તાંમ્ દએનાંમ્ યા હાતાંમ્ વહિશ્તા,
'યાં–મોઇ ગએથાઓ અષા ફ્રાદોઇત્ હચેમ્ના."

"તે કાયદો યાને જરથોસ્તી દિન જે હાલની સઘળી મોજુદ (દીનો) મા સૌથી સરસ છે અને જે અશોઇની પુઠે ચાલુ રહેવાને લીધે મારા વૃદ્ધિના કાર્યને આગળ વધારે છે"

ગાથા મુજબ રવાનની વૃદ્ધિ "અશોઇ"થીજ છે

અહીં આ જરથોસ્તી દિન રવાનની વૃદ્ધિ કરવામા' અષોઇને લીધેજ ઉપયોગી છે, એમ ખાસ ભાર મૂકી જણાવવામા આવ્યુ છે

ઉશ્તવદ ગાથા હા ૪૪ ફ ૧૭

" સરોઈ બૂજદ્‌યાઇ 'હર્વોતા અમેરેતાતા,
અવા માંથ્રા યે રાથ્મો અષાત્ હચા."

માથ્રની બ દગીની કીંમત "અષોઇ" થીજ છે

"આએ માથ્ર કે જે અશોઇને લીધેજ કીંમતી ખજાનો છે, તેની મારફતે આ દુન્યાનુ સુખ (રવાનની અખડ હાલત) અને પેલી દુન્યામા અમરપણુ (રવાનની અમર્ગી) સરદારીમા હુ મેળવુ"

અહીંઆ અષોઇ વગર માથ્રની અસર હોય નહિ એમ ખાસ ભાર મૂકી જણાવ્યુ છે

સ્પેનતોમદ ગાથા હા ૪૯ ફ ૩ —

" અત્ચા અહ્માઈ વરેનાઈ મજદા નિદાતેમ્,
અષેમ્ સૂઇદ્‌યાઇ ત્કએષાઈ રાષયેંઘ્‌હે દ્રુજ્."

"અને જયારે, ઓ મજદા ! આએ દીનને ફાયદેમદ બનાવવાને વાસ્તે અષોઈ મુકરર કીધેલી છે, ત્યારે આત્મીક નુકસાન કરવાને વાસ્તે અષોઇની સામે જનારી અસર યાને દરૂજ છે"

સ્પેનામીનોની બાજુ તે "અષોઇ" છે

અહીંઆ જરથોસ્તી દીનનો સ્પેનામીનો અને ગનામીનોને લગતો જે બેપણાનો કાયદો છે, તે બેપણાના કાયદામા સ્પેનામીનોના કાયદાની બાજુમા રહેવાને માટે યાને આત્મીક વૃદ્ધિને વાસ્તે 'અષોઇનોજ નિયમ' મુકરર થયેલો છે અને ગનોમીનોની બાજુ ઉપર રહેવાને વાસ્તે અષોઇથી ઉલટો દરૂજીનો યાને ખરાબીનો કાયદો છે, એમ જણાવવામા આવ્યુ છે

વોહુક્ષથ્ર ગાથા હા ૫૧ ફ ૧૦ —

"મહ્યવ્યો જબંયા અષેમ
વંઘહુયા અષી ગત તે."

કુદરત તરફથી મળતુ આત્મીક ઈનામ તે "અષોઇ" છે

"મારે માટે તો (હું) અષોઇને વખાણુ છુ (અએ હોરમજદ) તારી નેક દુઆ (ના બદલામા) અષોઇ (મને) હાસિલ થાએ"

અવસ્તામા દરેક ઠેકાણે જયાબી કુદરત તરફથી ઇનામ અથવા બદલા તરીકે જે ચીજ માગવામા આવી છે તે અષોઇજ છે, કેમકે અષોઇ-નીજ મારફતે અમગીંનુ આત્મીક સુખ જે 'ઉસ્તા' નામનુ છે તે મળી શકે છે, અને ગોયા અષોઇ પોતેજ 'ઉસ્તા' છે

અષોઇને લીધેજ જરથોસ્તી ધર્મ બીજા બધા ધર્મો કરતા શ્રેષ્ઠ છે

જરથોસ્તી ધર્મ બીજા સઘળા ધર્મો ઉપર ખાસ શ્રેષ્ટાઇ ભોગવે છે તથા બીજા સઘળા ધર્મો કરતા જરથોસ્તી ધર્મનો દરજ્જો સર્વથી ઉચ ગણ્યો છે, ગણાય છે અને ગણાશે, તેનુ એક ખાસ મુખ્ય કારણ એ છે કે જરથોસ્તી ધર્મ અષોઇનાજ પાયા ઉપર રચાયલો છે અને તે દરેક બાબદમા અષોઇથી ભરપુર છે

કોમની હાલત સુધારવાનો એકજ ઉપાય— કોમના દરેક સભાસદ તરફથી થવો જોઇતો અષોઇનો અમલ

હાલમા આપણી કોમ ઘણી નબળી પડતી જાય છે, કોમમા લાચારી બેકારી વધી ગઇ છે, દુખ અને દુખના પોકારો સર્વ ઠેકાણેથી સભળાય છે તેનુ ખાસ કારણ એજ છે કે કોમ દુન્યવી તર્કલીદી મોજમજાહ અને એશઆરામ તરફ ખેચાતી જાય છે અને પોતાના રવાનની જોખમદારી તથા વૃદ્ધિનો ખ્યાલ ભૂલી જઇ અષોઇના ધાર્મિક ફરમાનો, તરીકતો તથા પવિત્ર ક્રિયાઓ તરફ બેદરકાર બની, ધર્મ તરફની જાનફેશાની અને યકીન ઘણાં ઘટાડી મેલ્યા છે પણ

ફરી એકવાર જે કુદરતી વ્યવસ્થા યાને સમતોલપણુ અષોઇના કાયદા-મા સમાયલુ છે, તે વ્યવસ્થાનો કાયદો કોમનો દરેક સભાસદ જો અમલ મા મૂકે, તો ખચ્ચીત કોમની અદર તેમજ બહાર શારીરિક, માનસિક અને આત્મીક વ્યવસ્થા તથા સુખશાતિના પ્રવાહો ફેલાઇ રહીને આત્મિક વૃદ્ધિનો જોશ ઉત્પન્ન થઇ શકશે, અને દરેક ગમ આબાદી ફેલાતી રહેશે, અને તેમ થવાથી આપણા પુજ્ય પેગામ્બર જરથુસ્ત્ર સાહેબના નેક આશીશ મેળવવાને આપણુ ભાગ્યશાળી બનીશુ !

દુન્યાની, દેશની અને કોમની ઉન્નતીનો, ખીલવણીનો અને વૃદ્ધિનો મુખ્ય આધાર દુન્યાના, દેશના અને કોમના દરેક સભાસદની ઉપર રહે છે દરેક માણસે પોતે ક્યાથી આવ્યો, પાછો ક્યા જનાર છે, પોતે શા શાની શોધમા આવ્યો છે, પોતે કઇ ખુશાલી શોધે છે, આત્મા તરીકે પોતાની ખાસીઅત શુ છે, તે સઘળી હકીકતથી બરોબર વાકેફ થઇ તે પ્રમાણે જીદગી ગુજારવી જોઇએ અને એ સઘળી હકીકતની વાકેફગારી આત્મીક વૃદ્ધિમા રોશનચશ્મ થયલા મહાન નરોજ પુર ખાતરીથી આપી શકે છે

અષોઇનો કાયદો શિખવનાર પયગામ્બર જરથુશ્ત્ર સાહેબનો ગાથા મુજબ સર્વથી પહેલો દરજ્જો

આવા ઘણાએક મહાન નરોમા પેગામ્બર જરથુસ્ત્ર સાહેબ આત્મીક વૃદ્ધિની સૌથી ઉચ ટોચે પુગેલા એક ઉચમા ઉચ મરતબાના સાહેબ હતા કે જેવણે ગાથા હા ૨૯ પ્રમાણે "એકલાએ દાદાર હોરમજદના ફરમાનો સાભળ્યા હતા" ("યે–ને અએવો સાસ્નાઓ ગૂષતા"), અને ગાથા હા ૫૧ મુજબ "ઉરવાનની વૃદ્ધિની સર્વથી ઉચમા ઉચ ટોચે પુગેલા હતા" ("જરથુસ્ત્રેમ્ સ્પિતામેમ્ હન અહી ઉરૂરઓસ્ત અસ્તો")

તેવા એક ખાસ પેગામ્બર સાહેબ આપણુને એક ઘણી ખુશખબર-થી વાકેફ કરેછે કે આ દુન્યામા હૈયાતી ભોગવવાની તથા તમામ સૃષ્ટિ રચનાની ભેદભરી નેમ બર લાવવાને માટે સૌથી પહેલી અને છેલ્લી ચીજ જોઇએ છે તે અષોઇ છે

જરથોસ્તી દીનમા "અષોઇ" શબ્દ કેટલો ઉંચ દરજ્જો ભોગવે છે, તે બીના અવસ્તા શાહદતથી જોયા પછી હવે આપણે 'અષોઇ" એટલે શુ તે સમજવાની કોશેષ કરીએ અને અષોઇ કુદરતમા આવુ મહાન કાર્ય કરી રહી છે, તો આપણા જરથોસ્તી ધર્મમા વપરાયલા એ "અષોઇ" શબ્દનો સપૂર્ણ ભાવાર્થ શુ છે તે તપાસીશુ

અષોઇ શબ્દનો ભાષા શાસ્રને આધારે થવો જોઇતો અર્થ—સીધો રસ્તો અથવા સીધી લીટી

અષોઇનો અવસ્તા શબ્દ "અષ" છે, તેનો ધાતુ "એરેત" છે, જે સસકૃત "ऋत" અને અગ્રેજી "Right" ને મળતો છે ત્યારે 'અષ' નો અર્થ એક રીતે Righteousness ને મળતો છે પણ આ અર્થ તો "અષોઇ" શબ્દનો ઘણોજ ઝાખામા ઝાખો ભાસ આપે છે એક જાણીતા અવસ્તા સ્કોલરના બોલોમા લખ્યે તો "અષોઇ શબ્દનુ અવસ્તા રૂપ 'અષ' છે, જેની આગમજનુ રૂપ 'અરશ' છે જે 'અરત' ઉપરથી નીકળેલો છે 'અરત' બોલ મૂળ 'અર્' એટલે જવુ એ ક્રીયાપદનો ભુતકૃદત છે આ રીતે 'અરેત' એટલે 'ગયલુ' યાને **સિદ્ધી લીટી**મા ગયલુ એવો અર્થ થઇને તે ઉપરથી સિદ્ધી લીટી કે જે કોઇબી બે પોઇટની વચ્ચેનો સૌથી નાનામા નાનો તફાવત છે તે અર્થ ઉપરથી 'અષ' નો અર્થ 'Short Cut' "ટુકો રસ્તો" થાય છે બીજા શબ્દોમા બોલ્યે તો આ દુન્યામાથી રવાનને પેલી જહાનમા છેક ગરોથ્માનમા દાદાર હોરમજદ નજદીક જવા માટે ટુકામા ટુકો (પણ મિકટમા બિકટ અને છરીની ધાર જેવો બારીક) જે રસ્તો છે, તે અશોઇનો છે"

"અષોઇ" શબ્દનો ભાવાર્થ—કુદરતની સચ્ચાઇ સાથે સમાતર રહેવાના તમામ કુદરતના કાયદા

આ ઉપરથી કુદરતમા જે કાઇ પડેલુ છે તથા કુદરતમા જે કાઇ સચ્ચાઇ કાયમની છે અને કુદરતમા જે કાઇ ખરૂ છે તેની સમાતર રહેવાને લગતા જીદગી ગુજારવાને જેટલા કાયદા અશો સ્પિતમાન જરથુસ્ત્ર સાહેબે સમજાવેલા છે, તે તમામ કાયદા અશોઇમા આવી જાય છે

આત્મિક વૃદ્ધિ અટકાવનારી દરૂજી નામની અસરને પાછી ભલાઇમા ફેરવી નાખવાની અષોઈમા સમાયલી ખૂબી

આ દુન્યાની અદર જે નાનામા નાનીથી તે મોટામા મોટી દેખાઇતી તેમજ અણદીઠ તમામ ખરાબ અસરો (all the evil forces) જે અસરો આપણા રવાનની કિસ્તીને અહુરમજદના મિનોઇ બદરે પહોચતુ અટકાવી તેને ખરાબીના ખડક સાથે અઠડાવી તેનો નાશ કરે છે, તેવી ખરાબ અસરો જેને આપણા ધાર્મિક બોલોમા 'દરૂજી' ને નામે ઓળખવામા આવે છે તે તમામ દરૂજીઓને ભલી અસરોમા ફેરવી નાખવાના જે કાયદાઓ વક્ષુરેવક્ષુરાન અશો જરથુસ્ત્ર સાહેબે રચી આપ્યા છે, તે કાયદાઓનુ એક નામ "અષોઇ" છે

રવાનને તેના અસલ સ્વરૂપમા લાવવાનો કાયદો તે 'અષોઇ' છે

આ ખાકી આલમમા એક માનવીએ કુદરતે તેને નેમી આપેલા વખતમા કેવી રીતે જીદગી ગુજારવી અને પોતાના રવાનને પાછુ તેની અસલ હાલત ઉપર કેવી રીતે લઇ જવુ તે માટે સૌથી અગત્યનો જે કાયદો પયગામ્બર અશો જરથુસ્ત્ર સાહેબે શિખવ્યો છે તે 'અષોઇ' છે

રવાનના બીજને ખીલવવા માટે "અષોઇ" ના વરસાદની જરૂર

જે પ્રમાણે એક બીયાને જમીનમા રોપીને તેની ઉપર વરસાદનુ પાણી તથા તડકુ આપ્યાથી તે બીયાની અંદર રહેલી અસલ ખાસીયત ફુલ-ફળ સાથના ઝાડ રૂપે પ્રગટ થાય છે, તેજ પ્રમાણે રવાનની અંદરની બાતેન શકિતઓ જે વખતે રવાન આ શરિર રૂપી જમીનમા વાવેલુ હોય છે, તે વખતે તેને ખીલવીને બહાર લાવવાને વાસ્તે સચ્ચાઇ તથા અશોઇના કુદરતી પ્રવાહોની જરૂર પડે છે અને આ પ્રવાહોની સાથે સમાતગ કેમ રહેવુ તે બાબેના કાયદા જરથોસ્તી દીનમા અશોઇના કાયદા તરીકે સમજાવવામા આવ્યા છે

રવાનની પોતીકી ઇચ્છા પુરી પાડનાર તે "અષોઇ" છે

એક વિદ્વાનના શબ્દોમા કહીએ તો "આ દુન્યામા જન્મ લઈ આપણા રવાનને પાછુ તેની અસલ હાલત ઉપર લઇ જવુ આ આપણી મોટામા મોટી નેમ છે ઘણે મોટે ભાગે આપણને આપણી ચાલુ હાલતથી સતોષ મળતો નથી અને ગમે એવુ દુન્યવી સુખ મળવા છતા કોઇબી માણસ પોતાને તદન સુખી માણસ તરીકે ઓળખી શકતો નથી, કારણકે દરેક રવાનની ખાસીઅત જ્યાથી તે આવ્યુ ત્યાજ પાછુ જવાની છે બીજા બોલોમા બોલ્યે તો દરેક રવાનમા એક એવુ ખાસ તત્વ રહેલુ છે કે જે તત્વ રવાનને પોતાની અસલ હાલત ઉપર લઈ જવાને માટે ચાલુ જોશ આપ્યા કરે છે આપણને પોતાને અદર ખાનેથી લાગ્યા કરે છે કે આપણે હાલમા જેવી હાલતમા છીએ તેના કરતા વધુ ઉચ હાલત ઉપર આપણને જવુજ જોઇએ, અને એ પ્રમાણે તો આપણા રૂહશાદ પેગમ્બર જરથુસ્ત્ર સાહેબે ગાથા તેમજ બીજા અવસ્તામા જગેજગ શિખવ્યુ છે કે રવાનને ચાલુ બુલદ હાલત ઉપર લઇ જવાનુ છે અને તેને અષોઇના કાયદા પ્રમાણે જીદગી ગુજારી છેક અહુરમજદ નજદીક જે રવાનની અસલ જગા છે ત્યા જવા લાયક બનાવવાનુ છે

"આ પ્રમાણે આપણા રવાનને ઉચ હાલત ઉપર લઇ જવાની બુલંદ નેમથી આપણ જરથોસ્તીઓને આપણા મહાન પેગામ્બર જરથુસ્ત્ર સાહેબે અષોઇનો બુલંદ કાયદો શિખવ્યો છે

સૃષ્ટિ રચનાની આત્મિક વૃદ્ધિના કાર્યમા અર્દીબહેસ્ત અમશાસ્પંદને મદદ કરવા માટે દરેક શખ્સે "અષોઇ" પાળવાની જરૂર

"વળી આપણા રવાનને અસલ ઉચ હાલત ઉપર લઇ જવા ઉપરાત તમામ સૃષ્ટિ રચનાને ઉચ હાલતે લઈ જવાની છે, અને આ મહાન નેમ બર લાવવાને વાસ્તે તમામ વ્યવસ્થાનુ કામ અર્દીબહેસ્ત અમેશાસ્પંદને સોપવામા આવ્યુ છે અર્દીબહેસ્ત અમશાસ્પંદનો અવસ્તા શબ્દ "અષ વહીશ્ત" છે, જે 'અષ' યાને અર્દીબહેસ્ત અમશાસ્પંદ અષોઇના મૂળ કાયદા ઉપર મવકુફલ રહી વ્યવસ્થા જાળવે છે

"અર્દીબહેસ્ત અમશાસ્પંદના આ મહાન કાર્યમા હમશરીક થવાની દરેક બસ્તેકુસ્તીઆનની ફરજ છે એમ જરથોસ્તી ધર્મ શિખાડે છે એ ઉપરથી જણાય છે કે રવાનની વૃદ્ધિ કરવા માટે અષો જીંદગી ગુજારવી જોઇએ એટલુજ નહીં પણ કુળ સૃષ્ટિ રચનાની વૃદ્ધિ કરવા માટે દરેક જને અષો જીંદગી ગુજારવી જોઇએ

આપણે પોતે જો અષો જીંદગી ગુજાર્યે તો જેમ આપણા પોતાના રવાનને આગળ વધારી શકીએ છીએ, તેમ તમામ પેદાયશને આગળ વધવામા મદદ કરી શકીએ છીએ કારણ કે આવી રીતે અષોઇથી જીંદગી ગુજારનાર માનવી કુદરતમા અષોઇના કાયદાને પોષણ આપે છે અને તમામ પેદાયશને અષોઇમા આગળ વધવામા મદદ કરી એક પ્રકારની સખાવત કરી શકે છે, જે સખાવતથી તે અષોઇથી જીંદગી ગુજારનાર ખરૂ સુખ અને મિનોઈ ખુશાલી મેળવી શકે છે કારણકે તે શખ્સ '**સૌથી સરસ અશોઇને વાસ્તે અષો છે.**'

"'ઉશ્તા-અહ્માઈ યત્ અષાઈ વહિસ્તાઈ અષેમ્' યાને અષોઇનો મહાન કાયદો જળવાઇ રહે એવી બુલંદ મતલબથી જે કોઇ અષોઇની અમલ્યાતી જીંદગી ગુજારે છે, તેને ખરેખર મિનોઇ સુખ મળે છે કે

જે સુખની સાથે કોઇબી જાતના દુન્યવી સુખ કે ખુશાલીની સરખામણી થઇ શકતી નથી"

કુદરત સાથે રવાનને એક રાગ બનાવી બુલંદ સુખ મેળવી આપનાર "અષોઇ"

આ ઉપરથી આપણે યાદ રાખીશું કે આ જગતની અંદર રાજપાટ, ધનદોલત, માલખજાનો, બાળબચ્ચા વીગેરે કોઇબી ચીજની અંદર ખરું સુખ કે કાયમની ખુશાલી સમાયલી નથી અમર્ગ સુખ અને મિનોઇ ખુશાલી તો જે શખ્સ કુદરત સાથની એકસપી હાલત ગુજારે છે—કુદરત અને તેનુ રવાન એક રાગ થઇને રહે છે, આ જહાનમા જીંદગી ગુજારતી વખતે કુદરતના કાયદાઓનો સહેજબી અનાદર કર્યા વગર કુદરત સાથે રવાનને હમસાજ કરે છે તેનેજ મળી શકે છે, અને આવી રીતે કુદરત સાથે એકતાન થવા માટે આપણા મહાન પેગમ્બર અષો જરથુસ્ત્ર સાહેબ અશોઇનો મહાન કાયદો શિખાડી ગયા છે

મિનોઇ આલમની વ્યવસ્થાના તમામ કાયદા તથા શરીર, મન અને રવાનને કુદરતની લાઇનમા રાખવાના તમામ કાયદાનો જુમલો "અષોઇ"

સામટી રીતે જો બોલ્યે તો જે કુદરતના કાયદાઓ સૃષ્ટિ રચના પેદા થતી વખતે દાદર હોરમજદ મુકરર કરીને અર્દીબહેસ્ત અમશાસ્પંદના હાથમા સોપે છે, અને જે કાયદાઓ મુજબ મહાન સૃષ્ટિ રચનાની દરેકે દરેક ક્રિયાઓ નિયમીત રીતે તથા અચુક રીતે ચાલુ રહી છે, તે તમામ કાયદાઓ જે મિનોઇ વ્યવસ્થાને લગતા છે, તે કાયદાઓ ને "અષ" ના કાયદા તરીકે પિછાનવામા આવ્યા છે અને આ ખાકી દુન્યા ઉપરથી રવાનને આગળ વધારવાને માટે એજ મિનોઇ વ્યવસ્થાના કાયદાઓને આબેહુબ મળતા આવતા તથા તદન સમાંતર રીતે કાર્ય કરતા જે બધા જીંદગી ગુજારવાના ખાસ કાયદાઓ અષો જરથુશ્ત્ર સાહેબે જરથોસ્તી દીનમા સમજાવેલા છે અને જે કાયદાઓથી રવાન આ શરીરની હાલતને તેજસ્વી બનાવી, મનને ઘણુંજ ખુશાલ બનાવી ખુદ રવાનની પોતીકી હાલત સૌથી સરસ મરતબાની બનાવીને આગળ વધનાર છે, તે બધા કાયદાઓ અષોઇના કાયદા તરીકે ઓળખાય છે

અષોઇથીજ દાદાર હોરમજદની પિછાન થશે એમ બતાવનાર હોશબામનો દરેક જરથોસ્તીએ યાદ રાખવા જોગ ફકરો

અષોઇનો ભાવાર્થ આટલો બધો મહોળો હોવાથી હોશબામમા દાદાર હોરમજદની દોસ્તી કરવા તેવણુની નજદીક જવા તથા તેવણુના દર્શન કરવા માટે ફકત અષોઇનીજ જરૂર છે, એમ શિખવવામા આવ્યુ છે

"યથ નો આઓંઘહાંમ્ પાતો મનાઓ, વહિશ્તો ઉર્‌વાંનો, ખાથ્રવઇતીશ તન્વો હેન્તો વહિશ્તો અ ઘહુશ; આકાઓસચોઇત્ આહૂઇરે મજદ્ જસેન્તાંમ્.

અષ વહિશ્ત, અષ સ્રએશ્ત, દરેસામ થ્વા, પઇરિ થ્વા જમ્યામ્, હમેમ્ થ્વા હખ્મ.

"જેથી કરીને અમારા મન મિનોઇ ખુશાલી ભરેલા, રવાન સૌથી સરસ, શરીર ઝળકાટમદ થઇને સૌથી સરસ બહેસ્તની હાલત વિષે વાકેફગાર થઇને અએ અહુરા મજદા તારી નજદીક અમો બધા આવવા લાયક થઇશુ સૌથી સરસ અષોઇની મારફતે, સૌથી શ્રેષ્ટ અષોઇની મારફતે તુને અમો જોઇએ, તારી નજદીક આવીએ અને તારી હમેશની દોસ્તીને પહોચીએ"

હોશબામના આ ફકરા ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે શરીરને ઝળકાટમદ યાને તુરમદ બનાવવાને માટે અષોઇનો કાયદો એક અગત્યનો ભાગ ભજવે છે, અને શરીરની ચોકસ મરતબાની અષોઇ જાળવ્યા વગર શરીર "ખાથ્ર" ભરેલા યાને તુરમદ થઇ શકતા નથી અને જો શરીર તુરમદ થાય નહિ તો આત્મિક વૃદ્ધિ થઇ શકે નહી, આ જરથોસ્તી ધર્મનો અચુક નિયમ છે

શરીરને રવાનની વૃદ્ધિના એક ખાસ હથીઆર તરીકે વાપરવાનુ છે, ને જેમ હથીઆર તેજસ્વી અને ચાલાક હોય તેમ તે પોતાનુ કાર્ય લાયક રીતે કરી શકે છે શરીરને આત્મિક વૃદ્ધિ કરતી વખતે નકામુ ગણીને તે તરફ બેદરકાર બનવુ એ જરથોસ્તી ધર્મનો નિયમ નથી

શરીરની મારફતે રવાનની વૃદ્ધિ—એવો જરથોસ્તી ધર્મનો નિયમ

શરીરની મારફતે રવાનની વૃદ્ધિ કેમ થાય આ ઘણો અજબ જેવો સવાલ સમજવા માટે માનવીની–બધારણ રચના સમજવી જરૂરની છે, અને ત્યાર પછી તનની અષોઇ તે શુ અને તનની અષોઇની મારફતેજ રવાનની વૃદ્ધિ કરવાની આ જીંદગીની નેમ કેમ પાર પાડી શકાય તે સમજી શકાશે

યજશ્નેના ૫૫ મા હામા આપણે ભણ્યે છીએ કે —

યજશ્નેના ૫૫ મા હા મુજબ માનવીની બંધારણ રચનાના નવ વિભાગ

"**વીસ્પાઓ ગએશઓ તનુવસ્ચ, અજદ્દબીસ્ચ, ઉશ્તાનસ્ચ, કહેર્પસ્ચ, તેવીષીમ્ચ, બઓદસ્ચ, ઉર્વાનેમ્ચ, ફ્રવષીમ્ચ પઇરીચ દદેમહી.**"

તનુ યાને ખાકી શરીર, ગએથા યાને અંદરના અવયવો, અજદ યાને શરીરને સજીવન શક્તિ પહોંચાડનાર પ્રવાહી તત્વ, ઉશ્તાન યાને સજીવન શક્તિ, કહેર્પ યાને અણદીઠ સુક્ષ્મ શરીર, તેવીષી યાને ઇચ્છા-વાસના, ઉરવાન યાને આત્મા, બઓદઘ્ન યાને બુદ્ધિ યાને મિનોઇ જ્ઞાનનો જોશ તથા ફ્રવષી આ બધુ (ઓ હોરમજદ) તુને અર્પણ કરીએ છીએ"

આ ફકરા ઉપરથી માનવીની બંધારણ રચનાના નવ ભાગો હમેશા ધ્યાનમા રાખવા જોઇએ, જેમાના પહેલા ત્રણ તનુ, ગએથા અને અજદ, સ્થુળ યાને ખાકી કે જે દેખીતા છે, બીજા ત્રણ કહેર્પ, ઉસ્તાન, તેવીષી-સુક્ષ્મ છે, જે અણદીઠ છે, અને આ ૭ વિભાગો કાયમ રહેતા નથી, પણ ફેરફારને આધીન રહે છે, જ્યારે બાકીના ત્રણ ઉરવાન બઓદઘ્ન અને ફ્રવષી અણદીઠ અને હમેશના કાયમ છે

યજશ્નેના ૫૫ મા હા મુજબ રવાનનો ખોરાક તથા વસ્ત્ર અવસ્તા માથ્ર અને તેને પાચન કરનાર અણદીઠ કહેર્પ છે

રવાનની વૃદ્ધિ કરવાને વાસ્તે પહેલા ૭ વિભાગો હથીઆર સમાન છે વળી રવાનની વૃદ્ધિ કરવાને વાસ્તે જરથોસ્તી દીન પ્રમાણે અવસ્તા માથ્રના 'વાઇબ્રેશન'ની અસરો રવાનને ખોરાક તથા વસ્ત્ર તરીકે ઉપયોગી થઇ પડે છે એમ પણ એજ યજશ્નેના ૫૫ મા હામા જણાવેલુ છે —

"**યાઓ નો હેન્તી ગાથાઓ હરેથ્રવઇતીશ્ચ પાથ્રવઇતીશ્ચ મઇન્યુશ-ખરેથાઓસ્ચ યાઓ નો હેન્તી ઉરૂને વયમ્ ખરેથેમ્ચ વસ્ત્રેમ્ચ.**"

"જે ગાથા યાને ઉચ્ચ મરતબાના માથ્ર રક્ષણ કરનારા, બચાવ કરનારા તથા અમારે માટે મિનોઇ ખોરાક જેવા છે, જે ગાથા અમારા રવાનને માટે ખોરાક તથા વસ્ત્ર બેઉ છે"

આવી રીતે માથ્રને રવાનના લાયક ખોરાક તરીકે કાર્યસાધક બનાવનાર સાધન તે અણદીઠ **કહેર્પ** છે કારણકે કેહર્પ અંદગી

કરતી વખતની તમામ અવસ્તા માથ્રની ધ્વનીની અસરોને પોતાની અદર ખેચી શકે છે આ અસરોને પુર બહારમા ખેચી રાખવાને કેહર્પની શક્તિનો આધાર **કેહર્પની પાકીજગી** ઉપર રહે છે

"અષોઈ" સાથે કહેર્પ નો સબધ અને તેની અગત્યતા સમજવા માટે એક સરખામણી

"જે પ્રમાણે એક ફોટોગ્રાફની સેનસીટીવ પ્લેટ વણી સરસ હોય છે તો તેની ઉપર ફોટોનો પડછાયો લાયક રીતે પડી શકે છે, તેજ પ્રમાણે કેહર્પ જેટલા મરતબામા સુક્ષ્મ અને સ્વચ્છ હોય છે તેટલા મરતબામા તે અવસ્તાની ધ્વનીની અસરોને પકડી શકે છે અને રવાનને તે અસરો પહોચાડી શકે છે" હવે કેહર્પની પાકીજગી અને સુક્ષ્મતાનો આધાર **ખોરેહની જાળવણી** ઉપર છે તેટલા માટે ખોરેહ કાય જાળવવુ જોઇએ તે ધ્યાનમા લેવાની જરૂર છે જરથોશ્તી દીનની અશોઇની તમામ તરીકતો અને કાયદાઓ ખાસ કરી ખોરેહની સ્વચ્છતા જાળવવાને ખાતરજ આપવામા આવેલા છે, આ નિયમ આ નિબધની અદર ખાસ નોધવા લાયક અને યાદ રાખવા લાયક છે

ખોરેહનો અર્થ તથા ખોરેહ, કેહર્પ અને સ્થુળ શરીર વચ્ચે નીકટ સબધ

આખી વદીદાદની અદર તમામ અષોઇને લગતા કાયદાઓ **ખોરેહ જાળવવાને** ખાતરજ આપવામા આવ્યા છે આ ખાકી શરીર યાને તનુ અને સુક્ષ્મ અણદીઠ શરીર યાને કેહર્પ આ એની વચ્ચે જે પ્રવાહ સબધ રાખે છે તે ખોરેહ છે શરીરના અનુઓની અદરથી જે બારીક પ્રવાહ નીકળે છે તે ખોરેહ છે, અને દરેક ચીજનુ ખોરેહ યાને 'મેગ્નેટીઝમ' છે, એમ હાલની 'સાયન્સ' પણ કહે છે

"દરૂજ" એટલે ખોરેહ ને નુકસાન કરી કાપી નાખનાર પ્રવાહ

ખોરેહને સ્વચ્છ હાલતમા રાખવાને વાસ્તે અષોઇના પ્રવાહની જરૂર છે, અને આ અષોઇનો પ્રવાહ અષોઇની તરીકતથી જીદગી ગુજાર્યાથી ઉત્પન્ન થાય છે ખોરેહને નુકસાન કરનારો પ્રવાહ **દરૂજીને** નામે ઓળખાય છે, અને દરૂજીનો પ્રવાહ અષોઇના કાયદા મુજબ ચાલવાના અખાડા કર્યાથી તેમજ અષોઇના કાયદાથી ઉલટી રીતે ચાલવાથી ઉત્પન્ન થાય છે 'દરૂજી' શબ્દ 'દ્રુ' એટલે **નાસી જવુ** ઉપરથી "અષોઇ" ના કાયદાથી વેગળા અથવા દૂર જવાની રીતભાત "દરૂજી"

તરીકે ઓળખાય છે એટલા માટે અષોઇના નિયમથી નહિ ચાલવુ અથવા તો અષોઇના નિયમથી ઉલટી રીતે ચાલવુ—આ બેઉ "દરૂજી" ની અંદર આવી જાય છે

જરથોસ્તી દીનમા આપણી જીંદગીની હાજતો પુરી પાડતી વખતે જાણુઅજાણુ જે દરૂજી યાને ખોરેહને નુકસાન કરનારા પ્રવાહો ઉભા થાય છે તે પ્રવાહોને અટકાવવાની તેમજ કાપી નાખવાની અને તેને અષોઇમા ફેરવી નાખવાની જરૂર છે ગાથામા તેમજ બીજા અવસ્તામા દરૂજીને અષોઇમા ફેરવી નાખવાના નિયમ બાબેના ફકરાઓ મલે છે

"કથા અષાઈ દ્રુજેમ્ દ્યાંમ્ જસ્તયો."

"દરૂજને અષોઇના બેઉ હાથમા કેવી રીતે સોપી દેવુ?" એવો સવાલ હા ૪૪ ફ઼ ૧૪ મા પુછવામા આવે છે

એજ પ્રમાણે અહુનવદ ગાથા હા ૩૦, ફ઼ ૮ મા જણાવવામા આવ્યુ છે કે —

"અએઇબ્યો સસ્તે અહુરા યોઇ અષાઈ દદેન્ જસ્તયો દ્રુજેમ્."

"જેઓ દરૂજીને અષોઇના બેઉ હાથમા આપી દે છે તેઓને હોરમજદ શિક્ષણ આપે છે"

તનની અષોઇ.

તનની અષોઇ જાળવવાની ખાસ જરૂર કાય તેનુ મૂળ કારણ–તન, ખોરેહ અને રવાન વચ્ચેનો અતલગનો સબધ, ઉચ પ્રકારની તનદુરસ્તીથીજ રવાનદુરસ્તી મળવાનો નિયમ

હવે ખોરેહની સ્વચ્છતા અને પવિત્રાઇ યાને ટુકમા કહીએ તો ખોરેહની અષોઇનો મુખ્ય આધાર **તનની અષોઇ** ઉપર રહેલો છે તનની અદરથી ચાલુ જે પ્રવાહ નીકળે છે તે ખોરેહ છે તો પછી મૂળ અને પરિણામને કાયદે તન જે ખોરેહનુ મૂળ છે તે તેની સૌથી સરસ હાલતમા યાને અષો હોયા વગર તેમાથી નીકળતો ખોરેહનો પ્રવાહ વણોજ સરસ એટલે ઘણોજ ઝળકાટમદ કે પવિત્ર હોઇ શકે નહિ ખોરેહ અને કેહર્પની મારફતે ઉરવાનની વૃદ્ધિ કરવા માટે 'તનુ' યાને શરીર આટલુ બધુ અગત્યનુ સાધન હોવાથીજ જરથોશ્તી ધર્મમા તનની જાળવણી તથા તનની દરૂસ્તી માટે ખાસ ફરમાન આપ્યુ છે દરેક બદગીમા તન–દરૂસ્તી

ભણુવાનુ ફરમાન આપવામા આવ્યુ છે અને તે ઉપરાત "તન્વો દ્રવ તાતેમ્" યાને તનની મજબુતી અને દુરસ્તી તથા શ્રેષ્ઠ હાલત માટેના શબ્દો ઘણા ભણતરોમા આવે છે આની મતલબ કાઇ શરીરને પ પાળી-ને દુન્યવી સુખ તથા શારીરીક મોજમજાહો ને વૈભવ કરવા માટે નથી, પણ ઉરવાન શરીરની મારફતેજ વધી શકે છે, આ મૂળ નિયમને આધારે તનની દુરસ્તીના ફરમાનો આપવામા આવ્યા છે

શરીરની પાકીજગી અને દુરસ્ત હાલત વગર મન તથા વિચારો પણ સ્વચ્છ હાલતમા રહી શકે નહિ અને અ ત કરણનો અવાજ પણ કદી કાર્ય કરી શકે નહિ, કારણકે શરીર, મન અને રવાન એકમેક સાથે કાઇ વિચિત્ર પ્રકારનો અતલગનો સબધ ધરાવે છે ને એકની અસર બીજા ઉપર તરત થાય છે

શરીરની ખોડખામી વાળાઓને ક્રિયાકામ કરવા માટે અવસ્તા મુજબ લાયકાત નથી આપી તેનુ કારણ—કુદરતી અષોઇના પ્રવાહોની કોહતાઇ

તનની દુરસ્ત હાલત ઉપર રવાનના બાબમા કાય ભાર મૂકયો છે, તે બાબદ સમજવા માટે એકજ ઇશારો પુરતો છે, તે એ કે શરીરની કાઇબી ખોડખાપણુ હોય યા કોઇપણ પ્રકારનો ચાલુ રોગ હોય તો તેવા શરીર ધરાવનારથી **કોઈપણ ક્રિયાકામ** થઇ શકે નહિ, અને તે શખ્સ આથ્રવન થવા માટે નાલાયક ઠરે છે કારણકે આથ્રવન તરીકેની ફરજો બજાવવાને માટે જે અષોઇના પ્રવાહો કુદરત તરફથી ખેચવા જોઇએ તે પ્રવાહો આવી રીતના ખોડખાપણવાળા શરીરના શખ્સો ખેચી શકતા નથી આધળા, મુગા, કાણા, ખુધ–વાળા, લુલા, લગડા યા શરીરનો કોઇ પણ ભાગ કાપી નાખેલા યા કોહર જેવા ચેપી રોગની અસર થયલા યા શરીરની અદર લોહી, પરૂ, રસી વગેરે બહારથી આમેજ કીધેલા વગેરેને કોઇબી નાના કે મોટા ક્રિયાકામ કરવામાથી બાકાત રાખવામા આવ્યા છે કારણકે લેટીન-મા જે કહેવત "Mens sana in corpore sano" યાને "Sound mind in a sound body" "તન–દુરસ્ત તોજ મન દુરસ્ત" કહેવા-મા આવ્યુ છે, તે જરથોસ્તી ધર્મમા પુષ્કળ સારીકીથી તન–દુરસ્તીના સબધમા લાગુ પાડી શકાય છે આપણી "અહ્માઇ રએશ્ચની" જાણીતી બદગી જે એક સરસ દુઆ છે તેમા પણ 'તનની મજબૂટી' અને 'તનનુ સુખ' માગવામા આવે છે.

જરથોશતી ફરમાનો મુજબ તનની-દુરસ્તી અને તનની અષોઈ જાળવવા માટે નીચલા કાનુનો જરૂરના છે :—

તનના પવિત્રાઇ જાળવવા માટે સાધારણ **સફાઇ સુઘડાઇના** નિયમો, તથા અણદીઠ સ્વચ્છતાઇના કાનુનોનો જુમલો

(ક) તનની પાકીજગી જાળવવી યાને કોઇપણ જાતની આલુદગી તેને લાગવા દેવી નહિ

(ખ) અજીહવટારની પહરેજગારી પાળવી

(ગ) પોષાકની સ્વચ્છતા અને સાદાઈ જાળવવી

(ઘ) ખોરાકની સ્વચ્છતા જાળવવી

(ઙ) દારૂ, બીડી જેવા વ્યસનોથી પહરેજ રહેવુ

(ચ) ઘરબાર અને રાચરચીલા વિગેરે સ્વચ્છ અને સુઘડ રાખવા

(છ) ચાર મૂળતત્વો—પાણી, હવા, જમીન અને આતશની પવિત્રાઇ જાળવવી

(જ) દરૂજે-નસુશ તથા બીજી દરૂજીઓથી પહરેજ રહેવુ

કામનો શારીરીક બાવા નબળો પડવાનુ એકજ કારણુ--અષોઇના નિયમ ઉપર કોમના આંખવિચામણા

આ સઘળા સુખાકારી અને સફાઈ-સુઘડાઇના નિયમો અષોઇની તરીકતમા સમાયલા છે અને આ નિયમો યકીનદારીથી પાળીને ધર્મ તરફ પુર ભક્તિભાવ ધરાવનાર પારસી ટોળો સફાઈ-સુઘડાઈ માટે જાણીતો થયો હતો અને સારી તદરોસ્તી જાળવતો રહ્યો હતો પણ કમનસીબે આપણી કોમ છેલ્લા ૫૦ વર્ષ થયા પહેલવાનના જેવુ તન ધરાવવાની અને એક વખત દુન્યાના મોટા ભાગ ઉપર રાજ કરતી 'કયાની પ્રજા'ના લોહીને લાયક ત્રાબાની દેહ ધરાવવાની ઉલટ, હોસ અને મગરૂરી ત્યાગ કરતી ચાલી છે, તેનુ મુખ્ય કારણ એજ છે કે જરથોશ્તી ધર્મે શિખાડેલા અષોઇના 'સાયનટીફીક' ફરમાનો તથા અષોઇની ઉમદા તરીકતો આપણે છોડતા ચાલ્યા છીએ અને તેથી એ ઉમદા તરીકતોની ખૂબીઓ બાબેની આપણી સમજ પણ ઓછી થતી ચાલી છે માટે જયારે આપણે અષોઇની દરેકે દરેક તરીકતની તથા ફરમાનની ઉમદા ખુબીઓ બરોબર સમજતા થઇશુ ત્યારેજ આ બુલદ ફરમાનો અને તરીકતોનો અનાદર કરવાથી કેવી જોખમદારી ઉભી થાય છે તે આપણુને રોશન થશે

તનની-દરૂસ્તી જાળવવા માટે સૌથી પહેલો કાનુન——**તનની પાકીજગી જાળવવી**——તે કેવી રીતે?

શરીરની સફાઇ માટે દરરોજ નાહવાની જરૂર

તનદરૂસ્તી જાળવવા માટે દરેક માનવીએ દરરોજ નાહવુ જોઇએ એ તો જાણીતી વાત છે નાહનાથી ચામડી ઉપર રહેલો મેલ, ધૂળ વીગેરે શરીરમા દાખલ ન થતા સાફ થઇ જાય છે, અને એ રીતે ચામડીના છીંદ્રો ખુલ્લા થઇ જઈ પરસેવાની ક્રિયામા સરળતા થાય છે, જેવી સરળતાની ગેરહાજરીમા પરસેવા વાટે શરીરમાથી બહાર નીકળવા જોઇતા રદી પદાર્થો લોહીમા રહી જાય છે, જેથી લોહી બગડે છે અને અનેક જાતના દુખ-દર્દો ઉત્પન્ન થાય છે

ડૉ૦ શેવેસ કહે છે કે — I consider thorough ablution of the body every morning one of the most important means of health"

નાહવાની બાજથી ખોરેહની પવિત્રાઇમા મળતી મદદ

એટલે "દરરોજ સહવારે બરોબર રીતે નાહવાની ક્રિયા તદરૂસ્તીને માટે એક અગત્યનુ સાધન છે" આ બિનાને સઘળા તબીબો ટેકો આપે છે અને તે આપણી સાધારણ અકકલથી કબૂલ કરે છે પણ આપણા પવિત્ર જરથોસ્તી મજહબમા નાહતી વખતે શરીર ઉપરથી નીકળતી અસ્વચ્છતામા રહેલા અણદીઠ જતુઓના ખરાબ પ્રવાહો આપણા ખોરેહને કોઇ રીતે નુકસાન નહિ કરી શકે તથા નાહતી વખતે આપણા વિચારો ભલાઇ તરફજ ખેચાયલા રહે એવી મતલબથી તનની પવિત્રાઇ તથા ખોરેહની અષોઈ બનેનો સામટો ખ્યાલ ધ્યાનમા લઇને નાહતી વખતે નાહવાની બાજ ધરવાની ખાસ તરીકત આપવામા આવી છે આ બાજના કલામની અસરથી અણદીઠ રીતે ખોરેહનો બચાવ થાય છે અને મન નુકસાનકારક ખરાબ વિચારો તરફ દોરવાતુ અટકે છે

નાહતી વખતે જરથોસ્તી અષોઇના નિયમ મુજબ 'ગોમેજ" વાપરવાનુ ફરમાન, અને અણદીઠ જતુઓ સામે ઘણીએક બાબદમા ગોમેજ તરફથી મળતો બચાવ

વળી શરીર ઉપર પાણી નાખ્યા આગમજ તથા બાજ પઢવા પછી આખે દીલે ગોમેજ લગાડવાનુ ખાસ ફરમાન નાહવાની તરીકતમા આપવામા આવ્યુ છે

ગોમેજની સાયનટીફીક ખૂબી:—

ગોમેજની અદર રહેલા વીજળીક પ્રવાહમા Microbs, bacteria વિગેરે તરેહવાર જાતના ઘણાજ બારીક તથા અણદીઠ જતુઓથી ઉત્પન્ન થતી ખરાબ અસરો તોડી નાખવાની યાને અનેક જાતના દુખ-દર્દો ઉત્પન્ન કરનાર ગલીચીને સાફ કરવાનો અદભુત શકિત સમાએલી છે

તેથીજ -આપણુ તન, વસ્ત્ર તથા આપણા વપરાસમા આવતી કોઇ-પણ ચીજ જો કાઇક સજોગોથી કોઇપણ જાતની ગલીચીના સમાગમમા આવી જાય તો તે ગલીચીના રોગજનક બીજોનો ગૌમેજથી સમુળો નાશ કરી, તેને પાણીથી ધોઇ તદન સ્વચ્છ બનાવ્યા પછીજ તેમનો ઉપયોગ મા લેવા એમ જરથોસ્તી ધર્મમા ખાસ તાકીદ આપવામા આવી છે, તે બતાવે છે કે ગૌમેજ યાને ગોસ્પદનો નીરગ રોગજનક જતુઓને 'મારવાની એક ઉત્તમમા ઉત્તમ 'Antiseptic' દવા છે

ગતના ઉઘમા આપણા શરીર ઉપર જે સુક્ષ્મ અણુદીઠ જતુઓ ફરી વળેલા હોય છે, તેમને નીમૂળ કરી નાખવાને વાસ્તે સહવારે ઉઠતાને વાર શરીરના ઉઘાડા ભાગો ઉપર નીરગ લગાડવાનો જરથોસ્તી રિવાજ કેવો ઉમદા છે તે હવે આપણને બરાબર સમજ પડે છે

વળી એક મુવેલુ શરીર જેમા કોહવાની ક્રિયા શરૂ થવાથી તે રોગીષ્ટ જતુઓથી ભરપુર બને છે, તે શરીરને ગૌમેજથીજ પાક કરવુ, તથા તેવા શરીરને અડકનારાઓએ ગૌમેજથી પોતાના બદન પવિત્ર કરવા, (વદીદાદ પરગર્દ ૧૯, ફ ૨૦, ૨૨,—પગ્ગર્દ ૮, ફ ૩૬, ૩૯,—પરગર્દ ૯, ફ ૩૩, ૩૫) તેમજ મુવેલાની લાશના સમાગમમા આવેલા વાસણો (જેઓને પણ તે લાશ ઉપર રહેલા જતુઓની ગલીચી લાગવાનો સભવ રહે છે, તેઓને) નીરગ (ગૌમેજ) લગાડી સાફ કરવા (વદીદાદ ૭, ફ ૭૪–૭૫) તથા લાશના અગત સમાગમમા આવનાર ખાધ્યા, નસેસાલારોએ નીરગ લગાડી નાહવુ (વદીદાદ ૮, ફ ૧૧–૧૩) વીગેરે, વીગેરે, વદીદાદમા આપેલા અષોઇના ફરમાનો નાશકારક જતુઓ જેઓ સર્વ દુખના કારણો છે, તેઓનો ફેલાવો થતો અટકાવવાના તથા તેવા જતુઓના દુખ–દદના ભાગ થઇ પડતા બચવાના ઉમદા 'સાયનટી-ફીક' ફરમાનો છે

તબીબી વિદ્યા પ્રમાણે ગોમેજમા Antiseptic અસર

હાલની તબીબી વિદ્યા પણ ગોસ્પદોના નીરગમા Powerful 'Antiseptic' અને 'Disinfectant' એમીડો સમાયલી છે એમ જણાવે છે —

"Carbolic acid is present in the urine of cow & some other animals"

(Chambers's Encyclopaedia)

"Carbolic acid Is faund in the urine of cow & some other animals"

(Dr. Magmott Tidy)

"ગાય, બળદના નીરગમા 'કારબોલીક' એસીડ આવે છે અને એ એસીડ સઘળી જાતની ગલીચીને સાફ કરવા કામ લાગે છે"

(ડા૦ ખ ફ ખોરી)

એ પ્રમાણે ઘણાએક તબીબોએ અસ્વચ્છતા અને ચેપ સાફ કરનાર 'કાર્બોલીક એસીડ' તથા એવીજ બીજી એસીડો ગૌમેજમા સમાયલી છે એવી શોધ કરી છે અને ખુદા કરશે તો તેઓ એ બાબદમા વધુ આગળ વધી જરથોસ્તી ધર્મમા જણાવ્યા પ્રમાણે 'એન્ટીસેપટીક' દવા તરીકેની તેની ખુબી પિછાણી તેનો ઉપયોગ ચાલુ કરશે

ગુજર પામેલા શરીર ઉપર પાણી નહિ પણ ગૌમેજ લગાડવાની જરૂર કાય

જતુવાળી યા અસ્વચ્છ ચીજને ગૌમેજ લગાડયા આગમજ પાણી લગાડવુ નહિ

પાણીથી ડરીને ગલીચી (નસો) કોહે છે અને તેથી જતુઓ નિર્મૂળ થવાને બદલે સામા પ્રબળ થાય છે, એટલા માટેજ ગુજરેલાની લાશને પાણીથી નહિ પણ ગૌમેજથીજ પાક કરવાને ખાસ ફરમાન આપવામા આવ્યુ છે, અને આ ફરમાનની ખૂબીથી અજાન રહેલા આજકાલના કેટલાક કેળવણી પામેલા સાહેબો ગૌમેજના નામથી સુગાય છે અને તેને બદલે સુગધી પદાર્થથી લાશને નહવાડી જતુઓનુ આપણા ધાર્મિક શબ્દોમા બોલીએ તો 'દરૂજે-નસુશ'નુ જોર કેટલી હદે વધારી મૂકે છે, તે બાબે એક ખરો બનેલો બનાવ ટાકીશુ —

એક વેળા એક જરથોસ્તી ગૃહસ્થને ત્યા મરણ થયુ તે ગૃહસ્થે તે લાશને ગૌમેજથી પાક નહિ કરાવતા ગોલાબ-જળથી પાક કરાવી પરિણામમા થોડાજ વખતની અદર પેલી લાશ ઉપર કીડીઓ ફકડી ગઇ, અને આ રીતે લાશની આગળ કીડીઓ જેવા ખર્ફસ્તરો ઉભાઇ જતા જોઇ, ત્યા હાજર રહેલા સઘળા લોકો કમકમવા લાગ્યા

"અષોઇ" નો કાયદો એટલે કુદરતનો કાયદો

આ દાખલો બતાવે છે કે ધર્મજ્ઞાનની ગેરહાજરીને લીધે ધાર્મિક ફરમાનોનો અનાદર કરવાથી કુદરતના કાયદાઓનુ ઉલઘન થાય છે અને તેના પરિણામમા જતુઓનુ જોર વધી જઇ અનેક દુખ-દર્દોની ઉત્પતિ થાય છે **આપણે આટલા શબ્દો જીગરના ઉડાણમાં કોતરી રાખવા જોઇએ કે જરથોસ્તી ફરમાનો, જરથોસ્તી રિવાજો અને અષોઇની તરીકતો કુદરતના કાયદા ઉપરજ રચાયલાં છે અને અષોઇનો કાયદો તે કુદરતના કાયદાનુ બીજુ નામ છે.**

"પાદિઆબ" — તનની પાકીજગી જાળવવા માટે જેમ તરીકતથી નાહવાનુ જેટલુ અવશ્યનુ છે, તેમ **"પાદિઆબ"** ની કદીમ જરથોસ્તી તરીકત પણ ખાસ જરૂરની છે

'પાદિઆબ" એ અવસ્તાનો "પઇત્યાપ" ('પઇતિ') અને 'આપ' શબ્દ છે, જેનો અર્થ "શરીરના ઉઘાડા ભાગો ઉપર પાણી નાખી તેઓને સાફ કરવા" એમ થાય છે પાદિઆબની ક્રિયાની મૂળ મતલબ શરીરની સ્વચ્છતા જાળવવાની છે શરીરના ઉઘાડા ભાગો ઉપર હવામા તથા ધળમા તેમજ બીજી વસ્તુઓ ઉપર રહેલા સુક્ષ્મ જતુઓ (Microbes, Bacteria) વળગેલા રહે છે તેઓને પાદિઆબ કર્યાથી શરીરના ભાગો સ્વચ્છ બનાવી, રોગીષ્ટ જતુઓના બીજોને આપણા શરીરથી દૂર કરવા ઉપરાત બીજાઓમા તેમને ફેલાતા અટકાવી શકાય છે

"પાદિઆબ" ની એ છામા ઓછી કેટલી વખત જરૂર છે? — જરથોસ્તી તરીકત મુજબ પાદિઆબ કરતા કોણી સૂધીના હાથો, મોઢુ અને પગો બરાબર રીતે સાફ કરવામા આવે છે પાદિઆબ–કુસ્તી મુખ્ય કરીને નીચલા ચાર પ્રસગોએ કરવાનો આપણા વડીલોનો શુભ રિવાજ છે —

(ક) જરથોસ્તી ક્રિયા આગમજ

(ખ) બદગી કરવા પહેલા, તથા દરેક ગેહ બદલાયા પછી

(ગ) ખાણુ ખાવા પહેલા

(ઘ) હાજતે જઇ આવ્યા પછી

(ક) જરથોશતી ક્રિયા આગમજ પાદિઆબ–કુસ્તી.

કોઇપણ જરથોશતી ક્રિયામા ભાગ લેવા આગમજ આપણા શરીરને પાદિઆબ કરી સ્વચ્છ કરવામા આવે છે, જેથી તે ક્રિયાને કાર્યસાધક બનાવનાર પવિત્ર આતશના નુરી કેબલાને તથા પવિત્ર આલાતોને કોઇ જાતની આપણા શરીર ઉપર લાગેલી દરૂજી (જતુઓ) લાગવાનો સભવ રહે નહિ કારણકે જેટલા પ્રમાણમા ક્રિયા કરનાર તથા ક્રિયામા ભાગ લેનાર અશોઇ જાળવે છે અને ક્રિયામા વપરાતી ચીજો પવિત્ર હોય છે તેટલા પ્રમાણમા તે ક્રિયાની અસર ઉચ બને છે

(ખ) ખાનુ ખાવા આગમજ પાદિઆબ-કુસ્તી.

ખાનુ ખાવા આગમજ પાદિઆબની તરીકત તદરોસ્તીને ખાસ લાભકારક છે, કારણકે ખાવા પહેલા જો હાથ મોઢુ ધોવામા ન આવે તો તે પર વળગેલા જતુઓ ખાવાની વસ્તુઓ સાથે પેટમા જઇ દુખ-દર્દોની ઉત્પતિ કરે છે હાલમા 'નહિ જણાયલા દુખો પેદા થાય છે અને લોકોને હેરાન કરે છે' એવા દયાજનક પોકારો સઘળી તરફથી સાભળવામા આવે છે, પણ આપણને દલગીરી સાથે જણાવવુ પડે છે કે જતુઓને દૂર કરવાની દેખીતી નજીવી લાગતી પણ બાતેનમા ઘણી ફીલસુફીભરી અષોઇની ઉમદા તરીકતો તરફ બેદરકાર થવાના આ સઘળા પરિણામો છે

(ગ) બદગી કરવા આગમજ પાદિઆબ-કુસ્તી.

બદગી કરવા આગમજ પાદિઆબ કરવાની તરીકતમા પણ પહેલે તનને સ્વચ્છ કરવાની મતલબ છે અને તન સાફ કરવા પછી મન પણ સ્વચ્છ અને તેજસ્વી બનાવવાને માટે પાદિઆબની ક્રિયા એક પ્રકારની નિશાની તરીકે ભાન આપે છે

(ઘ) હાજતે જઇ આવ્યા પછી પાદિઆબ-કુસ્તી.

હાજતે જઈ આવ્યા પછી પાદિઆબ કરવાની જરથોસ્તી તરીકત તો ખચ્ચીત આપણી તનદરૂસ્તી જાળવવામા એક અગત્યનુ કાર્ય બજાવે છે કારણ એ પ્રસગે આપણા શરીરના ખુલ્લા ભાગોને બેમાલુમ જતુઓ અને અસ્વચ્છતા લાગવાનો ઘણોજ સભવ છે, તો તેવા જતુઓને પાદિઆબ કરી દૂર કરવા અને બીજાઓમા ફેલાતા અટકાવવા એ એક ઘણોજ સફાઇ-સુઘડાઇનો કાનુન છે

ઉપર જણાવેલા દરેક પ્રસગે 'પાદિઆબ' કરી શરીરને સ્વચ્છ બનાવવાની સાથે **કુસ્તી કરી,** મનને પણ ચાલુ સ્વચ્છ અને ભલા વિચારોમા રોકેલુ રાખવાનુ તથા કરેલા ગુનાહોનો પશ્ચાતાપ કરી તે ફરી ન કરવા બાબેની ચોપ રાખવાનુ એક ઘણુજ બુલદ અને ખુબીવતુ ફરમાન આપણા ધર્મમા છે, કે જેવુ બીજા કોઇ પણ ધર્મમા જણાતુ નથી

"પાદિઆબ" ને હાલની 'સાયન્સ' નો ટેકો

હાલના તબીબો પણ પાદિઆબ કરે છે જે પ્રમાણે આપણી કોઇબી જરથોસ્તી ક્રિયામા ભાગ લેવા આગમજ આપણે ક્રિયાના પવિત્ર આલાતોને કોઇ રીતની આલુદગી ન લાગે કરી પાદિઆબ કર્યે છીએ તેજ પ્રમાણે હાલમા એક વહાડકાપ ('ઑપરેશન') **ની ક્રિયા** શરૂ કરવા આગમજ તેમા વપરાતા ખાસ રીતે સ્વચ્છ કીધેલા હથીઆરો વિગેરેને કોઇ રીતની આલુદગી લાગવાનો સંભવ નહિ રહે કરી તબીબો પ્રથમ પોતાના મોહો બરાબર ઘણીજ સફાઇથી ધોઇને પછી પોતાના કોણી સુધીના હાથોપર તરપે તાઇન ચોળીને તે હાથો પાણી તથા સાબુ વડે તેમજ બ્રશોના ઉપયોગથી ઘણીજ સફાઇથી બરાબર રીતે ધોય છે યાને પાદિઆબ કરે છે

શેઠ જહાગીર જમશેદજી વીમાદલાલે ડૉ૦ માસીનાની હૉસ્પીટલમા એક 'ઑપરેશન કરતી વખતે ડૉકટરો તરફથી જે જે 'પાદિઆબ' તથા 'પયવંદ' વિગેરેની ક્રિયાઓ કરવામા આવે છે, તે નજરે જોઇને આપણી દીની ફરમાનોને તે કેટલી હેરત પમાડે તેવી રીતની મળતી હોય છે તે બાબે 'જામે જમશેદ' તા૦ ૧૭ અને ૧૮ મી નવેમ્બર ૧૯૧૯ ના અંકોમા વણુજ વીગતવાર રસીલુ બ્યાન કરેલુ હતું તેનો ટુંક સાર અત્રે આપવામા આવ્યો છે

"પયવંદ" ચોકસ સંજોગોમા કપડાના 'પયવંદ' થી કેટલીક ચીજોને અડકવાનો 'અષોઇ' નો નિયમ અને તેને હાલની તબીબી વિદ્યાનો ટેકો

હવે આપણે આપણી અષોઇની તરીકતમા પળેપળ અમલમા મૂકાતો **'પયવંદ'** નો કાનુન આજની જંતુવિદ્યા (Bacteriology) ને આધારે કેટલો બધો દૂરઅંદેશીભર્યો છે, તે સમજવાની સહેજ કોશેશ કરીશુ

એક 'ઑપરેશન' કીધા આગમજ તબીબો પાદિઆબ કરે છે તે ઉપરાત તેઓ બીજી જે એક ચીજ આપણી જરથોસ્તી તરીકતને ઘણીજ મળતી આવતી કરે છે, તે આપણામા જેને 'પયવંદ' કહે છે તેને લગતી છે એ બાબે શેઠ વીમાદલાલે લખ્યુ હતુ કે જે પાણીના નળો ઉપર તબીબો હાથ ધોય છે, તે નળો **આંગળાં વડે ઉઘાડ બંધ** કરવામા નથી આવતા અને એક વેળા હાથ 'પાવ' કીધા એટલે બીજી 'પાવ' કીધા વગરની ચીજોને સ્પર્શ ન થાય તેની ખાસ સાવચેતી રાખવા માટે નળ ઉપરની ચાવીઓ હાથની બાજુ વડે ઉઘાડી ઢાકી શકાય એટલી લાબી

રાખવામા આવે છે આ ક્રિયા ‘પયવદ’ ન થવા માટે અનેક રીતે જળવાતી જરથોસ્તી અષોઇની તરીકતોની હર્ષભરી યાદ આપે છે

“પયવદ” થવાથી એટલે હાથ અડકયાથી તે ચીજ ઉપર જે જતુઓ (‘દરૂજો’) વળગેલા હોય છે, તે જતુઓ ધોઇને પાક કીધેલા એટલે “Aseptic” બનાવેલા હાથો “Septic” યાને, આપણા ધાર્મિક શબ્દોમા બોલીએ તો, “અનાવ” બને છે, એટલા માટે “પયવદ” નો કાયદો તબીબી વિદ્યામા પણ ઘણી કાળજીથી જળવાતો માલમ પડે છ

તબીબો જયારે એક વહાડકાપનુ કામ હાથ ધરે છે, ત્યારે અગત વપરાસમા આવતા હથીઆરો, સુઇયાઓ, સોયો વીગેરેને પાવ કીધેલા હાથોથી પણ નહિ પકડતા ખાસ રીતે પાવ કીધેલા હથ્યારો વડેજ ઉચકવામા તથા પકડવામા આવે છે, અને કોઇપણ વસ્તુને હાથોનુ પયવદ નહિ થાય તેની ખાસ સભાળ લેવામા આવે છે જખમ સીવવાની સોયને પણ **કાતર વડે** ઝાલવામા આવે છે અને વહાડકાપનુ કામ ખલાસ કીધા પછી છેલ્લે પાટો બાધતી વખતેબી જો કાઇ દવા કે પાઉડરની શીશી ઉચકવી હોય તો તે પણ પાત્ર કીધેલા કપડા વડેજ ઉચકવાનો તબીબી નિયમ છે

આ સવળી તબીબી તરીકતો આપણા વૃદ્ધ વડીલો પાણીના ગ્લાસો તથા ચાહના કાસ્યા **રૂમાલ યા તુવાલ વડે** પકડીને પછીજ પીવાનુ કામ શરૂ કરે છે તે આજની જતુવિદ્યા પ્રમાણે કેવુ ડહાપણભર્યું છે, તથા હાજતે (જતુઓથી ભરેલી જગાએ) જઇ આવ્યા પછી કળસ્યાને હાથોનો સ્પર્શ ન થાય કરી કપડા વડેજ કળસ્યો પકડવાનો આપણો કદીમ અષોઇનો રિવાજ, અને ટુકમા ‘પાદિઆબ’ અને ‘પયવદ’ ને લગતી આપણી સર્વ તરીકતો આજની જતુવિદ્યા (*Bacteriology*) ને કેટલી અનુસરતી છે, તે આપણને ખુલ્લી રીતે માલમ પડી આવે છે

વળી મુરડાળ શરીરને હાથ લગાડનારાઓ પણ હમેશા હાથે મોજા પહેરીને તેમજ શરીરના ઉઘાડા ભાગોને કપડાથી ઢાકીને ‘પયવદ’ નો કાયદો અમલમા મૂકે છે, ને એજ પ્રમાણે બીજી ઘણીક બાબદોમા જે રીતે જરથોસ્તી દીનમા પયવદનો કાયદો અમલમા મૂકવાનુ ફરમાન આપવામા આવ્યુ છે તે ઉપરથી અષોઇની દરેકે દરેક શાખા જરથોસ્તી દીનમા કેવી બારીકીથી જોવામા આવી છે તેનો કાઇક ખ્યાલ આપણને આવી શકે છે, અને રવાનની વૃદ્ધિને માટે અષોઇ તેના દરેક સ્વરૂપમા

પાળવી કાય જરૂરની છે તે સમજી શકવાને આપણે શકતીવાન થઇ શકીએ છીએ

"હેહેર નસા" યાને બાલ નખમાંથી ઉત્પન્ન થતી દરૂજી અસરો.

"હેહેર નસા" સામે "અષોઇ" જાળવવાનો જરથોસ્તી નિયમ તથા અણુદીઠ જંતુઓ સાથે આ દરૂજીને સંબંધ

તનની પાકીજગી અને તંદરૂસ્તી જાળવવા માટે બાલ, નખ, તથા થુકના બાબમા સફાઇ-સુધડાઇ જાળવવી જોઇએ એ તો ઘણુંજ સાધારણ છે, પણ હાલમા લોકોનો મોટો ભાગ એ ચીજોના સંબંધમા જે પ્રકારની સુધડાઇ ઉપર ધ્યાન આપે છે, તે અષોઇની નજરે જોતા ઘણી ઉતરતા પ્રકારની અને ઉપરટપકેની યાને પોકળ લાગે છે એ ચીજોની સ્વચ્છતા જાળવવાના અષોઇથી ભરપુર ઘણા બારીક કાયદાઓ પયગામ્બર અષો જરથુસ્ત્ર સાહેબે "દરૂજી-એ-હીખ્ર" અથવા "હેહેર નસા" ના બાબમા ઘણીજ સુંદર રીતે સમજાવ્યા છે

સાધારણ રીતે જરથોસ્તી ધર્મમા બાલ, નખ જેવી ચીજોને શરીરથી છુટી પાડયા પછી નહિ અડકી શકાય એવી માન્યના છે, તે તો બધા જાણે છે બાલ અને નખ જેવી ચીજો જયાસુધી શરીર ઉપર હોય છે ત્યાસુધી વણી ધાસ્તીભરેલી નથી, જો કે વણીજ ઉંચી અષોઇ અને ખોરેહ સાથની મોતેબર ક્રિયાઓ વખતે શરીર ઉપરના બાલ તથા નખને ચોકસ કાયદાથી ગખવાનો જરથોસ્તી નિયમ છે, અને તે નિયમ કેટલો 'સાયનટીફીક' છે, તે સઘળુ સમજવા માટે આપણે સૌથી પહેલા જાણવુ જોઇએ કે બાલ, નખ, થુક, લોહી, પરૂ, પિશાબ, મળ વિગેરેમાથી જે ચાલુ પ્રવાહો નીકળે છે તેઓ નુકસાનકારક સુક્ષ્મ જંતુઓથી ભરેલા હોવાને લીધે તનદરૂસ્તીને હાની કરવા ઉપરાત ખોરેહના તેજસ્વી પ્રકાશને બીલકુલ કાપી નાખે છે અને એ જાતના પ્રવાહોને આપણી ધાર્મિક ભાષામા "દરૂજી-એ-હીખ્ર" અથવા "હેહેર-નસા" તરીકે ઓળખવામા આવ્યા છે ખરાબ જંતુઓના હુમલાઓથી તન તથા ખોરેહને બચાવવાના બુલંદ હેતુથી જંતુવિદ્યાથી તથા પદાર્થ વિદ્યાથી સંપૂર્ણ રીતે માહીતગાર પેગામ્બર અષો જરથુસ્ત્ર સાહેબે એ સઘળા પદાર્થોના બાબમા ચોકસ અષોઇની તરીકતો આપી છે અને રવાનની વૃદ્ધિમા મદદ આપનાર ખોરેહની અષોઇનુ રક્ષણ કરવા માટે ઘણીએક બાજો તથા નીરંગો આપી છે દાખલા તરીકે હાજતે જવાની **'બાજ-ઇ-હાજત.'**

હાજતે જવાની બાજથી થતા ખોરેહને ફાયદા

હાજતે જતી વખતે, યાને પુષ્કળ જંતુઓથી ભરપુર જગાએ જતી વખતે, ચોકસ અવસ્તા કલામની બાજ ભણીને મહોડુ બંધ રાખીને રહ્યા પછી હાજતેથી આવીને તે બાજના બાકી રહેલા કલામ ભણીને પછી પાદિઆબ–કુસ્તી કરી લેવાની ખાસ અશોઇની તરીકત આપવામા આવી છે, જેથી હાજત વખતે ઉત્પન્ન થયલો 'દરૂજી–એ–હેહેર' નો પ્રવાહ ખોરેહને લાગી શકે નહિ અને જો સહેજબી લાગુ પડ્યો હોય તો તે આ તરીકતથી બાજના માથ્રના બળથી દૂર થઇ જઇને ખોરેહને અસલ સ્વચ્છ હાલતમા લાવી મૂકે છે

લોહી પરૂથી દેખઇતી રીતે ખરડાયલા શખ્સોથી ક્રિયાકામમા તેમજ પવિત્ર જગાએ હાજરી અપાય નહિ તેનુ કારણ

વળી લોહી તથા પરૂ જેવા પદાર્થો પણ શરીરની બહાર દેખાવ દે છે, તે વખતે વાતાવરણના સમાગમમા આવ્યાથી તેમની અંદરથી પણ 'દરૂજી–એ–હેહેર' નો પ્રવાહ ઉત્પન્ન થાય છે તેને લીધેજ કાપ પડ્યો હોય યા વહાડકાપ થયુ હોય યા હરકોઇ બહાને લોહીનો દેખાવ નજરે પડે તો તે વખતે ખોરેહની અશોઇ કપાતી જાય છે, અને તેથી પુરતી અશોઇ નહિ ધરાવવાને લીધે એવી હાલતવાળા શખ્સને **ક્રિયાકામ કરવાની** જરથોસ્તી ધર્મમા મનાઇ કરવામા આવી છે

હવે હાલની 'સાયન્સ' પુલ્ગ્રા, શિતળા, 'ઑપરેશન' વિગેરે દરેક સંજોગમા પદાર્થ વિદ્યાને આધારે 'એન્ટીસેપટીક' દવાઓનો ઉપયોગ કરે છે આ દવાઓ એવી રીતની બનાવેલી હોય છે કે ઉપલી હાલતો વખતે હવાનો સમાગમ થઇને તે હાલતમાથી લોહીમા ઝેર ઉત્પન્ન થતુ અટકી જાય, અને માણુસની જીંદગી જોખમમા આવતી અટકી શકે, પણ જરથોસ્તી ધર્મમા 'દરૂજી–એ–હેહેર' ને કાયદે એવા અશોઇના કાયદાઓ આપેલા છે કે શારીરીક જીંદગી બચાવવા ઉપરાત ખોરેહને કાયદે આત્મિક જીંદગીનો પણ બચાવ થાય છે

હાલના જમાનાના બાલ કાપવાના સેલુનનો ઉપયોગ જરથોસ્તી ધર્મ મુજબ "હેહેર-દરૂજી" ઉત્પન્ન કરનારો છે

એજ પ્રમાણે બાલ તથા નખના સબંધમા જરથોસ્તી દીનમા 'દરૂજે–હેહેર' ને અટકાવવાને જે કાયદાઓ આપવામા આવેલા છે, તેની ઉપર ધ્યાન આપવાની જરૂર છે હાલની ફેશન પ્રમાણે કેટલાકો બાલ કાપવાની દુકાને (હેર કટીંગ સેલુન) મા જઇને બાલ કપાવી યા દાઢી બોડાવી ઑફીસમા કે બીજે કોઇ ઠેકાણે નાહ્યા વગર પાધરા

જાય છે, બીજાઓને ‘શેકહેંડ’ કરે છે વિગેરે, એ બધી વિચિત્ર પશ્ચિમની રૂઢીઓથી તેઓ “મેગ્નેટીઝમ” ને કાયદે પોતાને તેમજ બીજાઓને કેટલુ બધુ નુકસાન કરે છે તેનો તેઓને અજ્ઞાનતાને લીધે ખ્યાલ આવતો નથી

બાલ, નખ ચોકસ સંજોગોમા **કપડાંથી ઢાંકીનેજ** પવિત્ર કામોમા મશગુલ થવાનો જરથોશ્તી નિયમ, **ટોપી** તથા **માથાબાનાનો ઉપયોગ “હેહેર-દરૂજ”** નો ખાસ અટકાવ કરી ખોરેહને સ્વચ્છ રાખવામા મદદ કરે છે, આ નિયમને તબીબી વિદ્યાનો ટેકો

બાલ તથા નખમાથી નીકળતો જંતુસહીત પ્રવાહ કેટલો બધો અપવિત્ર છે, તે જરથોસ્તી ક્રિયાકામની અંદર એના સબંધમા જે બારીકી રાખવાનો હોકમ છે તે ઉપરથી માલમ પડે છે ક્રિયા કરનાર મોબેદને મોટી પાઘડીથી તમામ માથાના બાલ ઢાકવા પડે છે, આપણા મોબેદ સાહેબો આતશબેહરામના પાક કેબલાને બોય દેતી વખતે હાથમા મોજા પેહેરે છે, નસેસાલાર તથા ખાંધ્યાઓ ગુજરેલાની લાશની સાથે કામ કરતી વેળા હાથે મોજા પેહેરે છે, તથા દરેક જરથોસ્તીએ સફેદ ટોપી યા માથાબાનાથી બાલને ઢાકેલા રાખવા વિગેરે જે જરથોસ્તી ફરમાનો અને અષોઇની તરીકતો થોડા વર્ષની વાત ઉપર ઘણાઓને હસવા સરખા લાગતા હતા તે આજે વિચારવાજોગ અને સ્વિકારવાજોગ થઇ પડયા છે કારણ કે બાલ તથા નખને ઢાકેલા ગખવાના અષોઇની તરીકતમા બુલંદ ભાગ ભજવતા **જરથોશ્તી ફરમાનોને આજના તબીબો માન સહીત કબૂલ રાખે છે;** કારણ આજે તેઓ સમજતા થયા છે કે બાલ, નખ તથા મહોડા વાટે જે પ્રવાહ નીકળે છે, તે સુક્ષ્મ ઝેરી જંતુઓથી ભરેલા હોય છે તેથીજ જ્યારે તબીબો એક ‘ઑપરેશન’ની ક્રિયા શરૂ કરે છે ત્યારે હાથમા **સફેદ મોજા** પેહેરે છે, **માથે સફેદ ટોપી રાખે છે** અને મહોડા ઉપર **સફેદ પદાન** બાંધે છે મહોડા ઉપર સફેદ પદાન બાંધવાનુ કારણ તેઓ એ જણાવે છે કે બોલતી વેળાએ આપણા મહોડામાથી જે જંતુઓ બહાર આવે છે તેઓ જખમમા દાખલ થઇ જખમને ઝેરી બનાવે નહિ, તે માટે સફેદ પદાન બાંધવો જોઇએ જરથોસ્તી ધર્મમા **સફેદ** રંગને શા માટે અગત્યતા આપવામા આવી છે તે આપણે આગલ ચાલતા જોઇશુ

એ ઉપરથી આપણા મોબેદો જ્યારે નૂરી આતશ અને બીજી પવિત્ર કીધેલી વસ્તુઓ સનમુખ બેસી ભણે છે ત્યારે તે પવિત્ર ચીજો તરફ મહોડામાથી નીકળતી ‘હેહેર-નસા’ની અસરો નહિ પહોચે તે વાસ્તે

સફેદ પદાન રાખે છે તે કેટલુ જરૂરનુ તથા ખુબીવતુ છે, તેનો આપણુ-ને કાઇક ખ્યાલ આવે છે

ઉઘાડે માથે તથા ઉઘાડે પગે ફરવાનુ કામ અષોઇના કાયદાની બીલકુલ વિરૂધનુ છે

હાલના કેટલાક પારસી જુવાન્યાઓ માથા ઉપર ટોપી અને માથાબાના રાખવાના ધાર્મિક ફરમાનને હસી કાઢી ઉઘાડે માથે ફરવાનો હોસ ધરાવે છે, તેઓએ હવે સમજવુ જોઇએ કે એ તેમનુ કામ **અષોઇના કાયદાનુ બીલકુલ ઉલંઘન કરનારૂ છે.** વળી એજ ટીકા ઉઘાડા પગે ફરવાના કામને પણ લાગુ પડે છે જરથોસ્તી ધર્મમા એવુ એકબી ફરમાન નથી, કે જેનો અદભુત વ્યવહારૂ ફાયદો નહિ હોય, અથવા જેમા 'સાયનસ' નો સમાવેશ ન થયલો હોય

ફકત સ્થુળ શરીરનીજ સુખાકારી નહિ, પણ સુક્ષ્મ શરીર જે કહેર્પ છે તેની સુખાકારીના જોડયા નિયમોનેજ જરથોસ્તી "અષોઇ" ના નિયમમા "તનદુરસ્તી" ના નામથી ઓળખાવ્યા છે, અને આવી તનદુરસ્તી આત્મિક દુરસ્તીનુ મૂળ સાધન છે

થુક, બાલ અને નખની સ્વચ્છતા અને સુધડતાની મહત્વતા ઉપર પશ્ચિમની વિદ્યા તો **આજે** લક્ષ આપતી થઇ છે, પણ તે બાબેનુ બહોળુ જ્ઞાન જરથોસ્તી ધર્મમા 'અષોઇના નિયમો' ના મહાળા હેઠળ **હજારો વર્ષ થયાં** રજુ થયુ છે, એટલુજ નહિ પણ તે વધુ દરજજે રજુ થયુ છે હાલની પાશ્ચાત્ય વિદ્યા "દીપ્ર દરૂજી" થી બચાવ મેળવવાની જરૂર ફક્ત સ્થુળ શરીરની સુખાકારીની નજરે જોય છે, જ્યારે જરથોસ્તી ધર્મ જ તુઓથી દરેક રક્ષણ આપતી વેળા ખાકી શરીરની સુખાકારીની સાથે સાથે સુક્ષ્મ શરીર ('કહેર્પ') ની સુક્ષ્મતા (અષોઇ) નો ખ્યાલ પણ રજુ કરે છે કારણુ એ બનેની અષોઇ એકમેક ઉપર આધાર રાખે છે અને એ બને પુરતી રીતે અષા બને તોજ આપણી અદર રહેલો સૌથી શ્રેષ્ટ અશ, યાને રવાન, પાક અહુરમજદને પહોચવાને લાયક બની શકે

બાલ, નખ કાપીને તેમની ચોકસ વ્યવસ્થા કરવાના વદીદાદના ફરમાનની મોતબરી

પાક જરથોસ્તી ધર્મ જણાવે છે કે "દરૂજે-હેહેર" નો કાતીલ પ્રવાહ તનદરૂસ્તીને નુકસાન કરવા ઉપરાત ખોરેહને નુકસાન કરી કહેર્પને એવુ તો નાલાયક બનાવે છે કે **અવસ્તા માંથ્ર-**ની અસરો બીલકુલ અસર વગરની થઈ પડે છે બાલમાથી નીકળતો "દરૂજે-હેહેર" નો પ્રવાહ

બાલ શરીર ઉપર હોય તે છતા **ખોરેહને નુકસાનકારક** હોવાને લીધેજ બાલને ઢાકેલા રાખવા અને ખાસ કરી અવસ્તા માથ્ર ભણતી વખતે તો બાલને સાવચેતીથીજ ઢાકવા જોઇએ તો પછી બાલને તેમજ નખને છુટા કર્યા પછી (અને ચોકસ ચોકસ વખતે છુટા તો કરવાજ જોઇએ કેમકે હદ ઉપરાત તેમને લાબા રાખ્યાથી પણ દરૂજીનુ જોર વધી જાય છે,) જે અનસ્તા બાજની નીરગો ભણવાનો હોકમ છે તથા ગૌમેજનો ઉપયોગ કરી તેમને જમીનમા દાટી દેવાનો જે કાયદો વદીદાદની પરગર્દ ૧૭ મી મા આપવામા આવ્યો છે તે મુજબ જો અમલ નહિ કરવામા આવે તો જ્યાસુધી બાલ તથા નખ કુદરતી કાયદે તદન છુટા પડી જઇને જે તત્વો ના તેઓ બનેલા હોય છે તે તત્વો સાથે પાછા મળી જાય નહિ ત્યાસુધી તેઓ તે બાલ તથા નખ ધરાવનાર શખ્સના રવાનને તેમજ આસપાસ ના લોકોને શારીરીક તેમજ આત્મિક રીતે નુકસાન કરે છે

બાલ, નખની જરથોસ્તી ફરમાન મુજબની વ્યવસ્થાથી બદ મિથ્રવાલા જાદુગરોને પડતો ફટકો

બદ મિથ્રના લોકો જેઓ દુન્યવી લાભોને ખાતર નુકસાનકારક મન્ત્રો ("અકો-માથ્ર") નો ઉપયોગ કરી બીજા શખ્સોના મિથ્રને તેમજ જીદગીને નુકસાન કરી શકે છે, અને જેઓને "યાતુ-માઓ" યાને જાદુગર તરીકે ઓળખવામા આવે છે, તેવા લોકો પોતાના જાદુની અમલ્યાતમા "દરૂજી-એ-હેહેર' ના પ્રવાહેનો ઉપયોગ બાલ તથા નખ મારફતે કરે છે જો બાલ ને નખ જેમ ગમે તેમ વેરનીખેર હાલતમા આસપાસ ફેકવામા આવે તો જાદુ ગરોને તેઓના કામમા એક રીતે સિદ્ધી મદદ આપેલી ગણાય જરથોસ્તી દીનની અષોઇની તરીકતોમાથી જાદુઇ અમલને એકદમ રદબાતલ ગણ્યો છે અને જાદુ કરનાર તથા કરાવનારને "**દેવયસ્ની**" તરીકે યાને અષોઇથી ઉલટી રીતે ચાલનાર તરીકે ઓળખાનવામા આવે છે

બાલ તથા નખથી ઉત્પન્ન થતા દરદો

બાલ તથા નખની અન્દરનો દરૂજીનો પ્રવાહ એટલો તો કાતીલ છે કે જો ભુલમા ખોરાક સાથે ભળાઈ ખાવામા આવે છે, તો હોજરી આતરડાના નાસુર જેવા ભયકર દર્દો ઉત્પન્ન કરે છે

બાલ તથા નખ શરીરમાના જે તદ્દન વ્યર્થ થઇ ગએલા પદાર્થોના બનેલા હોય છે તે કારણને લીધે શરીરની ઉપર વળગેલા હોય તે વખતે તેઓની અન્દરથી નીકળતો અણુદીઠ જતુઓથી ભરપુર ગરમીનો પ્રવાહ

જેટલો નુકસાનકારક છે, તેના કરતા પણ બાલ તથા નખ શરીરથી છુટા પડયા પછી તેઓની અંદરથી **સજીવન શક્તી** નીકળી જવાને લીધે તેની અંદરના જંતુઓ સંખ્યામા વધીને પોતીકી નુકસાનકારક અસર પુર બહારમા બતાવવા માંડે છે ને અનેક જાતનાં દર્દોના બીજ ફેલાવતા રહે છે આ રીતે જરથોસ્તી દીનમા અષોઇના કાનુનો કેટલી બધી બારીકી થી ભરપુર છે અને સ્થુળ 'સાયન્સ' ના કેટલા બધા નિયમો સમાવી દે છે તેનો સહેજ ખ્યાલ આની શકે છે

અજીઠવતારની પહરેજગારી પાળવા બાબે.

અજીઠવટારથી ઉત્પન્ન થતી દરૂજી સામે કેમ ટક્કર ઝીલવી? એકના મોઢામાનુ બીજાથી શા માટે ખવાય પીવાય નહિ?

કુદરતના એપણાને કાયદે જીંદગીની દરેક પળે તન, મન અને આત્માની ખરાબી કરનાર દરૂજીઓનુ આપણા સમાગમમા આવવુ તો થાય છેજ, તો શુક્ર ખુદાના કે આપણ જરથોસ્તીઓ તમામ ખરાબીને તોડવાના તથા તમામ દરૂજીઓ-ઓની સામે બચાવ મેળવવાના બુલંદ સાધનો ધરાવીએ છીએ એ સાધનો "**અષોઇની તરીકતો**" તરીકે ઓળખાયલા છે, અને એ તરીકતોમા વણી મહત્વ ગણાતી "અજીઠવટાર" થી પહરેજ રહેવાની બાબદ ઉપર હવે આપણે સહેજ ધ્યાન રોકીશુ

થુંકના જંતુઓ—માણસોનો મોટો દુશ્મન.

મોઢુ જંતુઓનો ભંડાર છે અને મોઢાની લબમા અથવા થુંકમા રહેલા ચોકસ જંતુઓ દુઃખ–દર્દો ઉત્પન્ન કરે છે અને વણી વેળા તેઓ જીવલેણ નીવડે છે એ વિના વણાજ થોડા વર્ષ થયા તબીબોની જાણમા આવી છે તેઓ જણાવે છે કે એક માણસે કરડેલો ખોરાક ખાવે, તેણે જે ગ્લાસમા પાણી પીધુ હોય તે ગ્લાસ બરાબર સાફ કીધા વિના તેમા પાણી પીવે, તેણે જે પ્લેટમા અને જે કાંટા–ચમચાથી ખાધુ હોય તે પ્લેટ અને કાંટા–ચમચા બરોબર સાફ કર્યા વગર વાપરવે, થુંકના જંતુઓનો ચેપ લાગે છે અને તેમાથી ક્ષયરોગ અને એવા બીજા ભયંકર રોગોનો ફેલાવો થાય છે

થુંકની સામે સંભાળ રાખવાના જરથોસ્તી નિયમને હાલની તબીબી વિદ્યાનો ટેકો

ઑનરેબલ સરજીઅન–જેનરલ એચ ડબલ્યુ સ્ટીવન્સ, આઇ એમ એસ, પોતાના "Tuberculosis and How to prevent it," નામના એક ચોપાન્યામા ખઈના રોગની ખરાબી અટકાવવાને કેટલીક સુચના કરે છે, તેમા થુંકની

અંદર ખહીના જંતુઓનો પુષ્કળ સમાવેશ થયલો હોય છે, અને થુંકના બાબમા બેદરકારી રાખવાથી આ ભયંકર રોગના ઝપાટામા ઘણીવાર આખું કુટુંબ સપડાઇ જાય છે એટલા માટે જેઓને ખહીનો રોગ થયો હોય તેઓને તેવણ્ ભાર મૂકી જણાવે છે કે —

"They should be very careful of the matter which they cough up from their lungs or throat, which always contains large number of germs"

"They should never spit this out upon the floor or walls of a room or upon the ground" એટલે કે "જેઓને ખહીનો રોગ થયો હોય તેઓએ જે પદાર્થ તેમના ફેફસા અને ગળામાથી બહાર પડે છે, તે માટે ઘણુ સાવચેત રહેવુ જોઇએ, કારણકે તેમા જંતુઓ ઘણીજ મોટી સંખ્યામા રહે છે તેથી તેઓએ ઓરડાની ભોય કે ભીતપર તથા કોઇપણ જમીનપર થુંકવુ નહિ"

આ બીના **આજની** જંતુ-શાસ્ત્ર **નવીન શોધ તરીકે** જાહેર કરે છે! પણ આપણા બુલંદ જરથોસ્તી ધર્મે તો હઝારો વર્ષની વાત ઉપર જે વેળા દુન્યાની સપાટીપર જંતુ-વિદ્યાની રોશનીની હાજરી પણ ન હતી, તે વેળા અષોઇની ઉમદા તરીકતોમા સઘળા કાયદાઓ પુર બારીકીથી સમજાવ્યા હતા અને તે કાયદાઓમાના ઉપલા કાયદાઓને આપણે "હેહેર નસા" ના બાબમા સમાઇ જતા '**અજીઠવટારથી પહરેજ રહેવાના કાયદાઓ**" તરીકે પિછાનીએ છીએ

જરથોસ્તી અષોઇના કોઇબી નિયમોની ખુબી ના અર્થ હાલની કેળવણીથી સમજ નહિ પડે છતા તે **હસી કાઢવા તો નહિજ જોઇએ**

આજે કેટલાક ભણેલા જરથોસ્તીઓએ પોતાના ઘરોમા માટલા ઉપરથી ડળસ્યા અને કુળસલીઓને રૂખસદ આપી તેમની જગાએ ફેન્સી ગ્લાસો ગોઠવ્યા છે, ઉંચેથી ખાવાપીવાના રિવાજને છોડતા જાય છે તથા એક વેળા મોહ લાગેલા યાને અજીઠા થયલા વાસણો ધોઇનેજ વાપરવાની મહેનત કાઢી નાખી છે અને એ રીતે જરથોસ્તી ધર્મમા રજુ થતી સફાઇ-સુઘડાઇની બારીકીને અતિષ્યોકતી અને વહેમ સમજી તેનો અનાદર કરી અજીઠવટાર કરવામા સુધારો માને છે, તેઓ હવે હાલની જંતુ-વિદ્યાના પ્રકાશથી સમજી શકશે કે **થુક, નખ, બાલ, લોહી. પરૂ** જેઓને જરથોસ્તી ધર્મમા '**નસા**' તરીકે ઓળખવામા આવે છે તે સઘળી જાતના નમો પ્રાણઘાટક જંતુઓના મૂળ છે જે ચીજોનો ભેદ તથા અર્થ આપણી ટુંક સમજ વડે જાણી નહિ શકીએ

તેને હસી કાઢવાથી આપણી પોતાનીજ આત્મિક વૃદ્ધિને ધોકો પુગે છે, આમ હવે કાંઇ આપણુને સમજ પડે છે ખરૂ !

પોષાકની સ્વચ્છતા અને સાફાઇ જાલવવા બાબે.

બીનમલાહજાહભર્યા પોષાકથી "અષોઇ" ને આડકત્રી રીતે થતુ નુકસાન

દરેક માણસને રોશન છે કે તનની પવિત્રાઇ અને તનદરૂસ્તી જાળવવા માટે પોષાકની પવિત્રાઇ પણ ઘણી જરૂરની ગણાય છે પોષાક જેમ બને તેમ સાદો અને ઢીલો હોવો જોઇએ તગ પોષાક **લોહીના ફરવાને** થોડે ઘણે અશે રોકે છે તેથી ચોકસ દુખો થવાનો સભવ રહે છે એ ઉપરાત હાલમા આપણી ઘણીક સ્ત્રીઓ જે બીન મલાહજાભરેલી ઢબનો પોષાક પહેરે છે, તેવો પોષાક બીજાઓના વિચારો બગાડે છે અને એ રીતે એક અમર્યાદાશીળ પોષાક, કુદરતમા બુલદ કાર્ય બજાવનાર એક ભલા વિચારને અષોઇના માર્ગથી દૂર લઇ જનાર બુરા વિચારમા ફેરવી નાખવાનુ બુરૂ સાધન થઇ પડે છે

જરથોશ્તી દીનમા **"સફેદ રગ"** શાને વાસ્તે ઉત્તમ ગણ્યો છે?

પોષાકમા ત્રીજી બાબદ જે ખાસ નોધવા લાયક છે તે એ કે બનતા સુધી તે **સફેદ રગનો** હોવો જોઇએ આપણી આસપાસ જે બધી દરૂજીઓ ઉત્પન્ન થવાનો સભવ રહે છે, તે **દરૂજીઓ (જતુઓ) ની ખરાબ અસરો તોડી નાખવાની ઉમદા ખાસ્યત સફેદ રગ ધરાવે છે,** તે ઉપરથી એ રગને આપણી જરથોસ્તી દીનમા અસલથી પસદ કરવામા આવ્યો છે અને એ રગને માજદયસ્નની દીનની નિશાની તરીકે ઓળખવા જેટલો બુલદ દરજ્જો આપવામા આવ્યો છે મેહેર યશ્ત કરદા ૩૧ મા જણાવ્યુ છે કે **"સ્પએત દએનયાઓ માજદયસ્નોઇશ ઉપમનેમ." "સફેદ (રગ) માજદયસ્ની દીનની નિશાની છે."** આપણા પાક જરથોસ્તી ધર્મમા સાધારણ રીતેબી સફેદ પોષાક સરસ ગણેલો છે અને ખાસ કરી ધર્મ ક્રિયા કરતી વેળા તે પવિત્ર ક્રિયાને કોઈ રીતે દરૂજીનો પાસ ન લાગવા પામે યાને તે ક્રિયાની અષોઇમા કોઇ રીતે ખલલ નહિ પહોચે કરી આપણા મોબેદોને જામો, પાઘડી, પદાન, મોજા વીગેરે તમામ પોષાક સફેદ રગનો પહેરવાનુ ખાસ ફરમાન આપવામા આવ્યુ છે તે આપણે આગળ જોઇ ગયા છીએ વળી ગુજરેલાના તનમાથી ખરાબ ઝેરી જતુઓ ('દરૂજે નસુશ') બહાર નીકળે છે તેમની કાતીલ દરૂજીની અસર અટકાવવાને વાસ્તે આપણા ખાધ્યાઓ તથા નસેસાલારોના ડગલી, ટોપી, પદાન, પેટાવા વીગેરે સઘળા

કપડા સફેદ રંગનાજ રાખવાનો અસલ જરથોસ્તી રિવાજ છે, તથા ગુજરેલાની લાશને પહેરાવવા તથા ઓઢારવાના સઘળા કપડા પણ સફેદ રંગના વાપરવામા આવે છે, અને ઓટલે-પાયદસ્તે જનારા ગૃહસ્થો પણ સફેદજ કપડા પહેરે છે, લગ્ન અને નવજોત જેવી ધાર્મિક ક્રિયા વેળા પણ સફેદ રંગનોજ પોષાક જાયજ છે અને એક ઢાલ મિસાલ દરૂજીથી આપણો ચાલુ બચાવ કરનાર પવિત્ર સુદરેહ પણ સફેદ રંગનોજ હોવો જોઇએ

આપણા મહાન પયગામ્બર અષો જરથુસ્ત્ર સાહેબે શીખાડેલા આ સઘળા ફરમાનો કેવા દુરઅંદેશીભર્યા, વિદ્વતાભર્યા, ડહાપણભર્યા અને 'સાયન્સ'થી ભરપુર છે તેનો ઘણોજ અસરકારક ખ્યાલ હાલના તબીબો પુરો પાડે છે આપણે આગલ જોઇ ગયા તેમ ખાસ એક 'ઑપરેશન રૂમ'મા વપરાતો સફેદ રંગ પોતાની બર્બા ઘણીજ અચ્છી રીતે દર્શાવે છે

તબીબી વિદ્યાએ પસંદ કીધેલો **સફેદ રંગ**, તેમા સાયન્સનો ખાસ જંતુ મારવામા સમાયલો ભેદ, અને તેથી **ક્રિયાકામમા વપરાતા સફેદ પોશાકનુ** વાજબી ઠરવુ

ઓરડાનો રંગ સફેદ, 'ઑપરેશન' કરનાર તબીબના તથા તેના મદદનીશ તબીબોના તમામ કપડા—તેઓના લાંબા ઝબ્ભા, હાથના મોજા, ટોપી, પદાન વિગેરે—શુદ્ધ સફેદ રંગના હોય છે ખુદ જેનીપર 'ઑપરેશન' કરવાનુ હોય છે તે દર્દીને તમામ સફેદ કપડા (**પગમાં પેટાવા વટીક**) પહેરાવવામા આવે છે વળી એ ઉપરાત દર્દીની સારવાર કરનાર દયાની બહેન 'નર્સ' પણ શુદ્ધ સફેદ પોષાકમા સજ થાય છે તથા દર્દીના સમા ગમમા આવનારા આયા, હમાલો વીગેરે નોકરોનો તમામ પોષાક પણ સફેદ રંગનો રાખવામા આવે છે

આની રીતે તબીબોએ **આજે** જે જરથોસ્તી રસમો ગૃહણ કરી છે તે આપણા અષો રાહબરોના અદભુત વ્યવહારૂ જ્ઞાનની રોશનીનો આપણને કાંઇક ભાસ આપે છે (હજારો દરૂદ હોજો તે રાહબર પયગામ્બર અષો જરથુસ્ત્ર સાહેબના રૂહ ઉપર કે જેવણે આવો ઉમદા 'સાયનટીફીક' ધર્મ જગઆશકારા કીધો છે!)

પાયદસ્તે કે ઓટલે જતી વખતે તેમજ લગન, નવજોત જેવી બીજી પવિત્ર ક્રિયામા ભાગ લેતી વખતે સફેદ રંગ વાપરવાની જરથોસ્તી તરીકતની ઉંચ ખુબી સમજ્યા વગર ફેશનના ખાલી ખ્યાલથી દોરવાઇ જઇ અંગ્રેજોની ખોટી નકલ કરનારા કેટલાક સાહેબોએ **કાળો** પોષાક પહેરવાનો જે સુધારો (!) કરવા માડયો છે

તે કેટલી હદ સુધી અણઘટતુ અને નુકસાનકર્તા છે તે આજની જંતુ-વિદ્યાની રોશનીથી તેઓ જોઇ શકશે. હમદીન ભાઇઓ તથા બહેનો જેમ જેમ જરથોસ્તી તરીકતની ખુલદી અને કુદરતના કાયદા ઉપરની તેની રચના સમજતા થશે તેમ તેમ શારીરીક માનસિક અને આત્મિક અષોઇ જાળવવાના ફરમાનોને હસી કાઢી તર્ક કર્યાથી ભવિષ્ય કેવુ સિહા અને દુક બને છે તેનો તેમને ખ્યાલ થશે 'દીનદારી, યકીનદારી અને ખબરદારી એજ કીંમતી જવાહીરો 'પારસી નામ' કાયમ રાખનાર છે"

ખોરાકની સ્વચ્છતા જાળવવા બાબે.

શરીરની પવિત્રાઇ માટે કેવા **ખોરાકની** જરૂર છે?

શરીરને પોતીકી પવિત્ર હાલત ઉપર રાખવા માટે જેમ સાદો અને સફેદ પોષાક ખાસ મદદ કરે છે તેમ નિર્દોષ અને સાદો ખોરાક પણ શરીરને પોતીકી ઉચ્ચ હાલતે લઇ જવામા કીમતી મદદકર્તા થઇ પડ છે તનને ટકાવી રાખવા માટે ખોરાકની જરૂર તો છેજ, પણ તે અંદાજાસર ખાવો જોઇએ ફકત સ્વાદને ખાતર હદ ઉપરાત ખોરાક ખાવાથી પાચન-ક્રિયા બગડે છે, અને તેથી શરીર દુબળુ થઇ જઇ કોઇની દુખપર માણસને નાખી દે છે, જેથી તે તનદુરસ્તીનુ ઉમદા સુખ ખોહી બેસે છે અને તેમ થવાથી તે પોતાના રવાનની મુકિત મેળવી આપનારા અષોઇના કામો કરવાને શકિતવાન થઇ શકતો નથી એટલા માટેજ આપણા કેટલાક જરથોસ્તી સાહીત્યમા અષોઇની અમલ્યાત કરનાર અથોરનાનોને **અંદાજાસર** ખોરાક ખાવાનુ ખાસ ફરમાન આપવામા આવ્યુ છે આપણા અસલી વડવાઓમા મિતાહાર મોટો સદ્ગુણ હતો, એમ કેટલાક યુનાની લખનારાઓ લખી જાય છે જેનોફોન કહે છે કે—"ઇરાનીઓ સાદો સુતરો ખોરાક ખાતા હતા અને કસરતથી તે જેરવી નાખતા હતા"

જરથોસ્તી ધર્મ પ્રમાણે શરીરના ખોરાક તરીકે **માસ, માછલી નથી,** કેમજે તે ચીજો "**નસુ-દરૂજી**" ઉત્પન્ન **કરનારી** છે

આપણા શરીરને હૈયાતીને ખાતર ટકાવી રાખવાને માટે સાદા-દુધ, અન્ન, ફળ, શાકના-ખોરાકની જરૂર છે, અને તે ખોરાક **જાનવરનો-માંસ તથા માછલી** જેવો-હોઇ શકે નહિ

કોઇબી જાનદાર શરીરમાથી જાન નીકળી ગયા પછી તે શરીરમા જે કોહવાટની ક્રિયા શરૂ થાય છે, તે વખતે તે શરીરમાથી જે ખરાબ નુકસાનકારક પ્રવાહ નીકળે છે, તે પ્રવાહને '**દરૂજે-નસુ**' કહે છે વંદીદાદમા 'દરૂજે-નસુ' થી તદન દૂર રહેવાના કાયદા આપેલા છે, અને

જો કોઇબી મુરડાળ શરીરને અડકવામા આવે તો તે અડકનારના ખારેહ ને જે નુકસાન થયુ છે તે કાપવાને માટે ખોરેહને પવિત્રાઇ આપનારી 'બરસનુમ' નામની ક્રિયામાથી તેને પસાર થવુ પડે છે

આ ઉપરથી ત્યારે એક મુખ્ય બાબદ આપણુ ધ્યાન ખચે છે અને તે એ છે કે **માંસ-માછલીનો ખોરાક નસુ-દરૂજી ઉત્પન્ન કરનારી ચીજ ગણાય** અને તેથી જે લોહીની પવિત્રાઇ રાખીને ખોરેહ-ની પવિત્રાઇ કરવાની છે, તે કામની અદર આવો અસ્વચ્છ ખોરાક ખાઇને તેમાથી જે લોહી બને અને તે લોહીમાથી શરીરની અદરથી નીકળતુ ખોરેહ ગદળુ થઇને હરકતકર્તા થઇ પડે છે આ કારણને લીધે ખોરાકની બાબદમા અષોઇનો કાનુન જાળવીને ખોરેહની પવિત્રાઇ જાગ વવાને ખાતર તનને સ્વચ્છ રાખવુજ જોઇએ તેથી '**નસુ-દરૂજી**' ઉત્પન્ન કરનારો **માસ-માછલી**નો ખોરાક જરથોસ્તી દીન પાળનારાઓએ **નહિ** ખાવો જોઇએ એમ સહેલાઇથી સાબેત થાય છે વળી એવો અસ્વચ્છ ખોરાક જરથોશ્તી ક્રિયાઓમા વાપરવાનુ પણ તદન નારવા છે

અદાજાસર, નિર્દોષ અને સાદો દુધ, અન્ન, ફળ, શાકનો ખોરાક ખાવાથી શરીર ચપળ, દુરસ્ત અને પવિત્ર બને છે અને રવાનને પણ ચપળ, દુરસ્ત અને પવિત્ર બનાવી તેની મદદ પડી ગએલી બાતેન શકિત ઓ ખીલવવાને ચાલુ જોશ આપ્યા કરે છે

ખોરાકની અષોઇ જાળવવાને વાસ્તે દુરનદે પકાવેલો ખોરાક ખાવાની જરથોસ્તી ધર્મમા મનાઇ કરવામા આવી છે પરતુ તે બાબદને પવિત્ર આતશ સાથે સબધ હોવાથી આપણે તે બાબદ "આતશની અષોઇ" જાળવવાના બાબમા જોઇશુ

જમવાની બાજની ખુબી અને ખોરેહને તેથી થતા ફાયદા

હવે જમાનાઓથી જાયજ થયલી જમવાના બાબમા પળાતી અષોઇની ઉમદા તરીકત જે '**જમવાની બાજ**' ને લગતી છે તે ઉપર આવીશુ

મોઢાની અદર જે જતુઓ વાસો કરે છે (જે બિના આપણે આગળ જોયુ તેમ તબીબી-વિદ્યા પણ સ્વિકારવા લાગી છે) તે જતુઓ જ્યારે આપણે ખોરાક ખાઇએ છીએ યાને ચાવવાની ક્રિયા કરીએ છીએ તે વેળાએ આપણા ખોરેહને બેમાલુમ રીતે ઘણુ નુકસાન કરે છે યાને ખારેહની અષોઇને ચોકસ દરજ્જે કાપી નાખે છે દરેક માનવીએ પોતાની

હૈયાતી ટકાવી રાખવાને વાસ્તે ફરજીઆત ખોરાક તો લેવોજ જોઇએ, ત્યારે એવી રીતે જ્યા કુદરતનો ભેપણાનો કાયદો એકએકની સામસામે કાર્ય કરે છે, ત્યા પણ દરૂજના હુમલાથી આપણા તન, ખોરેહ તથા રવાનને બચાવવાના હથીઆરો તે રૂહશાદ પયગામ્બર અષો જરથુસ્ત્ર સાહેબ આપણને આપી ગયા છે અને આ જમવાના કાર્યમા મહોમાથી નીકળતા અણદીઠ જતુઓ ('જર્મસ') ને નીમૂળ કરી નાખવાને વાસ્તે "જમવાની અવસ્તા બાજ" નુ બુલદ સાધન આપણને બક્ષ્યુ છે આ બાજના કલામોની ધ્વનીની અસરથી પેલા જતુઓનુ જોર તૂટી જાય છે એટલે તેઓ ખોરેહને બગાડી શકતા નથી આવી રીતે કુદરતની બારીક સાયન્સનો નિયમ પિછાણીનેજ આપણા જરથોસ્તી ધર્મમા સખ્યાબધ નીરગો તથા બાજો અષોઇની તરીકતમા આપેલી છે

દારૂ, બીડી વિગેરે કેફી પીણાનાં વ્યસનોથી પહરેજ રહેવા બાબે.

દારૂનુ વ્યસન શારી રીક, માનસિક અને નૈતીક દુરસ્તીનુ નખ્ખોદ વાળનાર બની છે

ખોરાક પછી શરીરની પવિત્રાઇ તથા દુરસ્તી જાળવવા બાબે જે બીજી એક ચીજ આપણુ ધ્યાન ખેચે છે, તે કેફી પીણાઓ છે કેફી પીણાઓ શારીરીક, માનસિક તથા નૈતિક દુરસ્તીનુ કેટલુ નખ્ખોદ વાળે છે તે બાબ મોટા મોટા વિદ્વાન ડૉક્ટરોએ અસખ્ય પુસ્તકો તથા ભાષાણો મારફતે જાહેર કરી છે, પરતુ તે અત્રે વાગને દર્શાવવાથી આ વિષય ઘણો લબાણ થઈ જાય વાસ્તે આ શ્રાપ સમાન થઇ પડેલા દારૂના પીણા માટે ડૉ૦ સેવીબી, એમ ડી, એફ આર એસ ની ' Worry The Disease of the Age," નામની ચોપડીમાથી ફક્ત નીચલો ઉતારો અત્રે આપીશુ

"In surveying this chapter my fear is that any portions of it may have prevented me from throwing into the boldest relief what is by far the most important fact that it contains–the fact that Alcohol has no place, use or purpose in the relief of worry and that its so called use–in this connection, at any rate–is never anything but abuse or misuse, always productive of more evil than it relieves, and *only too frequently suicidal*"

યાને "આ પ્રકરણ ફરીથી તપાસતા મને બીક લાગે છે કે તેમાના કેટલાક ભાગોને લીધે તેમા આવેલી સૌથી અગત્યની બીનાને સૌથી ખુલ્લા રૂપમા ચોનાગના હુ રખેને અટક્યો હોઉં—તે બીના આ છે કે દારૂ ને શરાબ જંજાળ ફીકર-ચિંતાને દૂર કરવામા સહેજ પણ ભાગ લેતો નથી, યા ઉપયોગી નથી, યા નેમ ધરાવતો નથી, અને માત્ર આ જંજાળના સંબંધમા પણ તેનો કહેવાતો ઉપયોગ, ગેરઉપયોગ અને ઉંધા ઉપયોગ સિવાય બીજુ કાંઈજ નથી, તેનો ઉપયોગ હમેસ જોખમભરેલો છે દારૂ દુઃખ દૂર કરે તે કરતા વધુ દુઃખ હમેશા ઉપજાવે છે, અને **દારૂનો ચાલુ ઉપયોગ પુષ્કળ મોટે ભાગે આપઘાતીક અને નખ્ખોદ વાળનારો છે."**

ડૉક્ટર સેવીબીના ઉપલા ચોંકાવનારા બોલો દરેકે દરેક જરથોસ્તીએ ઉંડાણથી ગોખી રાખવા જોઇએ, કારણકે આપણ જરથોસ્તીઓનો શારીરીક બાંધો દિન પર દિન નબળો પડતો જાય છે તેનુ એક મુખ્ય કારણ એ છે કે આપણી કોમને જમાનાઓથી દારૂ પીવાનો બુરો લખ લાગ્યો છે આપણા-માના ઘણાકો જણાવે છે કે અમે તો સહેજ યાને **મધ્યમસરનોજ** દારૂ લઇએ છીએ તેઓએ ખાસ યાદ રાખવુ જોઇએ કે ખરાબમા ખરાબ દારૂડ્યાઓ પણ શરૂઆતમા તો થોડો યાને મધ્યમસરનોજ પીનારાઓ હોય છે કારણકે દારૂ કે એવા દરેક કેફી પીણાની એવી ખાસ્યતજ છે કે એકવાર તે લેવુ શરૂ કર્યુ તો દિવસે દિવસ તે વધુ પ્રમાણમા લેવાની તલપ ઉત્પન્ન કરે છે આપણા બુલંદ જરથોસ્તી ધર્મે દારૂ કે બીજા કોઇમા કેફી પીણાઓની કદી પણ હીમાયત કરી નથી પણ સામુ દારૂ-શરાબને સખત રીતે વખોડી કાઢ્યો છે ગાથા સ્પેન્તોમદ હા ૪૮, કે ૧૦ મા જણાવ્યુ છે કે —

કદા મઝદા માનરોઇશ નરો વીસેન્તે,
કદા અજેન મુથ્રેમ અહ્યા મદહ્યા,
યા અગ્રયા કરપનો ઉરૂપયેઇન્તી,
યાચા ખ્રતૂ દુરો-ખ્શથ્રા દખ્યુનાંમ."

અર્થ—"કામેલ બુદ્ધિના નરો, અએ મઝદા! ક્યારે આવશે? (તથા) આએ ગંદ્પણાની ખરાબીને ક્યારે નાબુદ કરશે? જે બદીને લીધે ..નો (યને પાક જરથોસ્તી દીનના ફરમાનો તરફ બ્હેરે કાને બહે[illegible] થનારાઓ) તથા દેશોના બુરા રાજકર્તાઓ પોતાની કુબુદ્ધિથી દુન્યામા [illegible]

નાના નાના પ્રમાણુમા પણુ દારૂ પીવાથી કેવી ખરાબી થાય છે તે આજની છેલ્લામા છેલ્લી સાયન્સે પણ અસખ્ય અખ્તરાઓ કરી સાબેત કરી આપ્યુ છે "ક્રોપેલીન નામના જરમનીના એક જાણીતા પ્રોફેસરે એટલા બધા તો અખ્તરાઓ કરી સાબેત કર્યુ છે, કે આખી સાયન ટીફીક આલમમા તેના અનુમાનો પુરેપુરા કબુલ રખાયા છે, કે ફકત ફ્રુ આઉંસ આલ્કોહોલ યાને દારૂ પીધાથી ભેજાની ચાલાકી, જ્ઞાનતતુઓ, ઉચકવાની, લાગવાની, જોવાની તેમજ વિચારવાની શક્તિપર હમેશ લકવાની અસર થાય છે, કે જે બારીક અસરો તે વિદ્વાને શોધી કાઢેલા અજબ જેવા બારીક યત્રો વડે માપી શકાય છે" ("ગુડ હેલ્થ" માથી ઉતારો)

દારૂની ખરાબી તે પીનારનેજ નહીં પણ તેની ઓલાદને પણ નડે છે

વળી દારૂની ખાનાખરાબી એટલામાજ અટકતી નથી તે તો તે પીનારને નુકસાન કરવા ઉપરાત તે પીનારની આવતી ઓલાદને પણ નડે છે ડૉ૦ જે જોન્સ્તન પોતાના એક ભાષાણુમા જણાવે છે કે "બચ્ચાઓની મનશક્તિની નબળાઇ ઉપજાવવામા **માતપીતાની દારૂની ટેવ** મુખ્ય અસર કરે છે" આવી રીતે જ્યારે દારૂનુ પીણુ તદદુરસ્તીનો પાયોજ ખણી કાઢનાર તરીકે પુરવાર થયુ છે તો આપણી કોમને એ પીણાની બદીથી તદન અલગ કરવા માટે સૌથી પહેલા એના **'કહેવાતા સયમ'** દારૂનો રિવાજ જડ મૂળથી ઉખેડી કાઢવાની જરૂર છે એ માટે ડૉક્ટર જોન્સ્તનની શિખામણ ઘણી અમલ કરવા લાયક છે તેઓ કહે છે કે "જો દારૂમાથી મોટાઓને બચાવવા હોય તો પહેલા બચ્ચાઓને **નાનપણથીજ** દારૂથી દૂર રાખજો અને બચાવજો સ્કુલોમા 'ટેમ્પરન્સ' ની યાને દારૂ તમાકુથી દૂર રહેવા બાબદનુ શિક્ષણ આપવા હુ બહુજ ભલામણ કરૂ છુ" (બ્રિટીશ મેડીકલ જરનલમાથી ઉતારો)

વળી આપણે જોઇએ છીએ કે દારૂને હમેશ **ગોશ-મચ્છીના ખોરાક** સાથે ખાસ સબધ રહે છે જેઓ દારૂ પીનારા છે તેઓને જાણે ગોશ મચ્છી વગર તો ચાલેજ નહિ! અને જેઓ વધુ પીનારાઓ હોય છે તેઓને આપણે **'રેસીગ' અને જુગારની બદીમાં** સપડાયલા જોઇએ છીએ એ ઉપરથી જણાય છે કે આપણી કોમ જો ગોશ મચ્છીના નસા ભર્યા ખોરાકથી દૂર રહી દૂધ-અન્ન-ફળ શાકના ખોરાક ઉપર આવશે તો આપોઆપજ દારૂ જેવા ઝેરી પાણીની બદીથી તે અલગ થઇ શકશે

જરથોશ્તી ક્રિયાઓ-માં દારૂનો ઉપયોગ તદન નારવા છે

વળી અષોઇના પાયા ઉપર રચાયલી આપણી જે પવિત્ર ક્રિયાઓ છે તેમા પણ ગોશ માછલી જેવો અસ્વચ્છ ખોરાક વાપરવાનુ નારવા ગણાય છે એમ આપણે ઉપર જોઇ ગયા છીએ, તેમ દારૂ યા તેને મળતુ કોઇબી કેફી પીણુ પણ વાપરવાનુ તદન નારવા છે કારણ એ ચીજોનો ઉપયોગ તે શુલદ ક્રિયાઓની અસર તોડી નાખી ઉલટી અસર કરે છે યાને અષોઇને બદલે 'દરૂજી' ઉત્પન્ન કરે છે

બીડીની બદી અષોઇનુ ખુન છે, એ બાબે હાલની તબીબી વિદ્યાની સાબેતીઓ

અષોઇનો મોતેબર કાયદોજ આપણુ જરથોશ્તીઓને **બીડીની નાપાક બદીથી** બચાવે છે આતશ જે સુખાકારીનો પમરાટ ફેલાવવાનુ 'સ્પેનામીનો' ની તરફનુ કાર્ય કરે છે, તે પવિત્ર નુરાણીને મોહમા લઈ તેને થુક જેવા નજીસ પદાર્થના સમાગમમા લાવવા જેવુ અષોઇથી ઉલટુ કમકમાટભર્યું બીજુ કયુ કામ હોઈ શકે ?

પવિત્રાઇનો સવાલ બાજુએ મૂકતા શારીરીક નજરે પણ બીડી પીવાનો રિવાજ ઘણોજ નુકસાનકારક છે એમ રફતે રફતે તબીબી-વિદ્યા પણ સ્વિકારવા લાગી છે બીડી ફુકવાથી શરીરમા કાતીલ ઝેહેર દાખલ થાય છે જે ગભીર પ્રકારનુ **'હાર્ટ ડીસીઝ,'** હોઠનો 'કેનસર,' ગળાનો 'કેનસર' વિગેરે પ્રકારના અનેક દર્દો ઉત્પન્ન કરે છે તમાકુમા સમાયલુ 'નીકોટીન' એક કાતીલમા કાતીલ ઝેર છે તમાકુ ખાવાથી જે નુકસાન થાય છે, તેના કરતા બીડી ફુકવાથી વધુ હાની થાય છે કારણકે તેના ધુમાડા વડે ફેફસાને માર્ગે તેનુ ઝેર લોહીમા ઘણી ઝડપથી ફેલાઈ જાય છે, એમ મોટા વિદ્વાન ડૉકટરોનુ કહેવુ છે બીડી પીવાથી તન, મન અને રવાન એ ત્રણેની સુખાકારી અને અષોઇની ગભીર ખરાબી થાય છે

"It is a mistake to suppose that smoking aids digestion Physicians meet with thousands of cases of dispepsia connected with the use of tobacco in some one of its forms"—Dr Mussey

અર્થ—"બીડી પીવાથી પચન-ક્રિયાને મદદ મળે છે, એમ ધારવુ ભૂલભરેલુ છે તમાકુ એક યા બીજા રૂપમા વાપરવાથી અપચાનો રોગ થયલા હજારો દર્દીઓ વૈદોના હાથ તળે આવે છે'—ડૉ૦ મસી

બીડી પીવાથી આખ ઉપર થતી માઠી અસર

તદુરસ્તીને નુકસાન કરવા ઉપરાત બીડીની બદી આંખના અમુલ્ય રત્ન ઉપર પણ માઠી અસર કરે છે જર્મનીની પ્રજાનો ઘણો મોટો ભાગ બીડી ફુકે છે તેનુ પરિણામ એ આવ્યુ છે કે ત્યાની પ્રજાનો મોટો ભાગ ચશ્મા પહેરતો થયો છે

"How seldom do we find a snufftaker or a tobacco chewer whose eyes are not more or less affected? Germany a nation of smokers, is proverbially a spectacled nation"—Dr W A Alcott

અર્થ—"તમાકુ સુઘનાર અથવા ખાનારની આખોને થોડા યા વધતા પ્રમાણમા નુકસાન ન થયુ હોય એવુ કેટલુ થોડુ આપણે જોઇએ છીએ? જર્મનીની આખી પ્રજા તમાકુ પીતી હોવાથી, ચશમા પહેરનારી પ્રજા તરીકે લોકમા તે ઓળખાય છે"—ડૉ૦ વીલીઅમ એ આલકૉટ

"It is ruinous to intellect In all its forms, it appears to be deleterious to the brain and nervous system"—Dr Stephenson

ડૉ૦ સ્ટીવનસન કહે છે કે "તમાકુ બુદ્ધિનો નાશ કરે છે મગજને અને જ્ઞાનતતુઓને તમાકુ ખાવાથી, પીવાથી કે સુઘવાથી નુકસાન થતુ જણાય છે"

"The boy who indulges in cigarettes will inevitably lessen his chances of success in life Even the moderate use of tobacco compromises the muscle and nerve of all candidates for athletic honours, soils the mouth, the breath, the perspiration, and the whole social, moral, and religious being"

—Dr Dio Lewis

ડૉ૦ ડિઓ લુઇસ જેવા અતિ પ્રસિદ્ધ વિદ્વાન પણ બીડીના સબધમા કહે છે કે "બીડી પીવાના વ્યસનવાળો છોકરો ભવિષ્યમા પોતાની સારી સ્થિતિ થવાના સજોગો કમી કરે છે કસરતમા ઉંચે નબરે ઉતરવાની આશા રાખનાર છોકરાઓ (ઉમેદવારો) તમાકુના મિજાનસર વ્યસનથી પણ 'મસલસ' અને નસો નબળી પડી જવાથી ફસી જાય છે, તેઓનુ મો, શ્વાસ અને પરસેવો બગડે છે તેમજ તેમનુ સસારી,

નિતિ સંબંધી તથા ધાર્મિક જીવન બગડે છે" બીડીના આવા સઘળા ગેરફાયદાઓ મોટા મોટા વિદ્વાન ડૉક્ટરોએ શોધી કાઢયા છે અને તેઓ એ નાપાક બદીથી તમામ પ્રજાને મુક્ત કરવાની ભારે કોશેષ કરી રહ્યા છે, તો આપણ સરતેદુરસ્તીઆનો પરવરદેગારના શુકરાના કરીશુ કે આપણા અષોઇના ઉચ ધાર્મિક ફરમાનોએ આપણને પહેલેથીજ એ વ્યસનની બદીથી બચાવ્યા છે! હીણભાગ્ય તે જરથોસ્તીઓના જેઓ અંગ્રેજોની વાદગ નકલ કરવાના ફોકટ ધખારામા તન, મન અને આત્માની ખુહારી કરનાર બીડીના બદ વ્યસનનેં વશ થવા લાગ્યા છે! પાક દાદાર તેમનીપર દયા કરી તેમને આ દુષ્ટ વ્યસનથી બચવાને ધાર્મિક ફરમાનની ખુબી સમજવાની ભલી બુદ્ધિ બક્ષે!

ઘરબાર તથા વપરાસની દરેક ચીજની પવિત્રાઇ જાળવવા બાબે.

વપરાસની દરેક ચીજ સ્વચ્છ રાખવાનુ વંદીદાદનુ ફરમાન, અને તેની હાલની પદાર્થ-વિદ્યાને આધારે સમજણ

તનને અષોઇની ઉચ ટોચે લઇ જવા માટે પોષાક તથા ખાણીપીણીના બાબમા બારીક સ્વચ્છતા જાળવવા ઉપરાંત આપણા સમાગમમા આવતી સઘળી ચીજો—ઘરબાર, રાચરચીલા, વાસણ–કુસણ વિગેરેની પણ સ્વચ્છતા જાળવવાના શિક્ષણો જરથોસ્તી પુસ્તકોમા ખાસ કરી—વંદીદાદની આખી કેતાબમા—આપવામા આવ્યા છે, અને એ શિક્ષણો કેટલા ડહાપણભર્યા છે તેની એક બાજુ આજની પદાર્થ-વિદ્યા ખુલ્લી પાડે છે

એક મુવેલા માણસ યા જાનવરની લાશ જેમાથી જાન નીકળી ગયલો હોવાને લીધે તેમા કોહવાની ક્રિયા શરૂ થાય છે અને તેમ થવાથી તે ઉપર બારીક જંતુઓ, આપણા ધાર્મિક શબ્દોમા બોલએ તો, 'દરૂજે-નસુશ' ઉત્પન્ન થાય છે તો તેવા જંતુઓથી ભરેલા શરીર જે નસો કહેવાય છે તેના સંબંધમા જો ખાવાના વપરાસમા આવતા વાસણો આવે તો તે પાછા કેમ પાક થઇ શકે તે વિષે વંદીદાદની ૭ મી પરગર્દના ૭૪ અને ૭૫ મા ફકરાઓમા ખુલ્લી રીતે સમજાવવામા આવ્યુ છે કે— જો તે વાસણ સોનાનુ હોય તો પહેલે એકવાર તેને બળદના નીરંગે કરી ધોવુ પછી તેને મટોડીએ ઉજારવુ, અને પછી તેને એક વખત પાણીથી ધોવુ જો તે વાસણ રૂપાનુ હોય તો તેને ઉપલી ક્રિયામાથી બે વાર પસાર કરવુ, જો તે ત્રાંબાનુ હોય તો ત્રણ વાર, જસદનુ ચાર વાર અને પત્થરનુ હોય તો ૭ વાર ઉપર મુજબ સાફ કરવાથી તે વાસણ વપરાસ-

ને લાયકનુ જતુ રહીત બની શકે છે પણ જો તે કાદવનુ, લાકડાનુ અથવા કાજીનુ બનેલુ હોય તો તે હમેશને માટે અપવિત્ર થાય છે

એક વાસણુ જે પદાર્થનુ બનેલુ હોય છે તેની "સ્પેસીફીક ગ્રેવીટી" (વિશેષ ગુરૂત્વ) તથા ઘટપણાની ઉપર તેને સાફ કરવાનો આધાર રહે છે એક પદાર્થની "સ્પેસીફીક ગ્રેવીટી" જેટલી વધારે હોય છે તેટલા પ્રમાણુમા તે વધારે ઘટ હોય છે અને "સ્પેસીફીક ગ્રેવીટી" જેટલી કમી હોય છે તેટલા પ્રમાણુમા તે વધારે નાકાવાળુ (porous) હોય છે અને એક વસ્તુ જેટલી નાકાવાળી હોય છે તેટલા પ્રમાણુમા અસ્વચ્છતા, જતુઓ, ગલીચી યાને ટુકમા કહીએ તો દરૂજ તેમા સહેલાઇથી દાખલ થઇ શકે છે અને ઉડાણુમા પેવસ થઇ શકે છે એ વિશ્ર જુઓ એરવદ કાવશજી એદલજી કાગાનો કરેલો "વદીદાદનો ગુજરાતી તરજુમો"—વદીદાદ પરગરદ ૭, ફકરા ૭૩–૭૫ નો ખોલાસો

પદાર્થ–વિદ્યાનો આ નિયમ ધ્યાનમા લઇનેજ આપણી પવિત્ર ક્રિયાઓની અષોઇની બારીકી જાળવવાને વાસ્તે કોઇ પણ ધાર્મિક ક્રિયામા **લાકડાં, કાદવ યા કોરીનાં વાસણો** વાપરવાની જરથોસ્તી ધર્મમા મનાઇ કરવામા આવી છે અને તેવા વાસણો જો નસાને લાગ્યા હોય તો તેઓ ફરીથી પાક થઇ શકે નહિ એમ જણાવવામા આવ્યુ છે પરતુ ધાતુના વાસણો જો 'અવાવ' થાય તો ઉપર જણાવ્યા મુજબ તેના ચઢ ઉતર દરજ્જા પ્રમાણે ધોઇને સાફ કરવાથી તે પાછા પાક થઇ શકે છે, એવા સઘળા જરથોસ્તી કાયદાઓ અષોઇની બારીકીમા શા આધારે લેવામા આવ્યા છે, તે હવે આપણને સમજ પડી શકે છે

પાણી, હવા, જમીન તથા આતશની પવિત્રાઈ જાળવવા બાબે.

પાણી, હવા, જમીન તથા આતશ **એ ચાર મૂળતત્વોની પવિત્રાઇ** જાળવવાના વદીદાદના ફરમાનોની ખુબી

ખનીજ વર્ગમાથી મળતી વાસણુ વિગેરે જરૂરી ચીજોની પવિત્રાઇ, વનસ્પતિ વર્ગ તરફથી મળતા અનાજ, ફળફળાદી વિગેરે જાતના નિર્દોષ, સાદા ખોરાકની પવિત્રાઇ તથા સાદા, સફેદ પોષાકની સ્વચ્છતા શરીરને પોતીકી સુક્ષ્મ હાલત ઉપર લાવવામા કેવી રીતે ખાસ મદદગાર થઇ પડે છે તથા એ સઘળા કાયદાઓ પદાર્થ–વિદ્યાના કેવા ઉંચ નિયમ ઉપર આપણને લઇ જાય છે તે સમજ્યા પછી, હવે જે ચાર મૂળતત્વો—પાણી, હવા, જમીન અને આતશની—આ દુન્યા બનેલી છે તેની પવિત્રાઇ જાળવવાની કેટલી જરૂર છે તે આપણે જોઇશુ.

ખનીજ વર્ગ, વનસ્પતિ વર્ગ, જાનવર તેમજ આદમજાત દરેકે દરેક વર્ગ આ ચાર મૂળતત્વોમાથીજ પોતાની હૈયાતી ભોગવે છે, તેજ મૂળતત્વોનુ આપણુ શરીર બનેલુ છે, અને શરીરને ટકાવી રાખવા પણ એ ચાર મૂળતત્વો સૌથી અગત્યના છે, તો તેઓ દરેકને ચોકસ કાયદાઓથી પવિત્રાઇ અને અષોઇથી રાખીને તેઓના ખોરેહને દરૂજીનો પાસ નહિ લાગે તેની સભાળ રાખીને જીદગી ગુજારવાનુ ફરમાન વદીદાદમા જાણજા મળે છે

પાણીની પવિત્રાઈ બાબે.

પાણીની પવિત્રાઈના બારીક કાયદા, પાણીમા મુરડા યા નસો નાખવાની સખત મનાઇ

પાણી જેવી અગત્યની ચીજ કે જે ખોરાક કરતા જીદગીને હૈયાતી આપવામા વધારે અગત્યતા ધરાવે છે, તેને જો તેની અસલ પવિત્ર હાલતમા નહિ રાખવામા આવે તો તેના ચાલુ વપરાસ અને સમાગમને લીધે આપણુ શરીર કદી પણ અષોઇની હાલતમા રહી શકે નહિ, તે સાથે એ અમૂલ્ય ચીજ (પાણી) જેની ખાસ્યત દરેક પ્રાણીને પોષણ આપી, તનદરૂસ્ત બનાવી, કુદરતમા અષોઇના બળનો વધારો કરવાની છે, તે ઉમદા ખાસ્યત જતી રહે છે અને તે અનેક દુખ-દર્દોનુ મૂળ થઇ પડી અગ્રમીનોના કાર્યમા એક રીતે મદદ કર્તા થઇ પડે છે એટલા માટેજ દરેક જરથોસ્તીને વદીદાદની પરગરદ ૬ થીમા ખાસ તાકીદ કરવામા આવી છે કે **પાણીમાં તેણે કદી મુરડાં યા બીજો નસો નાખવો નહિ;** તેણે પોતે તેમ કરવુ નહિ એટલુજ નહિ પણ બીજાઓને તેમ કરતા અટકાવવા અને પાણીમા જો નસો દીઠામા આવે તો તે નસો તરત બહાર કાઢી નાખી પાણી સાફ કરવુ કારણ કે નસો પાણીમા પડવાથી તેના રોગીષ્ટ જતુઓ પાણીમા દાખલ થાય છે, બલકે આમેજ થાય છે, તેથી પાણી બગડે છે અને તેવુ પાણી જો માણસોના ઉપયોગમા લેવામા આવે તો અનેક રોગનો ફેલાવો થવાનો સભવ રહે છે પરહેજગારી અને પવિત્રાઇમા ઘણા આગળ વધેલા આપણા અષો વડીલો પાણીને કોઈ જાતની ગલીચી ન લાગે તેની પુરતી સભાળ રાખતા એટલુજ નહિ પણ પોતાના પીવાના તેમજ ક્રિયાકામના **વપરાસના પાણીને પરહેમનાં લોકો જેઓ અજીઠવટાર, બાલ તથા નખ વિગેરેની પવિત્રાઇ ઉપર અમલ નથી કરતાં તેઓના સ્પર્શથી** તેમજ માસિક હાલત વેળા સ્ત્રીઓ (જેઓની આખમાથી તે વેળા બદ મેગનેટીઝમ નીકળે છે તેઓની) નજરથી તેમજ બદ મિશ્રવાલા દુરવદો

જેઓની આખ પણ અપવિત્ર પ્રવાહ જોશમા ફેકે છે તેઓની નજરથી પણ પાણીનુ ખોરેહ કોઇબી રીતે અપવિત્ર ન થાય તે માટે અતિશય કાળજીમદ રહેતા હતા કારણ કે આવી રીતે અપવિત્ર થયલુ પાણી વાપરવાથી તે વાપરનારના ખોરેહની અષોઇ ચોકસ ફરજજે કમી થઈ જાય છે

હવાની પવિત્રાઇ બાબે.

હવાની પવિત્રાઈ રાખવાની જરૂર, અને હવા પવિત્ર રાખવા માટે માનવીએ સુધારવા જોઇતા વિચાર, વચન તથા કાર્ય

હવા કે જે પાણી કરતા પણ જાનને ટકાવી રાખવા માટે સૌથી વધુ અગત્યના ધરાવે છે તેને પણ દરેક જાતની દરૂજીથી દૂર રાખી અેષ્ટાઇના પવિત્ર નિયમ ઉપર ચાલુ રાખવાની આપણી ખાસ ફરજ છે હવાની સ્વચ્છતા અને પવિત્રાઇનો આધાર તેના સમાગમમા આવતી દરેક ચીજોની પવિત્રાઇ ઉપર રહે છે, કારણ કે હવા પોતાના સમાગમમા આવતી તમામ ગલીચી, જતુઓ વિગેરેને પોતામા ખેચી લે છે તેથી તે બગડે છે, અને લોકોની તનદુરસ્તીની પાયમાલી કરે છે હાલમા "હવા બગડી છે તેથી લોકો હેરાન થાય છે" એમ સર્વ કોઇ અફસોસ સહીત પુકાર કરે છે, પણ તેઓ સમજતા નથી કે હવા, પાણી વિગેરે કુદરતની ભલી પેદાયશોને બગાડનાર **માનવી** પોતેજ છે જરથોશ્તી ધર્મમા એક કર્મનો કાયદો એવો શીખવેલો છે કે જે વિચાર, વચન અને કાર્ય આપણે કર્યે છીએ તેની અસર હવામા છેક ઉચે બધાય છે અને તે અસરો ખુદ હવાની અદર રહેતા ગરમીના તત્વને, હવાને, તેમજ ઉપરથી આવતા વરસાદ મારફતના પાણીને, તથા જમીનને ચાલુ સારી યા માઠી અસર કર્યા કરે છે આ રીતે જો પૃથ્વીપર વસ્તા લોકોના વિચાર આચાર તથા કાર્યો ખરાબ દરૂજીને લગતા હોય છે તો તેનો પ્રતિઉત્તર આ ચાર મૂળતત્વોના બિગાડની અદર આવે છે, અને પછી મર્કી, દુકાળ, આગ, ધરતીકપ અને લડાઇ વિગેરે આફતના બનાવો બનીને આદમજાત પાસે ભોગવાવે છે આવા બનાવો નહિ બનવા પામે તેની ખાસ મતલબથીજ વદીદાદની અદર **દરેકે દરેક પેદાયશને વિચારથી, વચનથી અને કામથી સ્વચ્છ રાખવાનુ** ફરમાન આપેલુ છે હાલની પદાર્થ-વિદ્યા જે જતુ-શાસ્ત્રને આધારે દરેક પદાર્થને પવિત્ર રાખવા ફરમાવે છે તે તો ફક્ત ઘણી ઉતરતા પ્રકારની પવિત્રાઇ શીખવે છે, પણ જરથોશ્તી ધર્મમા જે વદીદાદ પ્રમાણે ઉચ ફરમાનો દરેક ચીજની પવિત્રાઇ માટે આપેલા છે, તે ફરમાનો કુદરતના કારો-

બારમા **અષોઇના ખાસ પ્રવાહોને** જરાબી અડચણ નહિ પડે એવી મહાન મતલબથી આપવામા આવ્યા છે અને આ રીતે **અષોઇને કુદરતના અખંડ કાયદા તરીકે** સામટી રીતે જરથોસ્તી ધર્મમા ગણેલી છે એમ આપણે અનુમાન કાઢી શકીએ છીએ

જમીનની પવિત્રાઇ બાબે.

જમીનની પવિત્રાઇ બાબે વંદીદાદના ફરમાને।

હવા અને પાણી ઉપરાન્ત **જમીનની પણ અષોઇ** જાળવવાને વંદીદાદની ૩ જી પરગર્દમા ખાસ કાયદાએ। સમજાવવામા આવ્યા છે જમીનને સ્વચ્છ અને સાફ રાખવાથી ત્યાની હવા પણ સ્વચ્છ રહી શકે છે તેથી તેની આજુબાજુ વસ્તા લોકોની શરીર–સુખાકારી જળવાય છે ભીનાસવાળી જમીનમાથી તરેહવાર જાતના મચ્છરો, રોગજનક જંતુઓ ઉત્પન્ન થાય છે, જેઓ ત્યા વસ્તી જાનદાર પેદાયશોને જીવલેણ દુઃખ–દર્દોના ભોગ બનાવે છે તેવા જંતુઓની ખરાબી અટકાવવાને વાસ્તે ભીનાસવાળી જમીનને સુક્કી બનાવવાનુ વંદીદાદનુ ફરમાન તંદુરસ્તીને ઘણુ લાભકારક છે

જમીનમાં મુરડા દાટવાથી થતુ નુકસાન

જમીનમા મુરડા દાટવા એ જરથોશ્તી ધર્મ પ્રમાણે અષાઇની સામે જનારૂ 'દુજવરૂસ્ત' યાને ખરાબ કામ ગણાય છે સાધારણ રીતે ખાતર જેવી દુર્ગંધી ચીજોના તત્વો જમીન પોતામા આમેજ કરી તેને ભલી અસરમા ફેરવી નાખી ફળફુલ રૂપે બહાર કાઢવાની ઉમદા શકિત ધરાવે છે, પણ મુરડાની અંદર રહેલો નસો યાને દરૂજનો પ્રવાહ એટલો તો જોગવર હોય છે કે જમીન (ધર્તીમાતા) તે પોતામા આમેજ કરી શકિત નથી અને તેથી મુરડા જમીનમા દાટવાથી ત્યાની હવા બિગડે છે અને આવી બિગડેલી હવા જેઓના દમમા જાય છે તેમની તંદુરસ્તીને તે નુકસાન કર્તા થઇ પડે છે એ ઉપરથી સિદ્ધ થાય છે કે જમીનમા મુરડા દાટવાથી કુદરતની અમુલ્ય પેદાયશ–હવા–ઝેરી બને છે એ પ્રમાણે જ્યારે હવાની અમુલ્ય પેદાયશને ખરાબી પાથરનાર સાધન માનવી પોતે બનાવે છે, ત્યારે તેનુ પરિણામ પોતેજ ભોગવે છે

જ્યારે એથી ઉલટુ (વંદીદાદ પરગરદ ૩ અને ૭ મા ફરમાવ્યા પ્રમાણે) જમીન ઉપર કોઇપણ જાતને। નસો પડેલો હોય યા તેમા મુરડુ દાટેલુ હોય તો તે બાહાર કાઢી નાખવાથી અને અસ્વચ્છ બનેલી તથા

ભીનાસવાળી જમીનને સુકકી બનાવી તે વસવા લાયક યા ખેતી કરવા લાયક બનાવવાથી સર્વની આબાદી, સુખાકારી અને તંદુરસ્તીને ઘણો ફાયદો થાય છે તેથીજ જમીનની સ્વચ્છતા તથા સુઘડાઇ જાળવવાના કાર્યને અષોઇના કાર્યમા સમાવી દેવામા આવ્યુ છે

ખોરશેદ તથા આતશ એ બે રોશનીના સાધનો. આતશની પવિત્રાઈ જાળવવા બાબે.

"અષોઇ" ના નિયમમા દરૂજી સામે ટક્કર ઝીલવામા **કુદરતી રોશનીથી** મળતી મદદ

જે પ્રમાણે ખાક, (યાને જમીન) બાદ (યાને હવા) અને આબ (યાને પાણી) સ્થુળ શરીરની સુખાકારી આપનારા કુદરતના કીંમતી સાધનો છે, તેજ પ્રમાણે ખોરશેદની રોશની પણ સુખાકારીનુ બેમૂળ સાધન છે, અને આવી રોશની ખરાબ જંતુઓનો તથા દરેક પ્રકારની આલુદગીનો નાશ કરે છે, આ સિદ્ધાંતને ધર્મ તથા 'સાયન્સ' બન્ને તરફથી એકસરખો ટેકો મળે છે

દીનદાર જરથોશ્તીઓ ખોરશેદ સનમુખ ઉભા રહી બંદગી કરે છે, ઘરમા બને તેમ તેની રોશની દાખલ થઇ દરૂજી દફે કરે એવા ખ્યાલથી બારણાબારી ખુલ્લા રાખે છે, અને તેની રોશનીનો લાભ મેળવે છે અને તેમ કરવે ચોકખી હવાને પણ પુરતા જથ્થામા દાખલ થવાનો તેમજ ઘરની ઝેરાયલી હવાને બહાર કાઢવાનો માર્ગ આપી શરીર-સુખાકારીના કાનુનો સાચવે છે

સૂર્યની રોશની તમામ દરૂજીનો તથા રોગનો નાશ કરનાર છે એ બિના સિદ્ધ થવેજ હાલના કેટલાક સેનીટેરીઅમો છાપરા વગરના અને ઘણાજ ખુલ્લા બાંધેલા જોવામા આવે છે તથા હૉસ્પીટલોમા વઢાડકાપના ઓરડાઓમા (**'ઓપરેશન રૂમમાં'**) મોટા પ્રમાણમા **કાચોનો ઉપયોગ કરી સૂર્યની રોશની** બને તેમ વધુ દાખલ કરવામા આવે છે

ખોરશેદનુ અષોઇની દુન્યાને વૃદ્ધી કરનારૂ કાર્ય

રોશની જંતુઓને તોડનાર છે, એ બિના ધ્યાનમા રાખીનેજ આપણા પવિત્ર મજહબમા નુરી કેબલાઓ સમક્ષ ક્રિયાઓ કરવામા આવે છે આસમાનમા ઝળકતા મહાપ્રતાપી સૂર્યની રોશની સર્વ પેદાયશોને જીવનગાળો તેમજ પવિત્રાઇ બક્ષે છે ખોરશેદ નીઆએશમા અલંકાર રૂપે જણાવ્યુ છે કે જ્યારે ખોરશેદની રોશની તપે છે

અને પ્રકાશે છે ત્યારે સેકડો તથા હજારો મીનો ઇજદો ઉભા રહે છે, તે રોશનીને એકઠી કરે છે, તેને નીચે મોકલે છે, તેને હોરમજદની જમીન ઉપર પાથરી દેય છે અને અમર, તુરમદ તેજસ્વી ખોરશેદ અષોઇની જેહાનની તથા અષોઇની પેદાયશની વૃદ્ધિ કરે છે

આતશની પવિત્રાઇ પ્રકાશીત રોશનીનો બીજો ગોળો જે **"આતશ"** છે તે તરફ પણ પૂરતી પવિત્રાઇ જાળવવાના કાનુનો અષોઇની તરીકતનો ખાસ ભાગ રોકે છે આતશ જે ગરમીનુ આ પૃથ્વી ઉપર નજરે પડતુ રૂપ છે તેને નજીસાતથી દૂર રાખી, તેની તરફ પુરતી અષોઈ જાળવી, તેના ખોરેહનો પ્રતાપ ઘણો તેજ બનાવી તેનો પુરતો ફાયદો હાસલ કરવાની દરેક જરથોસ્તીની ફરજ છે

હપ્તન યસ્તના બીજા કરદામા ભણનાર આતશ સનમુખ કહે છે કે "આએ આતશની મારફતે અએ સૌથી વૃદ્ધિ કરનાર મીનો હોરમજદ! સૌથી પહેલા અમો તને તને પહોચ્યે છીયે જે કોઈ (અએ આતશ!) આએ (તારા બલતા) આગલ અપવિત્રાઇ લાવે છે તેને તુ તેના અવેજમા અપવિત્રાઇથી ઢાકી નાખે છે અએ આતશ! હોરમજદની તુ એક નિશાન છે (અએ આતશ!) (તુ) તે મીનો (હોરમજદ) ની સૌથી વૃદ્ધિ કરનાર નિશાન છે

આતશ ઉપર મુરદાળ શરીર નહિજ બાળવાનુ ફરમાન આતશ ઉપર નસો બાળવાથી **તેનુ (આતશનુ) ખોરેહ અપવિત્ર થાય છે** અને તે બિગડેલુ ખોરેહ પોતાની આસપાસના વાતાવરણને અપવિત્ર કરે છે, અને તે અપવિત્ર થયલા વાતાવરણમા વસ્તા માનવીઓ અણદીઠ અહેરેમનની હૈયાતીઓના ખેચાણમા આવે છે અને તેથી બુરા વિચારો તેમના મનમા દાખલ થાય છે, અને તેમની શરીર–સુખાકારી બગડે છે એજ સબબે આપણા અસલી ઇરાનીઓમા **લાશને આતશ ઉપર બાળવાની મનાઇ હતી.** યુનાની તવારીખનવેશ હીરોડોટસ તથા નીકોલસ દેમાસનીસ નામના પુરાણા લખનારાઓ પણ એ બાબે કહે છે કે 'ઇરાનીઓ કોઇપણ કારણે મુવેલાને આતશ ઉપર બાળતા નથી અને તેઓ આતશ ઉપર મુએલા નજીસાત બાળવાની ખાસ મનાઇ કરે છે' આતશમા નસો બાળવાના કામને અવસ્તામા **'અહેરેમનને લગતુ'** કામ જણાવ્યુ છે વંદીદાદમા પાણી તથા આતશમા નસો નાખનાર શખ્સને તેની જીંદગીના છેડા સુધી અપવિત્ર ગણેલો છે

ક્રીમેતોરીઅમમા લાશ બાળવી એ અષોઇની તરીકતનુ સમુળગુ નાશ કરનારૂ કામ છે

વળી હાલમા થોડોક વખત થયા કેટલાક જરથોશ્તીઓ આપણા બુલદ ધર્મના નેક ફરમાનોની વીરૂધ જઇ ગુજરેલાની લાશોને "ક્રીમેતોરીઅમ" મા વીજળીક પ્રવાહથી બાળી નાખવાની રૂઢી દાખલ કરવા વખતોવખત નીકળે છે તે રૂઢી પણ ઉપર જણાવેલા કારણોસર **અષોઇની જરથોશ્તી તરીકતનો સમુળગો નાશ કરનારી** છે અને તેથી એક જરથોશ્તીની નજરમા તે સૌથી ધિક્કારવાજોગ છે તે લોકો એવો બચાવ લાવે છે કે "ક્રીમેતોરીઅમ" મા લાશને વીજળીના પ્રવાહથી બાળવાથી લાશ આતશના સમાગમમા આવી શકતી નથી આ તેમનો બચાવ તદન ખોટો છે કેમકે વીજળીનો આતશ જેને અવસ્તામા "આતરૂ વાઝિશ્ત" કહેલો છે તેને માટે હમેન યશ્તના કરદા ૨ મા નીચે મુજબ જણાવ્યુ છે "અએ હોરમજદના આતશ! નામોમાનુ તારૂ (એક નામ) "વાઝિશ્ત" (યાને વીજળીનો આતશ) (છે) તે (નામ) ની મારફતે તને (અએ હોરમજદ!) અમો પહોચ્યે" એ ઉપરથી ખુલ્લુ જણાશે કે **વીજળીનો પ્રવાહ** યાને "વાઝિશ્ત" એબી **આતશનુ જ** એક મહાન રૂપ છે વળી યજશ્નેના ૧૭ મા હામા જે પાચ ઉચ વર્ગના આતશોની વખાણ કરવામા આવી છે તેમાનો "**વાઝિશ્ત**" પણ એક છે આવા આડે માર્ગે ઉતરી પડેલાઓએ જાણવુ જોઇએ કે જો તેઓ પોતાની અજરથોશ્તી અને અષોઇનુ સમુળગુ ખુન કરનારી રૂઢી જો કોઇબી વખતે દાખલ કરશે તો હમેન યશ્તના કરદા ૨ મા જણાવ્યા પ્રમાણે 'જે કોઇ આતશ આગળ અપવિત્રાઇ લાવે છે તેને તેના આવા ગુનાહભર્યા કામને લીધે આતશ અપવિત્રાઇથી ઢાકી નાખે છે' આપણે ઇચ્છીશુ કે આ દુર્વેદી કામ કરનારાઓને આવા બુરા અંજામથી બચવાને દાદાર નેક બુદ્ધિ બક્ષે!

જરથોશ્તી ઘરમાં "આતશ" રોશન હોવોજ જોઇએ

સ્ટ્રેબો નામનો યુનાની લખનાર કહે છે કે 'અસલી ઇરાનીઓની આતશ તરફ એટલી તીક્ષ્ણ લાગણી હતી કે તેઓ **આતશને દમથી ફુકતા પણ નહિ હતા.**' આતશ નીઆએશમા ભણનાર દુવા ચાહે છે કે "અએ આતશ! લાબો વખત સુધી, હીંમત આપનાર ભલા 'રસ્તાખેજ' યાને કેઆમતના વખત સુધી **આએ**

ઘરમાં તુ બળતો રહજે, આએ ઘરમા હુમેશ બળતો રહેજે, આએ ઘરમા તુ ચલકાતમા રોશન રહેજે તથા આએ ઘરમા તુ વધારામા રહેજે" ઘરનો આતશ જો પવિત્રાઇથી રાખ્યો હોય તો તેનુ ખોરેહ કુટુબના ખોરેહને ફાયદો કરે છે અફસોસ કે આજે તો ઘણાએક જરથોસ્તી ઘરોમા 'સ્તવ' યાને તેલ અને સ્પીરીટથી ચાલતા ચુલાઓ રાખવામા આવે છે અને ઘરના રોશન–આતશ જેવુ કશુજ હોતુ નથી. વળી કેટલાક ઘરોમા આતશ રાખવામા આવે છે ત્યારે તેની કશીબી પવિત્રાઇ જાળવવામા આવતી નથી.

કુટુબી આતશને કુટુબી ખોરેહ સાથે સબધ, તથા કુટુબી ખોરેહથી વિચાર આચારો ઉપર થતી અસરોને લીધે, લાલ્યા, ફીરગી, વીગેરે **જુદદીનોના હાથમાં ઘેરનો આતશ સોંપવાથી** થતુ ભારે નુકસાન,

આપણે જાણ્યે છીએ કે પવિત્રાઇના જેટલા બારીક ફરમાનો આપણુ જરથોસ્તી ટોળામા જાયજ છે તેટલા બારીક અષોઇના કાયદાઓ બીજી કોઇ જાતમા જાયજ નથી તેમા ખાસ કરી ફીરગી, લાલ્યા, મુસલમીન વીગેરે **જુદદીન નોકરોમાં તો તેની ઘણીજ કોતાઇ** હોય છે તેઓ વારવાર મોહમા હાથ લે છે, અજીઠવટારનો કાયદો તેઓ બીલકુલ સમજતાજ નથી, હાજતે જઇ આવ્યા પછી હાથો વતીક ધોતા નથી, તેમજ સાધારણ સ્વચ્છતા કે સુઘડાઇના કાયદા વટીક પાળતા નથી, તો તેવા ઉતરતા દરજ્જાના ખોરેહ ધરાવનારા નોકરોના હાથમા આપણા ઘરના પવિત્ર આતશનો તમામ હવાલો આપવાથી આતશનુ ખોરેહ ઘણુ ગદળુ થઇ જાય છે અને ખોરેહ વિચાર સાથે અગત સબધ ધરાવતુ હોવાથી તે કુટુબના વિચાર–આચાર બગડે છે બચ્ચાઓ નાફરમાન અને દીનદારી વગરના નીકળે છે અને એ રીતે કુટુબની અષોઇમા અણદીઠ રીતે ખલલ પહોચે છે જરથોસ્તી દીનમા ઘેરના આતશ ઉપર જુદદીનની નજર વટીક નહિ પડવા દેવાનુ આપણુ જરથોસ્તી ફરમાન શા આધારે રચવામા આવ્યુ છે તે જ્યારે દીનદારો સમજતા થશે ત્યારેજ જુદદીન નોકરો પાસે ઘેરના આતશને સોપવામા સમાયલો કુટુબની ખરાબી કરનારો જોખમ તેમને માલમ પડશે.

સુવાના ઓરડામાં ઘી યા વનસ્પતિના તેલની બતીની રોશનીથી દરૂજ સામે થતો બચાવ

આપણે યાદ રાખવું જોઇએ કે દુનીઆની અંદર જેમ ભલી મિનોઇ હસ્તીઓ રહેલી છે, તેમ અણદીઠ દરૂજીઓ અને બુરી હસ્તીઓ પણ રહેલી છે, જેઓ ચાલુ આપણી ઉપર હુમલો કરવાની ટક શોધતી ફરે છે, તેવી દરૂજીઓનું બદ બળ અટકાવવાને કુદરતે આપણને ચઢઉતર દરજ્જાની રોશનીના હથીઆરો આપેલા છે રાતે સુતી વખતે જયારે દરૂજીનું જોર વિષેશ હોય છે, ત્યારે નાપાકીનું જોર ચાલુ તૂટેલું રાખી આપણો અણદીઠ રીતે બચાવ કરવાને વાસ્તે સુવાના **ઓરડામાં ધીમી ઘી યા વનસ્પતિનાં તેલની બતી રોશન રાખવાનો આપણો** કદીમ જરથોસ્તી રિવાજ કેટલો બધો ફીલસુફીભર્યો છે! આતશની આવી મહાન ખીસ્કારીને લીધેજ તેને "વૃદ્ધિ કરનાર લડવૈયા મિસાલ ખીસ્કારી બજાવનાર" અને "પૂર ખોરેહવાળો" તથા "યજદી શકિત-ધરાવનાર" તરીકે આતશની નિયાએશમા ગણવામા આવ્યો છે

આતશમા યજદી શક્તિનુ જોશ, તથા શારીરીક સ્વચ્છતા ઉપરાંત આત્મિક સ્વચ્છતા આપવાની રહેલી શક્તિ

"આતશ જે નીતિ અને ઉંચ જ્ઞાનના ઝળઝળતા વિચારો ઉત્પન્ન કરનારૂં તત્વ છે, કે જે તત્વ વડે જગતની તમામ પેદાયશ ટકી રહી છે, જે તત્વ કુદરતની તમામ ન્યામતની વૃદ્ધિ કરે છે, જે ઝેરી હવાનો નાશ કરી તંદુરસ્તી ફેલાવવા માટે ભીનાસ વગરના સુકકા લાકડા તથા સુખડ અને અગરનો ખોરાક માગે છે તે પાકી આતશનું તત્વ આપણને આપણા શરીરની અંદરના ભીત્તરના આતશને હુમત, હુખ્ત અને હ્વર્શ્તને લાયકનો ખોરાક આપી સઘળે અષોઇ, વ્યવસ્થા અને સુખ-શાંતિ ફેલાવવાના અચુક કાયદાની યાદ આપે છે"

રવાનના આતશને સદા રોશન રાખવા માટે "અષોઇ" ના બીજા વધુ કાયદા

આપણ જરથોસ્તીઓ પાકી આતશને હમેશા પજરતો રાખવાની, તેના ખોરેહની પવિત્રાઇ સદા જાળવી રાખવાની અને તે કદી બુજાઇ નહિ જાય તેની સંભાળ રાખવાની જેમ ખાસ કાળજી ધરાવીએ છીએ, તેજ પ્રમાણે આપણો **આત્મીક આતશ,** જે આપણું **રવાન છે** તેની રોશની પણ કદી ઝાખી નહિ પડી જાય યા બુજાઇ નહિ જાય તે માટે તેને પણ હમેશ રોશન અને ઉંચ અષોઇ ઉપર રાખી તેની રોશનીથી મિનોઇ રોશનીઓનો ઝરો

નીહાળવાની આપણી ચાલુ કોશેષ હોવી જોઇએ, અને આવી ઉમદા કોશેષને કાર્યસાધક બનાવવાને માટે હજી કેટલીએક અષોઇની તરીકતો બાકી રહી ગઇ છે તે ઉપર હવે આપણે આવીશુ

માસિક માંદગી તથા સુવાવડના પ્રસંગોએ અલાહેદાં રાખવા બાબે.

ખોરેહની અસ્વચ્છતા માટે **માસિક માંદગી તથા સુવાવડની હાલત** વખત અલાહેદા નાખવાની લેવી જોઇતી સંભાળ

ખોરેહની જાળવણી કરવાના જે ઉત્તમ સાયનટીફીક ફરમાનો જરથોસ્તી દીનમા આપણા મહાન પેગામ્બર સાહેબે આપેલા છે તેમા માસિક માંદગી તથા સુવાવડની વખતે સ્ત્રીઓને અલાહેદા રહેવાનો કાયદો એક ઘણીજ અવશ્યની તરીકત છે આ તરીકત કટલી બધી સાયનટીફીક છે અને તેને અમલમા નહિ મુકવાથી આખી કોમને કેવુ ગંભીર નુકસાન થાય છે, અને કોમની શારીરીક, નૈતીક તથા આત્મિક દુરસ્તીને કેવો ધોકો પુગે છે તે આપણે જોઇશુ

માસિક હાલત કુદરતી છે તથા અવશ્યની છે, છતા તે કુદરતના એપણાને કાયદે દરૂજી ફેલાવનારી તથા અષોઇને કાપનારી છે, અને જરથોસ્તીઓ તરીકે આપણી ફરજતો ચાલુ **દરૂજીનો દોર તોડી અષોઇ અને અષોઇનોજ વધારો** કરવાની છે તો પછી એની વખતે અષોઇની જાળવણી કરવાના જે બારીક કાયદાઓ આપણા જરથોસ્તી પુસ્તકોમા, ખાસ કરી વંદીદાદમા, આપવામા આવ્યા છે તે સઘળા આપણે પાળવાજ જોઇએ

માસિક માંદગીવાળી **સ્ત્રીના અપવિત્ર ખોરેહને** લીધે વંદીદાદમા તેણીથી દૂર રહેવાના કાયદા

એ દરૂજી તેના સમાગમમા આવનાર માનવીના મનની, વિચારની, ખોરેહની અને ગવાનની અષોઇને, વનસ્પતિ તથા ફળફુલના બીયાની ઉગવાની શકિતને તથા ભણતરના કલામની પવિત્ર અસરને બીલકુલ કતે કરી નાખે છે, એટલા માટેજ વંદીદાદમા એવી સ્ત્રીઓ માટે ઝાડોથી, રોપાઓથી ને બાળવાના લાકડાથી દૂર તેણીને રાખવાની જગા પસંદ કરવામા આવી છે અને આતશ, પાણી અને પાથરેલી બરસમથી ૧૫ કદમ દૂર તથા એક અષો માણસથી ત્રણ કદમ દૂર તેણીની જગા હોવી જોઇએ—એમ વંદીદાદ ફરગર્દ ૧૬-ફકરા ૧, ૨, ૩, ૪ મા જણાવવામા આવ્યુ છે

માસિક માંદગીવાલી સ્ત્રીના શરીરનો પ્રવાહ ખોરેહનો, તેમજ ઝાડ અને બીયાં જેવી ચી જોનો નાશ કરે છે પવિત્ર બાઈબલમાથી મલતી તેની શાહદત

એ હાલત વખતે તે સ્ત્રીના આખા બદનમાથી જે પ્રવાહ બહાર નીકળે છે તેની અસર એટલી તો ખરાબ હોય છે કે તે સ્ત્રીના સમાગમમા ત્રણ કદમની અ દર આવનાર એક '**અષો**' માણસના **ખોરેહને** પણ કાપી નાખવા માટે તે પુરતો હોય છે પવિત્ર બાઇબલ (The New Testament St Mark Chapter 5, 27-32) મા પણ ઇસારો કરવામા આવ્યો છે કે માસિક માંદગીથી ચાલુ હેરાન થતી એક સ્ત્રીએ પેગમ્બર સાહેબ જીસસ ક્રાઇસ્તનુ વસ્ત્ર પછવાડેથી પકડ્યુ, એવા ઇરાદાથી કે આ પવિત્રાત્માના વસ્ત્રનો સ્પર્શ થવાથી જે પીડાથી તેણી દુખી થતી હતી તે મટી જશે, અને તેમ કર્યાથી તેણીનુ તે દુખ **તરતજ** મટી ગયુ અને તેણી સાજી (યાને આપણા બોલોમા, ચોખ્ખી) થઇ ગઇ પણ તેજ વખતે જીસસ ક્રાઇસ્તને જણાયુ કે તેમનુ **ખોરેહ** (Virtue or Aura) જતુ રહ્યુ હતુ અને તેથી જ્યારે તેઓએ પાછલ ફ્રીને જોયુ ત્યારે તેઓ સાહેબને માલમ પડ્યુ કે તે માસિક માંદગીવાલી ઓરતે તેમના વસ્ત્રને અડકવાથી તેમ થયુ હતુ

એ ઉપરાત એમ પણ સિદ્ધ થયુ છે કે એ પ્રવાહની અસરથી ગમે એવા **તેજદાર બીયાંનુ** ખીલવાનુ તત્વ યાને ઉગવાની શક્તી એકદમ ઘટી જાય છે પ્લીની નામનો યુનાની લખનાર કહે છે—

"On the approach of a woman in this state seeds which are touched by her become sterile, grafts wither away, garden plants are withered up"

એટલે—"જે બીયાને એવી હાલતવાળી સ્ત્રી સ્પર્શ કરે છે તે બીયા ફળદ્રુપ થતા નથી જે કલમો અને બાગના રોપાઓને તેણી સ્પર્શ કરે છે તેઓ સુકાઇને નાશ પામે છે"

તેજ પ્રમાણે એ હાલતવાળી સ્ત્રીના શરીરમાથી નીકળતો મેગ્નેટીઝમનો પ્રવાહ જે **અણદીઠ જંતુઓથી** ભરપુર હોય છે તે પ્રવાહ બીજા સાધારણ માણસના દમમા જાય છે તો તે માણસોની **મગજ-શક્તિ નબળી** પડી જાય છે.

અવસ્તા માંથ્ર માસિક માદગીવાળી સ્ત્રીથી ભણાય તો નહિ પણ સભળાયવી નહિ

વળી એ વખતે સ્ત્રીને પોતાને **અવસ્તા માંથ્ર ઉચ્ચારવાની મનાઇ કરવામાં** આવી છે, તથા બીજાઓ જેઓ અવસ્તા માથ્ર ભણે તેઓએ તે માથ્રનો અવાજ તેણીને **નહિ સભળાય** એવી રીતે ભણવાને જરથોસ્તી શિક્ષણ ફરમાવે છે કારણ કે તે સ્ત્રીના બદનમાથી નીકળતો દરૂજીનો પ્રવાહ તે અવસ્તા માથ્ર ઉચ્ચારવાથી ઉત્પન્ન થતી **ભલી અસરોને** બીલકુલ કાપી નાખે છે.

માસિક માદગી વખતે અસલ ઇરાનમા **અલાહેદાં મકાનોમાં** આપવામા આવતી **તન તથા મનની આસાયશ** એ બાબે એક તબીબના વિચારો.

અસલ ઇરાનમા જ્યારે અષોઇની સત્વળી તરીકતો પાળવામા આવતી હતી ત્યારે તો એવી વખતે સ્ત્રીઓને અલાહેદી રાખવાને માટે **ખાસ મકાનો** બાધવામા આવતા હતા અને એવી રીતે અલાહેદા મકાનમા તેણીને ગખવાથી તેણીથી બીજાઓની અષોઇને કોઇ રીતનુ નુકસાન પહોચવાનો સભવજ રહેતો નહિ, અને તેણી પોતે તનની અને મનની પુરતી આસાયશ ભોગની શકતી હતી ને ઘરના કામથી બીલકુલ અલગ રહી શકતી હતી

સુવાવડની તથા માસિક માદગીની વખતે એક સ્ત્રીને તન અને મનની પુરતી આસાયશની જરૂર છે એમ તબીબી વિદ્યા ભાર મૂકી જણાવે છે આ વખતે જો તેણી આસાયશ નથી લેતી તો તેણીની તબીયત ઘણી બિગડે છે, તેણી નબળી પડી જાય છે, તેણીને ઘણી વેદના થાય છે, અને તેણી ચોકસ જાતના દુખ-દર્દની ભોગ થઇ પડે છે વળી ઉપલી બને હાલતોને વખતે તે સ્ત્રીએ પોતાના ધણીથી દુર રહેવાની ખાસ જરૂર છે અને તેથી અલાહેદુ રહેવુ (Segragation) ઘણુ અવશ્યનુ છે એ વેળા જો તેણી એકદમ ઉશ્કેરાય છે યા અશાત બને છે તો તે વખતે તેણીની તદુરસ્તીને ઘણુ નુકસાન પહોચે છે લનડનનો પ્રખ્યાત ડૉ૦ એડીસ કહે છે કે —

"Sudden suppression may occur from some powerful mental emotion or shock"

એટલે—"એ વખતે જો તે સ્ત્રીના મગજ ઉપર ઓચીંતો બોજો આવી પડે છે, તો તેથી તેણીની કુદરતી હાલતમા એકાએક ફેરફાર થઇ જાય છે" ખાસ કરી જેઓનો બાધો નબળો હોય છે તેઓ એવી વખતે

નજીવા નજીવા કારણોસર ચીરડાયા કરે છે એટલુજ નહી પણ કોઇ કોઇ તો પોતાના મન ઉપરનો કાબુ એટલો તો ખોહી બેસે છે કે તેઓ વારવાર ફોજદારી ગુનાહ કરવાને પણ અચકાતા નથી 'લહ ગાન્ડ સોલ' જણાવે છે કે "પેરીસ શહેરની દુકાનોમા જે ૫૬ સ્ત્રીઓ ચોરી કરવા માટે પકડાઇ હતી તેમાથી ૩૫ બાઇઓ એ હાલતમા હતી" વળી ડૉ૰ બાન્સ જણાવે છે કે "જેઓને વાયુરોગ અને ફીફરૂ થવાની આદત હોય છે તેઓ એ હાલત વખતે ઘણીવાર વધારે હેરાન થતા જોવામા આવે છે"

ત્યારે એ ઉપરથી માલમ પડે છે કે ઉપલી બન્ને હાલતવાળી એક સ્ત્રીને પોતાની તેમજ પોતાની આસપાસનાઓની તન, મન અને આત્મા ની અષોઇને કોઈ રીતે હાની નહિ પુગે એવા નેક હેતુથી જરથોશ્તી ધર્મમાં તેણીને **અલાહેદી** રાખવાની ખાસ તરીકત આપવામા આવી છે વળી દરૂજનુ જોર ચાલુ તૂટેનુ રાખવાને માટે તેણીએ પોતાના હાથ, મોહું, પગ વીગેરે ધોવાને માટે ગોસ્પદનો નીરંગ વાપરવાને તાકીદ ફરમાવવામા આવી છે

માસિક માદગી વખતે જાળવવાના વંદીદાદના કાયદા તથા તેને મળતો તબીબી વિદ્યાનો ટેકો

વંદીદાદની ૧૬ મી પરગર્દ, ફકરા ૨, મા જે જણાવ્યુ છે કે માસિક માદગીવાળી સ્ત્રીના વસવાટની જગાએ **સુકી રેતી** પાથરવી જોઇએ, તે વંદીદાદનુ ફરમાન તે સ્ત્રીની તંદુરસ્તીને વણુ ફાયદેમંદ છે જેમ સાધારણ હાલત વેળા શરદી લાગવાથી તાવ, સલેખમ, કાસો અને ફેફસાના દર્દો વિગેરે થાય છે તેમ માસિક માદગી વેળા શરદી લાગવાથી તે સ્ત્રીઓ ઘણા ગંભીર દર્દોની ભોગ થઇ પડે છે એ વખતે શરદી લાગવાથી થતા દર્દો વિષે ડૉ૰ એડીસ, ડૉ૰ બાર્બર, ડૉ૰ હાર્ટ વિગેરે જેઓ સ્ત્રીઓના ખાસ પ્રખ્યાત ડૉકટરો છે તેઓ પોતાની ચોપડીઓમા ઘણા લખાણો કરે છે, પણ બાબદ લગાર નાજુક હોવાથી આપણે એટલુજ જણાવીશુ કે એ હાલત વખતે **શરદી પાણીથી** દૂર રહેવાના આપણા ધાર્મિક ફરમાનને હાલની સાયન્સ પણ ટેકો આપે છે, ત્યારે આપણુને કાઇક ખ્યાલ આવી શકે છે કે આપણા બુલંદ ધર્મમા રવાનની અષોઇ જાળવવાની સાથે સાથે તનની દુરસ્તી ઉપર પુરતુ ધ્યાન આપવામા આવ્યુ છે **તનની દુરસ્તી વગર રવાનની અષોઇ** જાળવી શકાય નહિ એમ જરથોસ્તી ધર્મ જગેજગ શિખાડે છે

માસિક માંદગીવાળી સ્ત્રીએ ભોંયતળીયે બેસવું તથા માળપર બેસવુ તેમા કેટલો ફેર?

આપણી અષોઇની તરીકત મુજબ એવી વખતે માળ ઉપર બેસવુ નારવા ગણાય છે એમ કહેવામા આવે છે કે કોબા યા ટાઇલની ભોયના પાતળા પડની નીચે હવા સાથના પોકળ ભાગો આવતા હોવાથી તે સ્ત્રીના શરીરમાથી નીકળતા દરૂજીના પ્રવાહનુ પ્રમાણ તે કોબાની ભોયની ખેચવાની શક્તિ કરતા ઘણુ વધારે હોવાથી તે જમીનમા ખેચાઇ જવાને બદલે વાતાવરણમા ચોમેર ફેલાઇ જાય છે, અને એ રીતે તે હવા સાથે મળેલો દરૂજીનો પ્રવાહ તે ઘરમા વસ્નારાઓના તથા તે ઘરની આસપાસ રહેનારાઓના દમમા જાય છે જે તેમની સજીવન શક્તિ યાને 'ઉસ્તાન'ની સાથે મળવાથી તેઓના વિચારો અણદીઠ રીતે હલકા પ્રકારના બને છે, તેમનુ મનોબળ ઘણુ ઉતરતા દરજ્જાનુ થઇ જાય છે, તેમના ખોરેહની અષોઇ ઘણી કમી થઇ જાય છે એટલુજ નહિ પણ ત્યાનુ વાતાવરણ બિગડેલુ હોવાથી ત્યા શારીરીક દર્દો પણ જુદા જુદા પ્રકારમા ઉભરી નીકળે છે જયારે એથી ઉલટુ, એ વખતે ભોયતળીએ રહેવાથી તે સ્ત્રીને પોતાને તેમજ બીજાઓને ઉપર મુજબ નુકસાન પહોચતુ નથી, કારણ કે ભોયતળીઆની નીચે નકકર જમીન આવે છે જે જમીન પેલા ખરાબ 'મેગ્નેટીઝમ' ને **પોતાની અદર ખેચી** લે છે અને તે બદ-પ્રવાહોને ભલા પ્રવાહોમા ફેરવી નાખવાની ઉત્તમ શકિત ધરાવે છે

માળપર માસિક માંદગીવાળી સ્ત્રી હોય તો "અષોઇ" ની ધર્મ-ક્રિયાઓ તે મકાનમા થઇ શકે નહિ

વળી માળપર બેસવાનુ જેમ જીવતાઓને હાનીકારક છે તેમ તે **ગુજરનાર રવાનોને** પણ તેવુ જ હાનીકારક છે જયા માળપર એવી સ્ત્રીઓ હોય છે તે મકાનમા કોઇબી **બરશ્નુમવાળા** મોબેદથી જવાઇ શકાતુ નથી, કારણ કે બરશ્નુમની મહાન ક્રિયાથી તેણે મેળવેલી ખોરેહની અષોઇ આવા બદ 'મેગ્નેટીઝમ'ની અસરથી કપાઇ જાય છે વળી તે ઘરમા કોઇબી માળપર યા નીચે ગુજરેલાઓની નૈયતે અષોઇના પ્રવાહો મોકલવાની ક્રિયા થઈ શકતી નથી, કારણ કે અષોઇના પ્રવાહો હમેશા ઉંચે આસ્માન તરફ ખેચાય છે અને તે ઉપર જતા જયારે પેલા બદ મેગ્નેટીઝમથી અપવિત્ર થઇ ગયેલી હવા સાથે મળે છે ત્યારે તેમની ઉચ અસર બીલકુલ કપાઇ જાય છે, અને તેથી લાચારીએ ક્રિયાકામ અગ્યારીમા સોપવુ પડે છે, જે ક્રિયાકામની અસર ઘરના ક્રિયાકામ કરતા **ઘણી ઓછી અસરકારક** નીવડે છે, કારણ કે દરેક મરનારની ચોકસ ક્રિયાઓ તો તેના **વસવાટની જગાએજ** થવી

જોઇએ એવા એવા કુદરતના તમામ કાયદાઓ ધ્યાનમા લઇનેજ અષો સ્પિતમાન જરથુસ્ત્ર સાહેબે આપણા તન, મન અને રવાનની અષોઇને પુષ્ટી આપનારી તરીકતો અને ફરમાનો આપણને બક્ષ્યા છે

અષોઇના ફરમાન જાળવવા માટે દરેક મકાનમા નીચે **અલાહેદો** સુખશાતીવાળો **ઓરડો માસિક માદગીવાળી સ્ત્રી માટે** રાખવાની જરૂર

માસિક હાલત વખતે માળપર નહિ બેસવાના વદીદાદના ફરમાનનુ રહસ્ય સમજ્યા પછી આપણને જણાવવાને ઘણી દલગીરી લાગે છે કે હાલના ધોરણે બધાયલા મકાનોમા ભોયતળ્યે અલાહદા ઓરડાઓ ગખનામા આવતા નથી અને જે કોઇ ઠકાણે ખડકીની જગા એવી ગોડવણ માટે નખેલી હોય છે તો તે જગા શરદીવાળી, તનદરોસ્તીને હાનીકારક અને દુર્ગંધી હોવા ઉપરાત સ્ત્રીઓનો બરોબર મલાહજો–અદાજો સચવાય તેવી જેનામા આવતી નથી અને પરિણામમા સ્ત્રીઓ ત્યા ફકત ચાર પાચ દિવસ રહેવાથી માદા પડી જાય છે પણ જો સર્વે દીનદારો ખરા દિલથી પોતાના ઘરોમાજ ક્રિયાકામ થઇ શકે એવા ઘરો મેળવવાની કાલજી રાખતા થાય અને જો જરદાર વરવાલાઓ તરફથી પોતાના મકાનોમા એક અલાહેદો, શરદીથી નિરાળો અને સુખશાતીભરેલો ઓરડો માસિક માદગીવાળી સ્ત્રીઓના ઉપ્યોગ માટે બાધમા આવે તો તેથી **આત્મિક અષોઇનો** જે ફાયદો તેવા ઘરોમા રહેનારાઓ મેલવે તેનો નેક બદલો એવા વરવાલાઓને દાદાર હોરમજદ તરફથી મલ્યા વગર રહેશે નહીં વળી—આગલ જેમ થતુ હતુ તેમ—હાલના આપણા ઘરોમાજ જો પવિત્ર ક્રિયાકામો તથા ભણતરો થઈ શકતા હોય, તો તેની ઉચ્ચ વાતાવરણમા ઉછરેલા નાના બાલકોના કુમલા મગજ ઉપર તેથી કેવો સરસ છાપ બેસે અને આગલ ચાલતા તેઓ કેવા દીનચુસ્ત ભલા જરથોશ્તીઓ નિવડે ?

હાલની સાયન્સ હજી આત્મિક જ્ઞાનમા **જરથોશ્તી ધર્મ કરતા પછાત છે**, અને તેથી **"અષોઇ"** ને લગતા ફરમાનો અને તરીકતો ઉપર સપૂર્ણ **એતેકાદ** રાખવાની એક જરથોશ્તીની ફરજ

આ બાબદના સેવટ ઉપર આવતા આપણે એટલુ તો મકમપણે માનીશુ કે અષોઇની કોઇબી તરીકતો હાલની કેળવણી જે આત્માના સબધની સાયન્સમા હજી ઘણી પછાત છે તેને આધારે ખાલી વેહમ જેવી નથીજ, પણ તે તરીકતોમા ધર્મને આધારે બેહદ મહત્વતા સમાયલી છે કે જે વખત જતા પોતાની મેલે પુરવાર થતુ જશેજ આપણા મહાજ્ઞાની પેગમ્બર જરથુસ્ત્ર સાહેબે પોતાની આસ્નેવીર નામની બુલદ શકિત

થી કુદરતને પુરેપુરી પીછાણીનેજ કુદરતની સમાતર રહેવાને માટે અષોઇની તરીકતો મારફતે રવાનની વૃદ્ધિ કરવાનો જે માર્ગ બતાવ્યો છે તે તરીકતો ઉપર જો આપણે સદા અમલ કરીશુ તોજ કુદરત મદદગાર થશે, કારણ કુદરતનુ દરેક કાર્ય હમેશા **દરૂજની વિરૂદ્ધ** અને **અષોઇની તરફેણમાં છે** અને **"અષોઈ એજ જરથોશ્તી ધર્મ છે."**

પારસી કોમનો બાધો નબલો બનતો જવાનુ કારણ "અષોઇ" ની તરીકતો તરફની બે દરકારી છે

અફસોસ કે આપણા બસ્તેકુસ્તીઆનોનો મોટો ભાગ શારીરીક, માનસિક અને આત્મિક અષોઈ જાળવવાની જરથોસ્તી તરીકતો અને રાહરસમો તરફ બેદરકાર બને છે અને તેના પરિણામમા આજે આપણી કોમનો બાધો કેવો નબળો પડી ગયો છ! જો અષોઇના ફરમાનોની ખુબીનુ રહસ્ય સમજ્યા વગર તેનો છેડો તે ફરમાનો હસી કાઢી તેઓને તર્ક કરવામાજ આવશે તો કોમી ભવિષ્ય ઘણુ આફતકારક બનશે અષોઇની તરીકતો અને અષોઇના ફરમાનો એજ આપણ **"જરથોશ્તી"** નામ કાયમ રાખનાર કીંમતી જવાહીરો છે

અષોઇની સામે જતી "નસુ-દરૂજી" બાબે.

"નસુ દરૂજી" થી થતુ આસપાસ નુકસાન

એજ પ્રમાણે રવાનની વૃદ્ધિને ખાતર ખોરેહને સ્વચ્છ રાખવાના કાયદાને અમલમા મૂકવા માટે જે દરૂજીઓથી દૂર રહેવાનુ ફરમાન જરથોસ્તી દીનમા આપેલુ છે તેમાની એક મુખ્ય **"નસુ-દરૂજી"** છે, જે સમજવાની આપણે કોશેષ કરીશુ

કોઇબી જાનદાર ચીજ જે આ પૃથ્વી ઉપર પોતાની અદર જાનનો આતશ તેજસ્વી રાખીને હૈયાતી ભાગવે છે તેના શરીરમાથી જ્યારે જાન બહાર નીકળી જાય છે ત્યારે તેનુ શરીર ધીમે ધીમે જે મૂળ તત્વોનુ તે બનેલુ છે તે મૂળ તત્વોમા વહેચાઇ જવાને માટે પહેલા કોહવા માંડે છે, અને આવી રીતે જાન નીકળી જવા પછી જે કુદરતના અષોઇના કાયદાની સામેની ક્રિયા શરૂ થાય છે તે ક્રિયાને "દરૂજી-એ-નસુશ" એટલે કે 'નાશ પામવાની ક્રિયાથી ઉભો થતો ખરાબ પ્રવાહ' એવુ નામ આપવામા આવ્યુ છે દરેક જાનદાર પેદાયશના શરીરની બધારણ રચના તેમજ ચઢ ઉતર મરતબા પ્રમાણે "દરૂજે નસુશ" ના પુષ્કળ મરતબા છે તેમા માણસજાત, જેના શરીર રચનાની પ્રકૃતી રવાનના મધ્યબીંદુથી જોતા ઘણી ચઢતા મરતબાની છે, તેના શરીરમાથી

જાન નીકળી જવા પછી જે 'દરૂજે-નસુશ' ઉત્પન્ન થાય છે તે ઘણો જોરાવર હોય છે આ દરૂજે-નસુશની અસર ફકત મુરડાળ ખાકી શરીર ઉપરજ અટકી રહેતી નથી, પણ જે રવાન તે ખાકી શરીરમાથી બહાર પડેલુ છે તે રવાનની સાથના બીજા સુક્ષ્મ ભાગોની ઉપર પણ અસર કરે છે વળી આ 'દરૂજે-નસુશ' જે જગ્યાએ તે મુરડાળ શરીરને રાખ્યુ હોય છે ત્યા ચોકસ વીસ્તારની અદર વણાજ ખરાબ નુકસાનકારક અણ-દીઠ જતુઓનો ફેલાવો કરી આસપાસનાઓની શારીરીક તેમજ આત્મિક હાલત બિગાડે છે

મુરડાળ શરીરની 'નસુ-દરૂજી' નુકસાન નહી કરે તે માટે 'સચકાર,' 'સગદીદ' વિગેરેનાં અષોઇનાં બારીક ફરમાનો.

'દરૂજે-નસુશ' આ રીતે નુકસાનકારક હોવાથી એક શખ્સના ગુજરના પછી તેના કોહતા શરીરને કેવી રીતની તરતીબથી રાખવુ કે જેથી 'દરૂજે-નસુશ' તે મરનારના રવાનને તેમજ આસપાસનાઓને જરાબી નુકસાન નહીં કરે તેમજ તેને કેવી રીતની અપાઇની તરીકત પ્રમાણેની વ્યવસ્થા કરવી તેના ઘણા 'સાયનતીફીક' બારીક કાયદાઓ જરથોસ્તી દીનમા આપવામા આવ્યા છે મુરડાળ શરીરને પાણી નહીં પણ તાજા નીરગ યાને ગઓમેજ લગાડીને પાક કરી તેને જુના પણ સ્વચ્છ સફેદ કપરા પહેરાની નીચે એક અલાહેદા ઓરદામા પથ્થર ઉપર મુકી **સચકાર** કરવામા આવે છે, અને તેનેથી ત્રણ કદમ દૂર આતશ રોશન રાખીને અનસ્તા માથ્રના ભણતરોથી તમામ ખરાબ અસરોને દૂર રાખવામા આવે છે વળી એક ચોકસ જાતના કઇ પણ ખોડખાપણ વગરના કુતરાને તે સબ આગલ લઇ જઇને તે કુતરાની નજર સચકાર વખતે તેમજ દરેક ગેહ બદલાતી વખતે તેમજ ગેહસારના વખતે તે મુરડાળ શરીરના મોઢા ઉપર પાડવામા આવે છે તે ક્રિયાને "**સગદીદ**" તરીકે ઓળખવામા આવે છે તે કુતરાની આખમાથી જે 'મેગ્નેટીક' પ્રવાહો નીકળે છે તેથી તે સબ આગલ ઉત્પન્ન થયલી આલુદગીનો નાશ કરી નાખે છે આ ઉપરાત જે બધી સરોશની ખાસ ક્રિયાઓ કરવામા આવે છે તે ક્રિયાઓના જોશને લીધે પણ તે રવાનને મુરડાળ શરીર તરફનો "દરૂજે-નસુશ" નો જોશ જરાબી અડચણ કરી શકતો નથી આ બધી ચીજોમા "દરૂજે-નસુશ" ને કાપી નાખવામા કુદરતના કયા કાયદાઓ કામ કરે છે ને બધી બારીક સમજણ જે ઘણી અજાયબી પમાડનારી છે, તે અહિઆ ઘણી લબાણ થઇ જાય કરી આપી શકાય તેમ નથી

8

ચોકસ હાલતમા જાન નીકળી જાય તે વખતે ને લગતા "**રીમની**" ના બારીક કાયદા

વળી આ બાબદમા એક તનદુરસ્ત શરીરમાથી જાન નીકળી જાય, એક રોગીષ્ટ શરીરમાથી જાન નીકળી જાય, એક માસિક હાલતમા આવેલી સ્ત્રીના શરીરમાથી જાન નીકળી જાય, એક સુવાવડની હાલતમા હોય તે વખતે જાન નીકળી જાય તથા એક શખ્સ પોતાને હાથે આતશમા બળીને, પાણીમા પડીને યા હથીઆર વડે યા ઝેહર ખાઇને આપઘાતીક મરણ મારફતે શરીરમાથી જાન છુટો કરે છે અથવા તો અકસ્માતીક મરણ વખતે એકાએક જાન છુટા પડી જાય છે,—આના દરેક મરણના જુદા જુદા સંજોગોમા "દરૂજે-નસુશ" નુ જોર કેટલા કેટલા વધતા ઓછા પ્રમાણમા રહે છે તેના બધા હિસાબી ગણત્રીથી ભરપુર કાયદા જે બધા '**રીમની**' ને લગતા કાયદા તરીકે ઓળખાય છે તે કાયદા મુજબ ઘણીજ બારીક સાવચેતી રાખીને આ બધા મુરડાળ શરીરોને ઠેકાણે પાડવામા આવે છે આ રીતે શારીરીક સુખાકારી તથા ખોરેહની દુરસ્તી માટે, વિચારોની શુદ્ધતા જાળવીને આત્મિક વૃદ્ધિમા ચાલુ રહેવાને માટે "દરૂજે-નસુશ" થી ગુજરનારના રવાનને તમજ જીવતાઓને કવી રીત દૂર રાખીને બચાવી લેવા તેને લગતા કાયદાઓ અષાઇની શાખામા જરથોશ્તી દીનમા સમાઇ જાય છે એ કાયદાઓ સુક્ષ્મદર્શક યંત્રમાથી નહી આવી શકે એવા બારીક જંતુઓને લગતા છે

લાશને ઠકાણે પાડનારી તમામ રૂઢીઆમા **દુખ્મેનશીનીની** શ્રેષ્ઠાઇ

હવે ગુજરલાની લાશની સેનટની વ્યવસ્થા કેવી રીતે કર્યાથી "અષાઇ" નો કોઇ પણ કાયદો યા તરીકત તુટે નહીં તે બામે વિચાર કરીશુ અગરજો પાણીમા લાશને નાખવામા આવે, યા જમીનમા દાટવામા આવે યા આતશમા બાલવામા આવે (પછી તે સાધારણ આતશમા કે વિજલીના પ્રવાહોથી) તો તે સર્વે ક્રિયાઓથી ખુદરતના મૂળતત્વો—પાણી, હવા, જમીન અને આતશ—અપવિત્ર થઈ તેથી જીવતાઓની તનદરોસ્તી વિગેરેને કેટલી હાની પુગાડે છે તે આપણે ઉપર—એ ચારે મૂળતત્વોના પ્રકરણોમા—જોઇ ચુકયા છીયે ત્યારે લાશને **ખોરશેદ નગીરશની અને દોખ્મેનશીનીથી** ઠેકાણે પાડનારી આપણી કદીમ હજારો વરસોથી ચાલતી આવેલી રૂઢી દુન્યાની બીજી કોઇબી રૂઢી કરતા કેટલી **શ્રેષ્ઠ** ગણાઇ છે તે આપણે ખુલી રીતે જોઇ શકયે છીએ **એ રૂઢી ઘણીજ સાદી અને સહેલી, કરકસરવાલી, કાર્યસાધક અને સુખશાંતીભરેલી**

હોવા ઉપરાંત ખુદરતના કોઇબી અનાસરોને બીલકુલ નુકસાન નહીં કરનારી હોવાથી તે જીવતાંઓની તનદરોસ્તી તથા અષોઇ જાળવનારી ખરેખર એકલીજ ઉત્તમ રૂઢી છે.

"મિથ્ર-દ્રુજી" યાને જુઠાઇથી ઉત્પન્ન થતી દરૂજી બાબે.

"**મિથ્ર-દ્રુજી**" યાને જુઠાઇથી ઉત્પન્ન થતી દરૂજી બાબે

નસુ દરૂજીનો ઉપર પ્રમાણે ટુકમા ખ્યાલ લીધા પછી હવે આપણે બીજી એક દરૂજી ઉપર ધ્યાન આપીશુ જે "**મિથ્ર-દ્રુજી**" છે 'દરૂજે-નસુ' મોટે ભાગે દેખીતા પદાર્થને લગતી હોવાથી તે દરૂજીના પ્રવાહો રવાનને ખોરેહની મારફતે આડકત્રી રીતે નુકસાન કર્તા થઇ પડે છે પણ જે દરૂજી "**મિથ્ર**" તથા "**માંથ્ર**" ને લગતી છે યાને વિચાર તથા શબ્દોથી ઉત્પન્ન થતી દરૂજી છે, તે દરૂજી આત્મિક-વૃદ્ધિને એકદમ સીધી રીતે કાપી નાખે છે આ દરૂજી તે જુઠાઇને લગતો પ્રવાહ છે, જેને જરથોસ્તી ધર્મમા "**મિથ્ર-દ્રુજી**" ને નામે ઓળખવામા આવે છે અષોઇનો અમલ કરવાને વાસ્તે જરથોસ્તી ધર્મમા સાચવત અને સચ્ચાઇ ઉપર વણોજ ખાસ ભાર કાય મુકવામા આવ્યો છે તેનો સહેજ ખ્યાલ લેવાને માટે અષોઇની અમલ્યાતની શરૂઆત કરનાર શખ્સને જે પહેલી દરૂજીની સામે ટક્કર ઝીલવાની છે તે "મિથ્ર-દ્રુજી" યાને "મેહેર-દરૂજી' ને લગતી છે, તે આપણે જોઇએ

"અષોઇ" નુ સૌથી પહેલુ પગથીયુ— "**સચ્ચાઈ**" યાને "**મેહેર**"

રવાન ઓખ્તગી મેળવવાને વાસ્તે સૌથી ટુકો અને સીધો એકજ રસ્તો છે અને તે અષોઇનો છે અને તે અષોઇના માર્ગમા દાખલ થવાનુ સર્વથી પહેલુ પગથીયુ તે "**મેહેર**" યાને "**સચ્ચાઇ**" છે એમ જરથોસ્તી ધર્મ શિખાડે છે સાચ્ચુ બોલવુ ખાલેસપણ રાખવુ અને અંતઃકરણ મુજબ ચાલવુ યાને મન, ઝબાન અને અંતઃકરણને એક લીટીમા રાખવા એ અષોઇનો મૂળ પાયો છે

સચ્ચાઇ મેળવવા માટે **સ્વાર્થ ત્યાગ** કરવાની ખાસ જરૂર

જે માનવીની ઇચ્છા, મન, ઝબાન અને અંતઃકરણની હાલત એકસપી બનાવવાની હોય યાને બીજા શબ્દોમા બોલ્યે તો બેવચનીપણુ, ઠગાઇ અને જુઠાઇથી ઉત્પન્ન થતી "**મેહેર-દરૂજી**"

થી જે માનવી પોતાના સ્વાનને સદા દૂર રાખવાને ચાહતો હોય તો તેણે સૌથી પહેલા સ્વાર્થનો ઇચ્છિ ત્યાગ કરવાને તૈયાર રહેવુ જોઇએ એ બાબે અષો જરથુસ્ત્ર સાહેબના ગાથા હા ૩૩, ફ ૧૪ માના નીચલા શબ્દો આપણુને ગોખી ગખવા યોગ્ય છે **"જરથુસ્ત્ર પોતાના તનનો જાન તથા નેક મનશનીની શ્રેષ્ટતા અહુરમજદને માટે ફેદા કરે છે; તથા (પોતાનાં) કામો અને સખુનોની તાબેદારી તથા સત્તા અષોઇને માટે ફેદા કરે છે."** આ રીતે જ્યારે રદયમાથી સ્વાર્થનો છેલ્લો અશ પણ નાશ પામી જાય છે ત્યારે સત્ય તેહના સપૂર્ણ સ્વરૂપમા અનુભવાય છે જાણીતો અગ્રેજ લેખક જેમ્સ ઍલન કહે છે –

"Do you seek to know and to realize Truth? Then you must be prepared to sacrifice, to renounce to the uttermost, for truth in all its glory can only be perceived and known when the last vestige of self has disappeared"

એટલે—"શુ તુ સચ્ચાઈ પિછાણીને તેને પ્રાપ્ત કરવા માગે છે? ત્યારે તો તારે જાતીભોગ આપવા અને સર્વસ્વ ત્યાગ કરવાને તૈયાર રહેવુ જ જોઇએ, કારણકે સચ્ચાઇ તેના પુર બહારમા ત્યારેજ જાણી અને જોવાઇ શકાય છે કે જ્યારે **સ્વાર્થનુ** છેલ્લામા છેલ્લુ નામનિશાન વટિક જતુ રહે છે"

"મિથ્ર-દ્રુજ" ના સાથીઓ

સ્વાર્થને સતોષવાને વાસ્તે જે હથીઆરો વાપરવામા આવે છે તેઓ "મિથ્ર-દ્રુજ" ના સાથીઓ છે, યાને જુઠ્ઠાઇ, દગાઇ, લોભ, બેવચનીપણુ અને હઠીલાઇ છે, જેઓ સચ્ચાઇને સદા પોતાથી દૂર રાખે છે માનવી જેટલા પ્રમાણુમા નિસ્વાર્થી થતો જાય છે તેટલા પ્રમાણુમા જુઠાઇ તેનાથી દૂર થતી જાય છે અને તે સચ્ચાઇને વધુને વધુ વળગતો જાય છે

રાસ્તીનો અમલ કર નારાઓની **ખાહેશ** કેવી છે તે બાબેની અવસ્તાની એક ગોખી રાખવાજોગ લીટી

આપણી બદગીઓમા આપણે રોજ પઢીએ છીએ કે **"હઇથ્યા વરૂશતાંમ્ હયત્ વસ્ના ફેરષોતેમેમ્, સ્તઓમિ અષેમ્."** એટલે—રાસ્તીનો અમલ કરનારાઓની જે ખાહેશ (હોય છે) તે સર્વોત્તમ દરજ્જેની (આત્મિક-વૃદ્ધિને લગતીજ) હોય છે, અષોઇને હુ વખાણુ છુ"

એટલે સચ્ચાઇ અને અષોઇનો અમલ કરનારાઓની ખાહેસ સર્વોત્તમ હોય છે, કેમકે તે અહુરમજદના દર્શન મેળવવા માટેનીજ મોટામા મોટી ખાહેશ છે

જુઠું બોલનાર પોતાની તંદુરસ્તી પણ ખોઇ દે છે અને જુઠું ગુણાકાર થી વધતુજ જાય છે

જ્યારે એથી ઉલટુ "મિથ્ર-દ્રુજી" કરનાર યાને જુઠા સખુન બોલનાર પોતાની જુઠાઇ ને લીધે કુદરતના રાસ્તીના કાનુનને નુકસાન કરે છે અને તેથી તે કુદરતના નેક આશિષ મેળવવા-થી સદા બેનસીબ રહે છે, એટલુજ નહિ, પણ તે પોતાની તદુરસ્તીનુ ઉત્તમ સુખ પણ ભોગવી શકતો નથી કારણ કે રખે તેની જુઠાઇ પકડાઇ આવે એ વિચારથી તે ચાલુ ફીકર અને ધાસ્તીમા રહે છે અને ચાલુ ફીકરથી તેમજ તેના અ ત કરણના દ ખથી તેના મનની બેચેની વધતી જઇ તેના તન ઉપર અસર કરે છે તે ઉપરાત જો પોતાની જુઠાઈ પકડાઇ આવે તો તેને ઢાકવા બીજી જુઠાઇના થીગડા તૈયાર કરવામા તે ચાલુ રોકાયલો રહે છે અને અષોઇના માર્ગથી વધુ અને વધુ વેગળો જાય છે

પોપ કહે છે —

"He who tells a lie is not sensible how great a task he undertakes, for he must be forced to invent twenty more to maintain one"

એટલે—"જુઠું બોલનાર માણસને શુદ્ધી રહેતી નથી કે તે કેવો જોખમ માથે લે છે, કારણકે તેને એક જુઠી વાત છુપાવવા ત્રીસ જુઠી વાતો જોડી કાઢવી પડે છે"

બાઇબલમા જણાવ્યુ છે —

"Blessed are they which do hunger and thirst after righteousness for they shall be filled Blessed are the pure in heart for they shall see God Blessed are they which are persecuted for righteousness' sake for theirs is the kingdom of Heaven." (St Mathew V 6, 8, 10)

"જેઓને સચ્ચાઇની ભુખ અને તરસ છે તેઓ આબાદ થશે, કારણકે તેઓની ભુખ અને તરસ મટાડવામા આવશેજ જેઓના અ ત - ક ણ પવિત્ર છે તેઓનુ કલ્યાણ થશે, કારણકે તેઓ ઇશ્વરને જોશે

જેઓની ઉપર સચ્ચાઇને ખાતર જુલમ ગુજરે તેઓ આશિષ પામેલા છે, કારણકે તેઓને મિનોઇ રાજ મળશે "

કુદરતની કસોટી સચ્ચાઇના અમલ વખતેજ દરેક ઇન્સાન માટે થાય છે કવિ મિલટનની યાદ રાખવા જોગ લીટીઓ

દરેક માનવીએ યાદ રાખવુ જોઇએ કે આવી રીતે મિનોઇ આશિષ અને મિનોઇ રાજ્ય મેળવવાનો સચ્ચાઇનો માર્ગ કુદરતે આપણી **કસોટી** કરવા અને પરિક્ષા લેવાને માટે દેખઇતો ઘણોજ બિકટ અને સાકડો રાખ્યો છે, પણ કોઇબી જાતની આફત કે દુખ સચ્ચાઇનો પ્રકાશ કમી કરી શકતા નથી, પણ સામુ સચ્ચાઇને આફત અને દુખની વચ્ચેથી પસાર કરાવવાથી તેનો પ્રકાશ ઓર વધે છે

"Truth like genuine gold will always bear the touch-stone and appear the brighter the more it is examined "—Dodd

"ખરા સોનાને કસોટી ઉપર ઘસીને તપાસતા તે વધારે ચળકાટ-વાળુ જણાય છે, તેજ મિસાલ સચ્ચાઇની યાને સાચ્ચા માણસની કસોટી કરતા તે આપણો વિશ્વાસ અને માન પોતાની તરફ વધુ અને વધુ ખેચે છે "—દોડ

કવિ મીલ્ટનના સચ્ચાઇ બાબેના શબ્દો દરેક હમદીને યાદ રાખવા-જોગ છે

"He that has light within his own clear breast
May sit in the dark and enjoy bright day,
But he that hides a dark soul and foul thoughts,
Benighted walks under the mid-day sun
Himself is his own dungeon "

—Milton

"જે શખ્સના અતકરણની અદર સ્વચ્છ રોશની સચ્ચાઇની હોય છે તે શખ્સ જોકે અધારામા બેસે છે તોબી રોશન રૂઝની મજાહ ભોગવે છે, પણ જે શખ્સ સીહા અતકરણ અને ગદળા વિચારો છુપાવે છે તે શખ્સ બપોરના મધ્યાનના સૂર્યની રોશની છતાબી જાણે રાતે અધારામા ગોટા ખાતો હોય તેમ ફરે છે, તે પોતેજ પોતાનુ કેદખાનુ છે."—મીલ્ટન

દુઃખ એ જુઠાઈનું પ્રતિફળ છે

જે માનવીને એશઆરામ, મોજશોખ અને બહારના ભપકાની કેફ ચઢી હોય છે તે માનવીમા શારિરીક તૃષ્ણા વધે છે અને પોતાના શરીરને તૃપ્ત કરવામા તેને એટલુ સુખ લાગે છે કે તેને સચ્ચાઇનુ ખરૂ સ્વરૂપ દેખાતુ નથી, અને તે પોતાના સ્વાર્થને સતોષવાને વાસ્તે "**મિથ્ર-દ્રુજી**" ને યાને જુઠાઇને આધીન થઇ જાય છે પણ તેવો માનવી તેની જુઠાઇના પ્રતિફળ તરીકે અનેક પ્રકારના દુખનો કડવો અનુભવ મેળવે છે, અસહ્ય મુશ્કેલીઓમા આવી પડે છે અને દુખના ચક્કરોમા ફરીફરીને જ્યારે તે સચ્ચાઇના રસ્તા ઉપર આવી પુગે છે, ત્યારેજ તેને માલમ પડે છે કે

> "Self is the only prison that can ever bind
> the soul,
> Truth is the only angel that can bid the gates
> unroll"

"**સ્વાર્થજ આત્માને સદા બાંધનાર કેદખાનુ** છે અને તે કેદખાનાના દરવાજાઓ ઉઘાડી નાખનાર ચાવી **સચ્ચાઇજ છે.**"

દરેક માનવીએ પોતાના રવાનનો પ્રકાશ વધારી આપી એક દિન અહુરમજદ નજદીક જવાનુ તો છેજ અને દરેક ધર્મસ્થાપકે ત્યા જવા-ના રસ્તાઓના દરવાજા બતાવ્યા છે તથા તેની ચાવીઓ તેના ધર્મ પાળનારાઓને આપી છે અને માનવીએ તો ફકત તે ચાવીઓ હાથમા પકડી તે દરવાજા ખોલવાનીજ ખોટી છે પરતુ જેઓ તે ચાવીઓ નાખી મૂકી તે પર કાટ ચઢાવે છે અને તેના ધર્મસ્થાપકે બતાવેલા દર-વાજા ચુકી જાય છે, તેઓને કુદરત તેમની કરણીનો કાયદો ધ્યાનમા લઇ **દુઃખના દરવાજા મારફતે** ત્યા દાખલ કરે છે

સચ્ચાઈ તથા કોલ બાબે મેહેર યશ્ત તથા વદીદાદ

આપણી મેહેર યશ્તમા **સચ્ચાઇ** અખત્યાર કરવાથી થતા ફાયદા તથા "**મિથ્ર-દ્રુજી**" કરવા-થી થતા ગેરફાયદા વિષે ઘણુ લખાણ આવેલુ છે ખાસ કરી '**કોલ પાળવો**' એ બાબત સચ્ચાઇના બાબમા ઘણો અગત્યનો ભાગ રોકે છે. એક વખત આપેલો કોલ ગમે એવા સજોગો વચ્ચે—પછી તે કોઇ પાપી માણસને આપ્યો હોય કે અષો માણસને આપ્યો હોય—તો પણ તે કોલ તો એકસરખોજ કહેવાય, અને તેથી તે કદી તોડવો નહિ એમ મેહેર યશ્તના ફકરા ૨ મા

તથા વદીદાદ પરગર્દ ૪ મા ભાર મૂકી જણાવવામા આવ્યુ છે વળી જે હંમેશા પોતાનો કોલ પાળે છે અને "મિથ્ર-દ્રુજી" કરતો નથી તેની ઉપર મેહેર યજદ ખુશી થાય છે, અને તેને સઘળા જુલમમાથી ટાળે છે, સઘળા નાશમાથી ઉગારે છે તથા સકટમાથી છોડવી તેનો બચાવ કરે છે, એમ એજ યશ્તના ફકરા ૨૨, ૨૩, ૨૮, ૪૧ મા જણાવ્યુ છે જ્યારે એથી ઉલટુ "મિથ્ર-દ્રુજી" કરનારાઓને 'મેહેર દાવર" સજા કરે છે. (મેહેર યશ્ત ફ ૧૯, ૨૦, ૨૪, ૩૮)

સચ્ચાઇ અસલના ઇરાની બાળકોની કેળવણીનો ખાસ એક ભાગ

આપણા અસલી વડવાઓ સચ્ચાઇ ઉપર એટલા તો ફીદા રહેતા હતા અને સચ્ચાઇને એટલી તો ચીવટાઇથી વળગી રહેતા હતા કે ઘણાક યુનાની તથા રૂમી લખનારાઓ 'સચ્ચાઇ' ને તેમના એક ખાસ લક્ષણ તરીકે ઓળખાવી ગયા છે તેઓ જણાવે છે કે ઇરાનીઓ પોતાના બાળકોને નાનપણથીજ **'સાચ્ચુ બોલવાની,' 'તીરદાઝીની' અને 'ઘોડેસ્વારીની,'** એ ત્રણ પ્રકારની ખાસ કેળવણી આપતા હતા એક ગ્રીક તવારીખનવેશ જણાવે છે કે 'ઇરાનીઓના વિચાર પ્રમાણે હોરમજદનુ શરીર તે રોશનીનુ રૂપ છે તથા તેનો આત્મા સચ્ચાઇની આકૃતી છે" ઇરાની શહેનશાહાત વખતે આપણા નેક વડવાઓ સચ્ચાઇને માટે એટલા બધા મશહુર હતા કે યુનાની અને રૂમી લખનારાઓ તેમની સચ્ચાઇ વિષે ખાસ ધ્યાન ખેચી ગયા છે તેઓ કાઇ એક બે જણની સચ્ચાઇના સ્તુતિપાત્ર દાખલાઓ નથી રજુ કરતા પણ **આખા ઇરાની ટોળાની સચ્ચાઇની** વખાણ ગાઇ ગયા છે

અષો જરથુશ્ત્ર સાહેબની સચ્ચાઇ બાબે એક લખનારની બેહદ તારીફ

જ્યારે આપણા નેક વડવાઓ સચ્ચાઇને માટે આટલા જગ જાહેર હતા તો તેઓને સચ્ચાઇ અને તમામ અષાઇનો ધડો આપનાર આપણા મહાન વક્ષુરેવક્ષુરાન પયગમ્બર સાહેબની સચ્ચાઇ બાબે જુદા જુદા લખનારાઓ કેટલી તારીફ કરી ગયા છે તે આપણાથી અજાણ્યુ નથી નીચલો એકજ દાખલો અત્રે ટાંકીશુ —

"Zarathustra was more truthful than any other thinker In his teaching Alone do we meet with truthfulness upheld as the highest virtue.

To tell the Truth and To Aim Straight that is the first Persian virtue "

Nietzsche's "Thus Spake Zarathustra"

યાને "બીજા કોઇપણ ઇશ્વરજ્ઞાની કરતા જરથુસ્ત્ર **વધારે સાચવતવાળા** હતા તેમના શિક્ષણમાજ માત્ર જોઇશુ તો સચ્ચાઇને સર્વેથી ઉંચ સદગુણ તરીકે સ્વિકારવામા આવેલો આપણને મળી આવશે

સાચ્ચુજ બોલવુ અને સીદ્ધી રીતનીજ નેમ રાખવી એ સૌથી પહેલો ઇરાનીઓનો સદગુણ છે"

આપણા ન્યાગાનોનો "મિથ-દ્રુક્ષો" યાને મેહેર દરૂજી કરનારા ઓ સામેનો ધીક્કાર

આપણા ન્યાગાનો 'મિથ-દ્રુક્ષો" યાને મેહેર દરૂજી કરનારા જુઠાઓને એટલા બધા ધીક્કારતા હતા કે પહાડો વિગેરે જગાએ પાદશાહો નસીહતના લેખો કોતરાવતા હતા, તે લેખો મારફતે પણ તેઓ તાકીદ કરતા હતા કે "જુઠાથી તદન દૂર રહેજે" "જે આદમી જુઠો હોય તેનો દોસ્ત ના થતો" દારાયસ પાદશાહે બહીસ્તુન પહાડ વિગેરે જગાએ લેખો કોતરાવ્યા છે, તેઓમા એક જગે ઉપર જણાવ્યા પ્રમાણેનો લેખ છે દસ્તુરાન દસ્તુર આદરબાદ મારાસ્પદ "પદનામા" મા પોતાના દીકરાને શિખામણ દે છે કે "જુઠા સખુન મા સાભળ" "જુઠાની પાસે મા બેસ" એ રીતે અસલથીજ આપણો જરથોસ્તી ટોળો સચ્ચાઇને ચાહનારને જુઠાઇને ધીક્કારનાર તરીકે જાણીતો થયો છે

શાહજાદા સ્યાવક્ષની સચ્ચાઇ બાબે શાએર ફીરદોષીની યાદગાર લીટીઓ

આપણા દીનદાર ઇરાની વડવાઓ કેટલી હદે સાચ્ચા હતા અને આપેલો કોલ તેઓ કેવી રીતે પાળતા હતા તેનો એક યાદગાર દાખલો હઝારો વર્ષ ઉપર થઇ ગયલા જગમશહુર કયાની વંશના શાહ કએકાઉસના શાહઝાદા સ્યાવક્ષની સચ્ચાઇનો છે, જે નામાંકિત શાએર ફીરદોષી તુસીની ઝમકદાર કલમથી શાહનામાની અંદર કાયમનો જાળવાઈ રહ્યો છે, અને એ દાખલાએ એક વેળા આપેલો કોલ જીવના જોખમેબી બજા લાવવાનુ જોમ આપણા જીગરમા હમેશને માટે તાજુ રાખ્યુ છે

જ્યારે શાહઝાદા સ્યાવક્ષે તુરાનીઓ સાથની લડાઇમા તેઓ સાથે સુલેહના કોલકરાર કરી તે પેગામ પોતાના પિદર શાહ કાઉસ ઉપર રવાના કર્યો, ત્યારે શાહે તે કોલકરાર નામજુર કરી તુરાનીઓ સાથે લડાઇ પાછી ચલાવવા શાહઝાદાને ફરમાવ્યુ, કેમ કે એ સુલેહથી શાહઝાદાની જીદગી ખતમ થશે, એવુ નજુમીઓનુ કહેવુ હતુ આ બિના જ્યારે શાહઝાદાએ જાણી ત્યારે તેણે ભારે દલગીરી સાથે જણાવ્યુ કે —

"અગર કોલ આપીને તોડુ છુ,
તો યજદાનથી મુખ હુ મોડુ છુ,
જો ફરમાને પેદર બુરાઇ કરે,
જગતમા જીવીને મુઆઇ મરે

નહિ માફ કરશે ગુનાહ યજદાન—
વચન આપી તોડુ જો મારી ઝબાન,

વચન માગી કરગે ન યજદા પસંદ,
જગત મુજ વચનને ન દેશે વજન"

કોલને ખાતર જાન આપનાર સ્યાવક્ષ

આ પ્રમાણે જણાવી શાહઝાદો સ્યાવક્ષ તુરાનીઓ સાથના પોતાના કોલને વળગી રહે છે અને અતે એજ તુરાનીઓના કાવત્રાનો ભોગ થઇ પડે છે આ રીતે જોકે તેનુ શારીરીક મરણ નીપજ્યુ છે, પરતુ તેનુ પવિત્ર નામ "મેહેર-દરૂજી" ના કલકથી સદાને માટે બચી ગયુ છે અને તે આ જહાનમા પોતાનુ નિર્દોષ નામ **સચ્ચાઇને માટે અમર** કરી ગયો છે તેમજ પેલી જહાનમા મેહેર-દાવરના મિનોઇ રક્ષણ હેઠળ સદાની શાતિમા જઇ સુખી થયો છે!

ધધારોજગારના, વેપારવણજના, મિત્રમડળના કે સસાર વ્યવહારના કોઇના પણ સબધમા, કોઇ પણ સજોગ વચ્ચે એક વેળા આપેલો કોલ તોડવાનુ મન થાય તો તે વેળા કયાની સ્યાવક્ષના ઉપલા ઉમદા સખુનો તુરત યાદ કરી દરેક જરથોસ્તી જો પોતાનો કોલ બરોબર રીતે પાળશે તો એક વેળા જાણીતુ થયલુ સચ્ચાઇનુ પારસી નામ જહાન માટે કાયમ રહેશે

રવાનની વૃદ્ધિને માટે દાદાર હોરમજદને આપેલો કોલ પાળવાની જરૂર

પેહેલવી કેતાબ બુન્દેહેશમા જણાવ્યા* પ્રમાણે સ્રષ્ટિરચના પેદા કરનાર અહુરમજદને આપણે આપણી રાજીખુશીથી કોલ આપી આવ્યા છીએ કે "અમે શરીર ધારણ કરી અષોઇનો નાશ કરનાર દુજની સામે થઇશુ, તેને મારી હઠાવીશુ અને તેની લાલચોના હુમલાઓ સામે હીંમતથી લડીશુ" જેના બદલામા એ કબુલાત પાળનારને અહુરમજદે અમર્ગી, સંપુર્ણ પ્યાર અને મિનોઇ ખુશાલી આપવાને જણાવ્યુ છે, અને આપણે યાદ રાખવુ જોઇએ કે હોરમજદ તો પોતાના જણાવ્યા પ્રમાણે જરૂર કરશેજ, પણ ખોટી ફકત આપણે આપણો કોલ પાળવાની છે જેઓ અહુરમજદને આપેલુ પોતાનુ વચન પાળશે તેઓથી દુખો, આફતો પોતાની મેળે દૂર થઇ જશે અને જે પ્રમાણે અષો જરથુશ્ત્ર સાહેબ તથા તેમના જાયનશીનો અને બીજા અષો નરો અને નારીઓ અહુરમજદનુ વચન પોતાના બાબમા ખરૂ પડેલુ જોઇ શક્યા છે, તેજ પ્રમાણે નેક હમદીનો તે વચન પોતાના બાબમા પણ બર આવેલુ અનુભવી શકશે

બચપણમા અપાયલો કોલ મોટપણે કેવો ભુલાતો જાય છે તે બાબે કવી વર્ડઝવર્થના વચનો

એજ પ્રમાણે જન્મ પામવાની અગાઉ માતાના પેટમા એક બાળકનુ રવાન ચાલુ એકરાર કરે છે કે "હમેશા દુશ્મત, દુજુખ્ત, દુજવરશ્ત" ની સામે રહી "હુમત, હુખ્ત, હવરશ્ત" પ્રમાણે ચાલીને ગનામીનોની સામે લડત ચલાવીને ચાલુ સ્પેનામીનોની બાજુમા અષોઇથી જીદગી ગુજારીશ" પણ જેવો પહેલો દમ માતાના પેટમાથી આવતાને વાર એક બાળક ખેચે છે કે તુરતજ આ એકરાર તે ભૂલી જાય છે, તેથીજ કવી વર્ડઝવર્થ પોતાની "Ode on the Intimations of Immortality" નામની કવિતામા કહે છે કે

"Heaven lies about us in our infancy,
Shades of the prison house begin to close upon
the growing boy"

એટલે કે કવિ એમ કહેવા માગે છે કે નાનપણમા એક બાળકનુ રવાન આ દુન્યાની પેલીમેરની હાલત બાબે તથા આ દુન્યામા જન્મ

* એ બાબે જુઓ શેઠ ફરેદુન કે દાદાચાનજી, બી એ, એલ એલ બી, સોલીસીટરની "પાક ગાથાવાણી અને અવસ્તાની રોશની," પાનુ ૨૫૩

લેવાની નેમ બાબે વાકેફ હોય છે, પણ જેવુ આ દુન્યાની અસરની અંદર તે બાળક ઉધરવા માડે છે કે તરતજ આ દુન્યાની સ્થુળતાની અસરો તેના રવાનને ગુગળાવી નાખે છે, અને જે પ્રમાણે એક કેદી પોતાના ઓરડાની ચાર દિવાલ સિવાય બહારની કોઈ ચીજ જોઇ યા પિછાણી શકતો નથી તેજ પ્રમાણે રવાનની આસપાસ જ્યારે આ દુન્યાની મોહીની ("અએષમ" દરૂજી) ની અસર વીંટળાતી જાય છે તે વખતે રવાન આ દુન્યાની મોહીની સિવાય આ દુન્યાની પેલીમેર કઈ કઈ શક્તિઓ અને ક્રિયાઓ કાર્ય કરી રહી છે તે કશુ જાણી યા પિછાણી શકતુ નથી અને એ રીતે પોતે અહુરમજદને આપેલો કોલ તોડે છે

સચ્ચાઇની મક્કમપણેની અમલ્યાતથી **કોમી ખોરેહનો** થતો વધારો

સાચ્ચુ બોલવાના, કોલ પાળવાના યાને 'મેહેર' સાચવવાના કાયદા ઉપર જો આપણે ચીવટાઇથી મક્કમપણે અમલ કરીશુ તો પછી મેહેર યજદ તરફથી **કોમી ખોરેહ** મેળવવાની જરૂર આશા રાખી શકીશુ અને જો કોમી ખોરેહ પ્રકાશીત બનશે તો તેના પ્રતાપે કોમમા ખરેખરો જરથોશ્તી જુસ્સો અને ઝમક હાલના કરતા વધારે જોશથી પ્રગટી નીકળશે

"અએષમ" દરૂજી બાબે.

તમામ દરૂજીઓના મૂળ **"અએષમ" દરૂજી** બાબે

ઉપર આપણે "દરૂજીએ–હીખ્ર" અથવા "હેહેર–નસા," માસિક હાલત વેળા ઉત્પન્ન થતી દરૂજી ("દરૂજીએ બુજી"), "દરૂજે–નસુસ" તથા "મિશ્ર દ્રુજી" ના સબધમા વિવેચન કરી ગયા છીએ હવે આપણે તમામ દરૂજીઓનુ મૂળ જે **"અએષમ દરૂજી"** ને નામે ઓળખાય છે, તેને માટે સહેજ ખ્યાલ કરીશુ "અએષમ" શબ્દ "ઇષ્" એટલે ઇચ્છવુ, ખાહેશ કરવી, યા મોહીની લાગવી, ઉપરથી નીકળ્યો છે અને તે ઉપરથી લોભ, હવસ, સ્વાર્થ, ગુસ્સો એવો તેનો અર્થ થઇ શકે છે દરેક જાતની **દુન્યવી મોહીની** યાને **બે ચાણ** "અએષમ" રૂપે દાખલ થઇને પછી જુદી જુદી દરૂજીઓના સ્વરૂપ લે છે ખુરશેદ, મેહેરની નિયાએશમા આપણે ભણયે છીએ કે "હઓમ્ ઉર્વાનેમ્ યજમઇદે" યાને "પોતાના રવાનની સાથે અમે એકતાન થઇએ" એટલે કે રવાન જે મિનોઇમાથી ઉતરી આવ્યુ છે તેજ ઠેકાણે યાને અહુરમજદની નજદીક પહોચવાને લાયક થવા પામે એવી ભણનાર આરજુ કરે છે એ રીતે જે શખ્સ ફક્ત રવાનની

વૃદ્ધિનીજ બુલદીથી જીદગીનુ દરેક કામ પોતાના વિચાર, વચન અને કર્ણીમા કરતો રહે છે, તે શખ્સ અશોઇના સીદ્ધા માર્ગમા રહી શકે છે, પણ આ નેમ ચુકી જઇને જે કોઈ દુન્યવી લોભ, લાલચ, હવસ, સ્વાર્થ, ગુસ્સો વિગેરે દુર્ગુણોને યાને "અએષમ" દરૂજી" ને આધીન થઇ જાય છે તે અશોઇના માર્ગથી વેગળો જવાથી તેનુ રવાન મિનોઇ માર્ગમા દાખલ થવાની પોતાની નેમ પાર પાડી શકતુ નથી યાને તે પોતાના રવાન સાથે એકતાન થઇ શકતો નથી

"અએષમ" ને લીધે ભુલી જવાતા કેટલાક વચનો અને બુલદ કોલો.

જેવો એક માનવી "અએષમ દરૂજી" ને વશ થવા માંડે છે, કે તુરતજ તે 'રવાન ઓખ્તગી'ની પોતાની બુલદ નેમ બીલકુલ ભુલી જાય છે દાખલા તરીકે, મરણની છેલ્લી ઘડી વખતે જે પોતીકા કર્મોની કેરદારનુ વળુ મરણ પામનાર શખ્સ જુએ છે, તે જોતી વખતે પોતે કીધેલા ખરા ખોટા કાર્યોથી તે વાકેફ થાય છે, અને જો એકવાર ફરીથી તેને ફક્ત થોડાજ વર્ષની જીદગી બક્ષવામા આવે, તો તે જરૂરજ અષોઇની રાહ ઉપર ચાલશે, એવો મજબુત કોલ અહુરમજદને તે આપે છે અને કેટલાક દાખલામા ડૂબી જતા તેમજ બીજી કોઇ રીતે મરણ પામતા શખ્સો પાછા સજીવન થયા છે, તેઓ થોડાજ વખતમા દુન્યાદારીની દરેક મોહીની ("અએષમ") તરફ ખેચાઈ જઇ પાછા આગળની માફકજ ખોટા કામો કરવાને લલચાય છે, અને અષોઇની રાહે ચાલવાનો પોતાનો કોલ તોડે છે આજ કારણથી "કેમના મજદા" ની બદગીનો નીચલો ફકરો તમામ દેવ અને દરૂજને યાને આપણામા રહેલા લોભ, લાલચ, વિગેરે ઉપર જણાવેલા દુર્ગુણો તથા તેવા દુર્ગુણી ઇનસાનો તથા ખરાબીઓને આપણા માર્ગમાથી હાકી કાઢવાને તથા નાબુદ કરવાને વાસ્તે આપણને ચાલુ યાદ આપ્યા કરે છે —

"નસે દએવી દ્રુક્ષ, નસે દએવો ચિથ્રે, નસે દએવો-ફ્રકરૂશ્તે, નસે દએવો-ફ્રદાઇતે, અપ દ્રુક્ષ નસે, અપ દ્રુક્ષ દ્વાર, અપ દ્રુક્ષ વીનસે, અપાખેદ્ગ્રે અપ-નસ્યેહે."

અર્થ—"અએ દેવી દરૂજ! (અહીંથી) તુ દફે થા, અએ દેવની તોખમના! (અહીંથી) તુ દફે થા, અએ દેવની વાવેલી (ખરાબી)! (અહીંથી) તુ દફે થા, અએ દેવની રસમ ઉપર ચાલનારી (કાઇબી ચીજ)! (અહીંથી) તુ દફે થા, અએ દરૂજ! (અહીંથી) (તુ) દૂર દફે થા, અએ દરૂજ! (અહીંથી) (તુ) દૂર દોડી જા અએ દરૂજ! (અહીંથી)

(તુ) દૂર વધારે દફે થા (અથવા નાશ પામેલો થા), (તથા) ઉત્તર તરફ તુ દફે થઇ જા"

સરોશ યઝદ મારફતે **અએષમને** તોડવાથી રવાનની અષોઇમા થતો વધારો

આ પ્રમાણે દરૂજીઓને બીલકુલ નાબુદ કર્યાથી અ તે રવાનની ઉપરનો અ ધકારનો પડદો ઉચકાઇ જઇને સરોશ યજદ તરફથી મિનોઇ જ્ઞાનનો પ્રવાહ મેળવી શકાય છે જ્યારે એથી ઉલટુ દરૂજીઓથી દૂર રહેવાના અષોઇના કાયદાથી જીદગી નહિ ગુજારવાથી રવાન વધુ અને વધુ અધકારમા સપડાતુ જઇ આ દુન્યાની દરેક જાતની **મોહીની**ને વશ થઇ "સરોશ" થી ઉલટો પ્રવાહ જે "અએષમ" ને લગતો છે તે તરફ ચાલુ વસડાતુ રહે છે સરોશ યશ્ત હાદોખ્ત, ફકરા ૪ મા જણાવ્યુ છે કે "જેને (સરોશ યજદને) અષો અહુરમજદે ભયકર હથીઆર વાળી 'અએષમ' દરૂજીની સામે થનાર તરીકે પેદા કીધો" જરથોસ્તી ધર્મમા "**દરૂજ**" ની સામે "**અષોઇ**" ને "**અએષમ**" ની સામે "**સરોશ**" આ પ્રમાણે જે બે જોડ જોવામા આવે છે, તે ઉપરથી **અષોઇ** શબ્દનો અર્થ કેટલી બારીકીથી લેવામા આવ્યો છે, તે સમજ પડે છે રવાનની વૃદ્ધિને વાસ્તે શરીરને "અએષમ" દરૂજીથી તદન નિરાળુ બનાવીઆથી અવસ્તા પ્રમાણે શરીર "**તનુ-માંથ્ર,**" જેને પાજદમા "**તન-ફરમાન**" યાને માથ્રના તનવાલો, કહેવામા આવે છે, તે હાલત ઉપર આવે છે એટલે કે શરીરની પવિત્રાઇ જ્યારે રોમ્કસ દરજ્જે પુગે છે, તે વખતે કુદરતમા મહાન કાર્ય બજાવનાર સરોશ યજદ સાથે જોડાણ થઇને દરેક ચીજની બશારત યાને કુદરતના કાયદાઓનુ ભાન થઇ શકે છે તેથીજ સરોશ યજદની આરાધના વખતે "**તનુ-માંથ્ર**" અને "**તન-ફરમાન**" એવા શબ્દો વાપરીને ભણનાર શખ્સ પોતાના શરીરને આટલી ઉચ હાલત ઉપર લાવીને સરોશ યજદ તરફથી કુદરતના કાયદાઓનુ ભાન પામીને રવાનની અષોઇમા આગળ વધવાની દુઆ-ગુજારી કરે છે

પાંચ ઇંદ્રીઓ ઉપર રાખવો જોઇતો કાબુ.

દરૂજીની સામે ટક્કર ઝીલવા માટે **પાંચ ઇંદ્રીઓ** ઉપર મલવો જોઇતો મજબુત કાબુ

"અએષમ" દરૂજી બધી દરૂજીઓના મૂળ તરીકે કેટલી જોરાવર છે અને તેને હરદમ તોડતા રહી અષોઇનો વધારો કરતા રહેવા બાબેની સહેજ સમજણ લીધા પછી હવે જે પાચ ઇદ્રીઓ, જોવાની, સાભળવાની, સુઘવાની, ચાખવાની તથા

સ્પર્શ કરવાની શક્તિઓ બહારની દુન્યાના સમાગમમા આવવા માટે કુદરતે આપણને બક્ષેલી છે તેનો ઉપયોગ અષોઇને માર્ગે કેવી રીતે કરવો જોઇએ કે જેથી દરૂજીની સામે ટક્કર ઝીલી શકાય તે બાબદ સહેજ ધ્યાનમા લેવાની કોશેશ કરીશુ

પહેલી ઇદ્રી આંખ અને તેમાથી નીકળતો પ્રવાહ

આંખની શકિતને હમેશા ભલાઇની બાજુ ઉપર રાખવા માટે સારા વિચારના જોશની પહેલી જરૂર છે કેમકે આખની અદરથી નીકળતો વીજળીક પ્રવાહ ભલા કે બુરા વિચારની ઉપર આધાર રાખે છે જો ભલા વિચાર સાથે આખની શકિતનો ઉપયોગ કરવામા આવે છે તો તે વેળા આખમાથી નીકળતો પ્રવાહ સ્પેનામીનો-ની બાજુએ કાર્ય કરે છે, અને તે અષોઇના પ્રવાહ તરીકે જોનારના રવાનની વૃદ્ધિમા ખાસ મદદ કરી આસપાસનાઓને પણ ફાયદો કરે છે. એથી ઉલટુ જો બદ-વિચારથી, જેવા કે ચોરી, કીનો, હવસ, અદેખાઇ, ગુસ્સો વિગેરે વિચારો સાથે જો કોઇ પણ ચીજ તરફ નજર કેકવામા આવે છે તો તે **બદ નજર** કહેવાય છે અને આખમાથી નીકળતો બદ પ્રવાહ દરૂજીના જોશ ઉભા કરી જોનારના ગ્યાનની વૃદ્ધિમા ખલલ કરે છે અને આસપાસનાઓને પણ નુકસાન કરે છે આ કારણને લીધે પતેતમા **"વદ્દ ચશ્મી," "સૂર ચશ્મી," "વદ્દ નગીરશ્ની," "ખોર્દક નગીરશ્ની"** આ બધા **બદ નજરને** લગતા તથા **બદ વિચારો** સાથના **આંખના** ઉપયોગ માટેના ગુનાહો તરીકે જણાવવામા આવ્યા છે, કેમકે આ બધી ચીજો અષોઇની સામે જઇને રવાનની વૃદ્ધિ-મા ખલલ કરે છે કુદરત જ્યારે આખનો બદ ઉપયોગ સાખી શકે નહિ એટલી હદે બદનજરને લઇ જવામા આવે છે, તે વખતે કુર્ણીને કાયદે આખની જોવાની શકિતનુ તેજ ઓછું થતુ જાય છે, એજ પ્રમાણે જ્યારે આખનો ઉપયોગ અષોઇના ખાલેસ વિચાર સાથે કરવામા આવે છે ત્યારે જોવાનુ તેજ વધતુ જઇ અણદીઠ દુન્યાના બનાવો પણ જોઈ શકે એવા ઉચ ખોરેહ ઉપર એક શખ્સ આવતો જાય છે.

બીજી ઇદ્રી કાનના ભલા ઉપયોગ બાબે

હવે બીજી ઇદ્રી જે આ ખાકી દુન્યાના સમાગમમા આવવા માટે કુદરતે બક્ષેલી છે તે, યાને **કાન** વિષે વિચાર **કરીશુ** જે **પ્રમાણે** રોશ-ની જેવા બુલદ પ્રવાહને પિછાણવાને માટે **આખ** આપેલી છે તેજ પ્રમાણે અવાજને પિછાણવા માટે કાન આપ્યા છે કાનનો મુખ્ય ઉપયોગ

બનતા સૂધી માથ્રના ભણતરો સાભળવામા તથા ભલાઇને લગતા બીજા સુદર સરોદો તેમજ દહાપણ તથા મિનોઇ જ્ઞાનને લગતા ભાષણો અને સબકો સાભળવામા રાખવો જોઇએ અષોઇની રાહે ચાલનાર શખ્સનુ દીલ તો કુદરતી રીતેજ દુન્યાદારીના ધરપચસરપચના, મારામારીના અને કીનાકપટના કીસ્સાઓના અવાજો તેમજ ગાળગલોચની ભાષા યા અનીતિના ગીતો સાભળવા ઉપરથી બીલકુલ ઉઠી જાય છે તેનુ કારણ એ છે કે આપણી પાચે ઇદ્રીઓને આપણા વિચારોની સાથે સબધ છે, અને જેમ જેમ અષોઇને લગતી જીદગી ગુજારવાનો જોશ વધતો જાય છે તેમ તેમ વિચારો કુદરતી લાઇનના થઇને આ બધી પાચે ઇદ્રીઓને દુન્યાની મોહીનીના તાબામાથી છુટી કરી શકે છે

ત્રીજી ઇદ્રી નાક, તથા બીજા શખ્સોના સમાગમથી ખોરેહ તથા વિચારો ઉપર થતી અસરો બાબે

જરથોસ્તી દીનમા **નાકના** સબધમા એક ત્રણો અમત્યનો કાયદો સમજાવેલો છે નાકની ઇદ્રી જે સુઘવાના કામમા મુખ્ય કરી વપરાય છે તેની સાથે **વાસ્ના** યાને કોઇબી ચીજ યા માનવી સાથનો ચાલુ સમાગમ અને પડોસ પડેલો હોય તેની અસરનો કાયદો કામ કરે છે તેટલા માટે નાકની ઇદ્રીને જે ચીજો શારીરીક, નૈતીક અને રવાનીક અષોઇને નુકસાનકારક હોય તેવી ચીજોના વાસથી (દુર્ગંધથી) દૂર રાખવી જોઇએ એટલુજ નહિ પણ તેવી ચીજોની વાસ્ના યાને સમાગમમા પણ આવવુ જોઇએ નહિ આ વાસ્નાની અસરની અદર એક આદમીની ખાસીઅત ઉપર કેવી કેવી તરેહના ફેરફારો થાય છે તેના કાયદાઓ સમાઈ જાય છે આપણા વિચારોને હમેશા દમ સાથે સબધ રહેલો છે અને જે દમ આપણે ખેચ્યે છીએ તે દમ વિચારોને ભલા યા બુરા બનાવવામા અસર કરે છે અને તેજ પ્રમાણે ભલા યા બુરા વિચારો આપણી લાગણીઓને દોરવે છે આ કારણને લીધે કોઇબી હલકા ખવાસના યા દરૂજીવાળા યા બદમિથ્રના શખ્સના સમાગમમા ચાલુ આપણે રહીએ છીએ એટલે કે એવા શખ્સની વાસ્નાની અસર સાથે આપણે દમ ખેચ્યે છીએ તે વખતે નાકની ઇદ્રી વિચારોને ચાલુ દરૂજની લાઇન ઉપર મોકલી આપીને રવાનની અષોઇમા ખલલ કરે છે તેથીજ અષોઇના બારીક કાયદાઓને આધારે આપણે બદ ખોરેહવાળા માણસોના સમાગમથી ચોકસ અતરે દૂર રહેવાના જરથોસ્તી દીનમા ફરમાનો આપવામા આવ્યા છે.

'સોબત તેવી અસર' નો કુદરતી નિયમ, અને **બાળકોના** બાબમા તે વીષે રાખવી જોઇતી સાવચેતી

આ બાબદના સબધમા ઘણી બારીકીમા નહિ ઉતરતા એટલુજ ધ્યાનમા રાખીશુ કે 'સોબત તેવી અસર' નો જે નિયમ સાધારણુ રીતે બોલાય છે તે અદરખાનેથી **વાસ્નાના** નિયમ ઉપર આધાર રાખે છે, અને તેથીજ **નાનાં બાળકોને કેવાં માણસો, નોકરો તથા શિક્ષકોના હાથમાં સોપવા જોઇએ** કે જેથી કરીને તેઓ ભલી વાસ્નામા રહીને પોતાના વિચારોને અષોઇની લાઇન ઉપર રાખીને રવાનની વૃદ્ધિમા આગળ વધતા રહે, તે બાબે દરેક જરથોસ્તીએ ઘણુજ સાવચેત રહેવુ જોઇએ

ચોથી ઇદ્રી જબાન, સ્વાદને કાબુમાં રાખી જુઠુ તજવાની જરૂર

ચાખવાની અને બોલવાની ઇદ્રી યાને **જીભના** સબધમા આપણે કાઇક બોલીશુ આપણે એટલુ ધ્યાનમા રાખીશુ કે સ્વાદને ખાતર ગમે તે જાતનો ખારાક ખાવો જોઇએ, આ નિયમ રવાનની અષોઇમા ખલલ કર્તા છે જે ખોરાક શરીરને અષોઇના લાઇન ઉપર રાખી શકતો હોય તેજ ખોરાક ખાવાને ખાતર જો સ્વાદ લાગતી બીજી નુકશાનકારક ચીજોનો ભાગ આપવો પડે તો તેમ પણુ કરવુ જોઇએ ખોરાક કેવો લેવો જોઇએ તે આપણે "ખોરાકની સ્વચ્છતા જાળવવાના" બાબમા જોઇ ગયા છીએ આ રીતે જો સ્વાદની ઇંદ્રીને કાબુમા રાખવામા આવે તો જે દુન્યાદારીની મોહીનોનો સ્વાદ આપણી ઇચ્છા વાસ્નાને લાગેલો છે તે સ્વાદ ધીમે ધીમે છોડવાને આપણે લાયક થઈ શકીએ છીએ

સ્વાદની સાથેજ સાચ્ચુ બોલવાની બાબદ ઝબાનની ઇંદ્રીમા ખાસ અગત્યની છે જુઠુ બોલ્યાથી કેવી રીતે રવાનની અષોઇને ધોકો પુગે છે તથા સાચ્ચુ બોલનાર શખ્સ કુદરતના મેહેર યજદના પ્રવાહ સાથે એકતાન થઇને કવી રીતે પોતાના રવાનની વૃદ્ધિમા મદદ કરે છે તે બાબદ આપણે વધુ ખુલાસાવાર "મેહેર-દરૂજી" ના બાબમા જોઇ ગયા છીએ અને અહીયા ફકત એટલુજ યાદ રાખીશુ કે 'અએષમ' ની સામે થઇને રવાનને 'સરોશ' તરફ વલાણુ આપવાને માટે અષોઇની વૃદ્ધિના દાદરમા સોથી પહેલુ પગથીયુ જરથોસ્તી દીનમા સમજાવ્યા પ્રમાણે ઝબાનની ઇદ્રીને પુર કાબુમા લાવવાનુ યાને સચ્ચાઈ અખત્યાર કરવાનુ છે,

સાચ્ચુ બોલનારની અંદર ખીલતી કુદરતી શક્તિઓ, અને સાચ્ચુ બોલનાર દરૂજીથી કેમ બચી શકે છે

જ્યારે સાચ્ચુ બોલીને એક શખ્સ ઝબાનની ઇંદ્રીને અષોઇની સમાંતર રાખે છે તે વખતે તેની અંદર એવી તો સરસ શકિત બરપા થાય છે, કે જેથી બંદગીના માથ્રનં કલામો તે ઉચ્ચારે છે તેનુ ફળ તેને મળે છે અને જેથી દુઆ તે કોઇને દે છે તે ફળી શકે છે આ કારણને લીધે બંદગીની અસર મેળવવાને માટે તેમજ પોતાના ભલા શબ્દોના આશિષ બીજાઓને આપી શકવાને માટે જે સૌથી મોટા ખજાનાની જરૂર છે તે **સચ્ચાઈ** છે આ ઉપરથી ત્યારે સૌથી શરૂઆતની પ્રાથમીક કેળવણીમા પણ જરથોસ્તી દીનમા સચ્ચાઇ ઉપર કાય ભાર મૂકવામા આવ્યો છે અને અષોઇની લાઇન ઉપર રહેવા માટે ઝબાનની ઇંદ્રીને વશ કરવાની કેટલી બધી જરૂર છે તે આપણે સમજી શકીએ જીએ, અને આ બાબદની સાથે સાથે ગાળગલોચના શબ્દો નહિ ઉચ્ચારના તથા કોઇને કદુવા નહિ દેવી વિગેરે જબાનને કાબુમા રાખનારા નિયમો, ખાસ કરીને ગુસ્સાના વિચાર સાથે કોઇનેબી નહિજ બોલવુ, તથા નિંદા અને બદગોઇ નહિ કરવી, આ બધા નીતિના નિયમો ઝબાનની સાથે નીસ્બત રાખીને "અએષમ" દરૂજીથી દૂર લઇ જવામા અને અષોઇ તરફ આગળ વધવામા ખાસ મદદ કરે છે ઝબાનને કાબુમા રાખવા વિષે કબીરજી કહે છે કે —

"જીભ્યા જીને વશ કરી, તિને વશ કિયા જહાન,
નહિ તો અવગુણ ઉપજે, કહે સબ સંત સુજાન"

યાને "જે પોતાની જીભને વશ કરે, તે આખી જહાન જીતી શકે છે, પણ જે જબાનને કાબુમા રાખતો નથી, તેને દુ ખ ઉપજ્યા કરવાનુ એવુ સાધુ પુરૂષોનુ કહેવુ છ"

છેલ્લી પાચમી ઇંદ્રી **સ્પર્શ** બાબે

પાચમી ઇંદ્રી **સ્પર્શને** લગતી છે, અને આ ઇંદ્રી માનવી જાતની શારીરીક સ્થિતિ સાથે એટલો તો સંબંધ ધરાવે છે, કે તે ગમે એવા પરહેજગારી અને સંતોના રાહ ઉપર ચાલનારાઓની રવાનની અષોઇમા પણ તે ઘણીજ હરકતકર્તા થઇ પડે છે દાખલા તરીકે આપણે માન્થ્રિક માદગીના બાબમા જોયુ તેમ એક માસિક માદગીથી સખત રીતે હેરાન થતી સ્ત્રી જ્યારે પયગામ્બર સાહેબ જીસસ ક્રાઇસ્ટના કપડાને સ્પર્શ કરે છે, કે તુરતજ તેવણ સાહેબનુ ખોરેહ જતુ રહે છે વળી એ ઉપરાંત એવી એક સ્ત્રી જો ફળ, ફુલ, ઝાડપાન

કે બીજી કોઇબી ચીજને સ્પર્શ કરે છે, તો તે ચીજોનું ઉગવાનું, ખીલ-વાનું ને વધવાનું તત્વ જતું રહે છે, અને તે ઉપરાંત આપણા ધાર્મિક કાનુન મુજબ તે અવાવ બને છે આ બતાવે છે, કે સ્પર્શની મારફતે દરૂજીનો પાસ એક ચીજમાથી બીજી પાક ચીજમા ઝટ આમેજ થઇ જાય છે તેજ પ્રમાણે એક પાક ખોરેહવાળા માણસનો સ્પર્શ બીજાને લાગવાથી તેનામા પણ પવિત્ર ખોરેહ આમેજ થાય છે એ રીતે સ્પર્શ-ની મારફતે ખોરેહની આપ લે થાય છે આ ઉપરથી ત્યારે માસિક હાલતવાળી સ્ત્રીથી કોઇ ચીજને સ્પર્શ કરી શકાય નહિ, લગ્ન તથા નવજોત જેવી બુલંદ ક્રિયાઓ વેળા પરણનાર તથા નવજોત થનારા છોકરા યા છોકરીથી એક વખત નાહન નાહી શરીર પાક કીધા પછી બીજાઓને 'શેકહેન્ડ' વગૈરે કરી શકાય નહિ, ઇજશને, બરસ્નુમ વિગેરે પવિત્ર ક્રિયા કરનાર યોજદાથ્રેગર મોબેદને બીજા કોઇ જરથોસ્તી-થી પણ સ્પર્શ કરી શકાય નહિ યા અડકી શકાય નહિ, વિગેરે, સ્પર્શને લગતા પુષ્કળ કાયદાઓ આપણા પાકીજેહ ધર્મમા આપવામા આવ્યા છે, તેમા અષોઇના કાનુનો કેટલી બારીકીથી જાળવવામા આવ્યા છે તેનો આપણને ખ્યાલ આવી શકે છે હાલમા આપણા લોકમા જેને તેને 'શેકહેન્ડ' કરવાની જે તઓહ પડી ગઇ છે, તેમા કેટલી હદનો જોખમ છે, તે સમજી શકાશે

પાંચે ઈંદ્રીઓ વશ કરવા બાબે કેવ૨ના વિચારો

એ રીતે પરવરદેગારનુ નામ ઝબાનપર લેવા લાયક થવા માટે, યાને ધાર્મિક અષો જીદગીની મારફતે આત્મિક વૃદ્ધિ કરવા લાયક થવા માટે, પાચે ઇદ્રીઓ વશ કરવી જોઇએ કબીરજી કહે છે કે –

"ગળા ગુસ્સેકા કાટ, મીયા કેહરકુ માર,
પાચો બકરી જુબા કરો, તબ પાવે દિદાર"

એટલે "તારા ગુસ્સાનુ ગળુ કાપ, તારા દીલમાનો કપટ મારી નાખ, ને તારી પાચે બકરીઓ યાને પાચે ઇદ્રીઓને જબેહ કર, અને ત્યારે તુ ખુદાનુ નામ લેશે તો ખુદા તને મળશે"

એનેજ મળતુ લખાણ ભગવદ ગીતામા પણ છે તેમા જણાવ્યુ છે કે—

"He whose senses
are well controlled, attains
to sacred knowledge,
And thence obtains
tranquillity of thought
Without quiescence there can be no bliss"

એટલે, "જે માનવીએ પોતાની ઇંદ્રીઓ ઉપર મજબુત કાબુ મેળવેલો છે, તે પવિત્ર ઇશ્વરી જ્ઞાન મેળવે છે, અને તે જ્ઞાન મળ્યુ કે પછી મનની સંપુર્ણ શાંતિ મળે છે શાંતિ વગર આશીરવાદ મળી શકે નહિ"

અષોઇના હથીઆર થી આત્મા ઉપર પડેલી સ્વબેડીઓ તોડી શકાય છે

હવસો અને ઇચ્છાઓજ દુખના મૂળ છે, અને તેવા દુખને જડમૂળથી ઉખેડી નાખવા માટે ધર્મના ફરમાનો પાળવા જોઇએ, કારણકે ધર્મજ તે દુખમાથી રવાનને મુક્ત કરવાનો રાહ દેખાડી શકે છે **જરથોશ્તી ધર્મ જણાવે છે કે ઘડીભરબી એમ નહિ માનવુ કે આપણે તો હવસ ને ઇચ્છાની બેડીમાં જકડાયલાંજ છીએ ને તેમાંથી કદી છુટકારો થઈ શકે નહિ. કારણકે દરેક ઇનસાનનાં અંતરમાં 'વહીશ્તેમ અહુમ' નુ (અણુહદ રોશનીનુ) સુખ સમાયલુ છે, અને દુઃખની બેડીઓ તો આપણે પોતેજ બનાવી છે અને ખોટી ફક્ત માનવીએ પોતે અષોઇના તેજદાર હથીઆરથી તે બેડીઓ ભાજી નાખવાની ચાલુ કોશેષ કર્યા કરવાની છે.**

"અષોઇ" ના નિયમોનુ સાર્વજનીકપણુ, તેને લીધે જરથોશ્તી ધર્મનુ સર્વોપરીપણુ.

સૃષ્ટિ-રચનાની કોઇબી ચીજ અષોઇના નિયમની બહાર નથી તે બાબે કવીઓ તેનીસન અને મીલ્તનની યાદ રાખવા જોગ લીટીઓ

એક નાનો શબ્દ **અષોઇ** અને તેબી "તનની અષોઇ" રવાનની વૃદ્ધિમા આટલી બધી હદ સુધી મદદ કરી શકે છે, તો પછી મન તથા વિચારની અષોઇ રવાનને કેટલી બુલંદ હાલતે લઇ જઇ શકે તેનો ખ્યાલ આપણાથી થઇ શકતો નથી સૃષ્ટિ-રચનામા કોઇ પણ ચીજ યા બાબદ એવી નથી કે જેને અષોઇનો નિયમ લાગુ નહિ પાડી શકાય કવી તેનીસનના બોલોમા બોલ્યે તો—

"The God that ever lives & loves,
One God, one Law, one Element,
And one far-off divine event,
To which the whole Creation moves."

"તે ઇશ્વરી શક્તિ જે હમેશ હૈયાત છે અને પ્રેમથી ભરપુર જે, એકજ ઇશ્વરી શક્તિ, એકજ કાયદો, એકજ મૂળ અને એકજ દુરનો ઇશ્વરી બનાવ કે જે તરફ આખી સૃષ્ટિ ગતિ કરી રહી છે"—એ જરથોસ્તી દીનમા સમજાવેલો, "અષ–વહીશ્ત" નો બુલદમા બુલદ 'વ્યવસ્થા' નો કાયદો છે કવી મીલ્તનની નીચલી લીટીઓ પણ ગોખી રાખવા જોગ છે —

> "Love Virtue, she alone is free
> She can teach ye how to climb
> Higher than the sphery chime,
> Or, if virtue feeble were,
> Heaven itself would stoop to her"

અર્થ —"અષોઇને તુ ચાહ, અષોઇજ એકલી છુટાપણુ ધરાવનારી છે, અને સૃષ્ટિના ગાયનના નાદથીબી વધારે ઉચે કેમ પુગી જવુ તે અષોઇ તુને શીખવે છે, કેમકે નહિ તો, જો અષોઇ નબલીબી હોય તો ઇશ્વરી શક્તિ પોતે તેણીની મદદે ધાઈ આવે"

દુનિયાના જુદા જુદા મહાન પેગમ્બરોના યાદગાર પેગામોની એક ટુક સરખામણી

આ પૃથ્વી ઉપર જે જે મહાન ધર્મોના સ્થાપકો થઇ ગયા છે, તેઓ ચોકસ નીતિને લગતા બોધો જે પોતાની જીદગીના ખાસ વિષય (Key note) જેવા હતા તે પોતાના પેગામ દાખલ મૂકી ગયા છે અને તે પ્રમાણે પોતાના શિષ્યોને ચાલવાને ફરમાવી ગયા* છે જેમકે શ્રી કૃષ્ણનો પેગામ "ડહાપણ મેળવ" એ હતો પવિત્ર બુદ્ધનો "ઇચ્છા તજી દે" જીસસ ક્રાઇસ્ટ સાહેબનો "પ્યાર રાખ", હજરત મહમદનો "ખોદાને શોધ", તથા આપણા અષો જરથુસ્ત્ર સાહેબનો **"અષો થા"**.

શ્રીકૃષ્ણનો પેગામ ખરેખર ઘણો ઉમદા છે, કેમકે જોર, સદવર્તન, વિદ્યા, અનુભવ, દોલત અને દુનિયાને લગતા બધા ફાયદાઓ જો તેમા ડહાપણ સમાયલુ ન હોય તો તે વ્યર્થ છે પરતુ તેમ તે (ડહાપણ) કાઇ દરેક જનથી મેળવી શકાતુ નથી કે નથી ખરીદી શકાતુ, અને હજારમાથી ભાગ્યે એકને જન્મથી એ બક્ષેશ મળેલી હોય તો પછી તમામ માણસ જાતથી એ બોધ પ્રમાણે ચાલી શકાય નહિ

---

* એ બાબે વીગતવાર દલીલો સાથના વીવેચન માટે જુઓ શેઠ અરદેશર સોરાબજી એન વાહડીઆનુ પુસ્તક "The Message of Zoroaster," chapter III

પવિત્ર બુદ્ધનુ ફરમાન પણ જોકે ઘણુ કીંમતી છે—દરેક માનવીને પોતાની આત્મિક વૃદ્ધિ કરવાને માટે "ઇચ્છાઓ તજી દેવી" કહેવુ સારૂ છે—પણ આ બાકી દુનિયામા તો કાઇ પણ કાર્ય કરવા માટે ઉશ્કેરનાર ઇચ્છાજ છે તો તે વિના તો માનવીના મોટા ભાગને આ જીદગી ઝુકતી અને સુસ્ત લાગે—એટલે એ ફરમાન પ્રમાણે ચાલવાનુબી મનુષ્યોના મોટા ભાગથી બની શકે નહિ

ક્રાઇસ્ટ સાહેબનો પેગામ સાર્વજનીક "પ્યાર" પણ ઘણોજ ઉમદા છે કેમકે પ્યારમાજ ઇશ્વરી શક્તિ ઉતરે છે અને પ્યાર એ પર્મેશ્વરનુ બીજુ નામ છે પણ માણસોમા જે ઉચ વર્ણના પ્યારની જરૂર છે તે કાઇ સર્વેમા હોતો નથી પણ જેના ઉપર તેની નવાજેશ કુદરત તરફથી થઇ હોય તેજ તે ધરાવી શકે છે પ્યારનુ બીજ તો દરેક માનવીના દીલમા વાવેલુ હોય છેજ પણ એક યા બીજા કારણસર મોટે ભાગેના માનવીઓની જીદગી પુરી થતા સુધી તે એમનુ એમજ ફણગો ફુટયા વિનાનુ રહી જાય છે એટલા માટે આ ઉમદા બોધ તમામ મનુષ્ય માત્રથી કાઇ પાળી શકાય એમ નથી

હવે પેગામ્બર મહમદ સાહેબના પેગામનો વિચાર કરીશુ તો તે દરેક જમાનાઓ અને દરેક ધર્મમા માણસોની ઊંચી ઉચ નેમ તરીકે સ્વિકારાયલો છેજ પરતુ હાલના "સાયન્સ" ના વધારાવાળા જમાનામા આપણે જોઇએ છીએ કે સુધારાની ધુઇમા ઘણાકો જયારે કુદરતના અચલ કાયદાઓથી—અને નહિ કે તેના પેદા કરનાર તરફથી—સર્વ બનાવો બને છે, એવુ લઇ ઉઠયા છે, અને એ પ્રમાણેની બેઇમાની હાલના યુરોપ તેમજ બીજા "સાયન્સ" ના સુધારાઓમા માનનારા રાજ્યોમા અને કઇક અશે આપણી નાની કોમના કેટલાક કહેવાતા સુધારાવાળાઓમા પણ ફેલાતી જાય છે આ રીતે હજરત મહમદનો "ખોદાને શોધ" ના પેગામ પ્રમાણે દુનિયાના એક બહોળી સખ્યાના માણસો—મુખ્ય કરીને સુધારાવાળા ભાગોમાનાઓ—ચાલી શકે એમ કહેવાય નહિ

હવે આપણા પુજય પેગમ્બર જરથુસ્ત્ર સાહેબનુ શિક્ષણ કે "અષોઇનો અમલ કર" એ પેગામ ઘણા અસલના જમાનાથી તે હાલની 'સાયન્સ' ના કહેવાતા મોટામા મોટા વધારા સુતા એ અષોઇ ના ફરમાનો, તરીકતો અને કાનુનોની સચ્ચાઇ દરેક જમાનામા અને દરેક સ્થળે, તેમજ દરેક વિચારવાળા મનુષ્યોમા, વધુ અને વધુ ઝળકાટ

સાથ પ્રકાશતી રહેલી છે અને રહેશેજ ઉપર આપણે જોઇ ગયા છીએ તેમ આપણા ધર્મ પુસ્તકોમા જગેજગ અષોઇ બાબેનોજ નાદ વ્યાપી રહ્યો છે **"અષોઇ માણસોને માટે જન્મથીજ સૌથી ઉત્તમ ચીજ છે. અએ જરથુસ્ત્ર તે અષોઇ એ માજદયસ્ની દીન છે."** (વદીદાદ ફરગરદ ૧૦)

આ વિષયની શરૂઆતમા આપણ જણાવેલા બોલો ફરી એક વાર જણાવીશુ કે—

અષો જરથુશ્ત્ર સાહબના **અષોઇનો** પેગામ બીજા બધા પેગામોમા સાર્વજનીક તથા ચઢીઆતો છે

આપણો પાક જરથોસ્તી મજહબ એટલો તો મોતેબર છે કે તેની બુલદીનો સપૂર્ણ ખ્યાલ કોઇથી પણ કરી શકાતો નથી જેમ જેમ હાલની 'સાયન્સ' (Science) ની દરેક શાખા આગળ વધતી જશે તથા ગેબ્બી નવી નવી શોધો થતી જશે તેમ તેમ જરથોસ્તી ધર્મમા જણાવેલી ઉચી 'સાયન્સ' અને ઉચ ફીલસુફીની સચ્ચાઇ પુરવાર થતી જશે, તેની ખરી પિછાન થશે, અને તે અષોઇના ઉચ પાયા ઉપર રચાયલો હોવાથી કેવી બુલદ ટોચે પુગેલો છે તે માલમ પડશે, અને એ રીતે આજથી હઝારો વર્ષ ઉપર સ્થપાયલા આપણા પવિત્ર મજહબની ઝળકતી કીર્તિ પાછી સજીવન થઇ તેના મીનોઇ જ્ઞાનની રોશનીથી કુલ જહાનને મિનોઇ વૃદ્ધિમા આગળ વધવાનો એકવાર ફરીથી જોશ આપશે

આ આપણા વચનોનુ વાસ્તવીકપણુ નીચે ટાકેલા બીજા મજહબ વાળા બે મહાન વિદ્વાનોના મતથી એકદમ જણાઇ આવશે

અષોઇના પાયા ઉપર રચાયલો **જરથુશ્ત્રનો** ધર્મ હાલની સૌથી આગલ વધેલી 'સાયસો' તથા મતોને ઝ'ખવાવી **નાખે એવો ચઢી આતો હોવા** બાબે બે યુરોપ્યન વિદ્વાનોના **કીંમતી મતો**

"Should modern science deem it worthy and be able to understand the real meaning of the spirit of the Avesta, it would soon find out that *Zoroaster* knew of all the laws and operations of Nature far better than all the philosophers, scientists, and astronomers of to-day Galileo, Newton, and Kepler would have had to learn from their master astronomer Darwin would be put to shame if he

understood the theory of evolution as taught by *Zoroaster* Practically all the precepts of purity, all moral and religious exercises, all sacrifices and healings were based upon the deepest and profoundest studies of Nature's laws in *All* domains, physical, Spiritual and intellectual"

David Ammann

એટલે "અગરજો હાલની વિદ્યા ('સાયન્સ') અવસ્તાનો મૂળ ભાવાર્થ (Spirit) નો ખરો અર્થ સમજવાને શક્તિવાન થાય, અને તેમ કરવાનુ યોગ્ય ધારે, તો તેને તરતજ માલમ પડશે કે **જરથુસ્ત્રનુ** કુદરતના તમામ કાયદાઓ તથા કાર્યક્રમોને લગતુ જ્ઞાન આજના તમામ ફીલસુફો, વિદ્વાનો (scientists) અને ખગોળવેત્તા કરતા ઘણુજ ચઢીઆતુ હતુ ગેલીલીઓ, ન્યુટન અને કેપલર એઓને તેઓના ઉસ્તાદી ખગોળવેત્તા (જરથુસ્ત્ર) પાસે શીખવુ પડતે જરથુસ્ત્રએ જે પ્રમાણે પ્રગટીકરણનુ મત (Theory) શીખવ્યુ હતુ તે જો દારવીન સમજ્યો હોત તો તેને શરમમા પડવુ પડતે **વ્યવહારૂ રીતે, અષોઇના તમામ ફરમાનો, સર્વ નૈતિક અને ધાર્મિક કાર્યો, સઘળી ક્રિયાઓ અને સાજું કરવાના નુસખાઓ, એ સર્વે શારીરીક, આત્મિક, માનસિક પ્રદેશોમાં કુદરતના કાયદાઓના સૌથી ઉંડાણ અને સૌથી પ્રવીણ અભ્યાસો ઉપર રચાયલાં હતા.**"

"It is evident that this simple and sublime religion is one to which by whatever name we may call it, the best modern thought is fast approximating Men of science like Huxley, philosophers like Herbert Spencer, poets like Tennyson, might all subscribe to it, and even enlightened Christian divines, like Dr Temple, are not very far from it"

Samuel Laing's "Modern Zoroastrian"

યાને, "આ ખુલ્લુ છે કે આએ સાદો અને બુલંદ ધર્મ એવો એક છે કે જે તેને ગમે તેવા નામે આપણે ઓળખ્યે, તે હાલની સૌથી સરસમા સરસ વિદ્યાને ઘણોજ આગળ વધતો મળતો આવે એમ છે

હક્સ્લી જેવા ‘સાયન્સ’ના માણસો, હર્બર્ટ સ્પેનસર જેવા ફીલસુફો, તેનીસન જેવા કવિઓ, એ સર્વે તેને કબુલ કરે, અને ડૉ૰ ટેમ્પલ જેવા ગ્નાની ખ્રીસ્તી ઉપાધ્યાઓ ચટીક તેનેથી (યાને એ ધર્મથી) વણા વેગળા નથી”

ઉપલા સખુનો દરેક જરથોસ્તીના રદયમા કેટલી મગરૂરી ઉત્પન્ન કરનારા છે! ત્યારે ખરેજ નીચલા બોલો જે દીનદાર ભણનારે અવસ્તા બંદગીને છેડે રોજ ભણે છે તે કેટલા વાસ્તવીક છે?

“અએ યજદાન્ બ દર્ગાહે તો હજારાન્ હજાર્, બીવર્ હજારાન્ હજાર્ સેપાસ મીકુનમ્, કે દર્ દીને જરતોસ્ત્ મરા પેદા બેકર્દ; અજ્ બરકકતે દીને ઊ મન્ દર્ ગરોથ્માન યકીન્ ખાહમ્ શુદ્.”

યાને “અએ યજદાન! (હુ) તારી દરગાહમા લાખો અને કરોડો શુકરાના કરૂ છુ કે, (તે) મને જરથોસ્તની દીનમા જન્મ આપ્યો તેની (યાને અષો જરથોસ્ત સાહેબની) દીનની બરકકતથી (એટલે એ સાચ્ચી દીનના ઉત્તમ ફરમાનો મુજબ જીંદગી ગુજારવાથી) (હુ) ખચીત ગરોથ્માન બેહેસ્તમા જઇશ”

હઝારો હઝાર દરૂદ હોજો આપણા મહાન વક્ષુરંવક્ષુરાન અષો જરથુશ્ત્ર સાહેબના પવિત્ર રૂહ ઉપર!

મનની અષોઇ—"અષોઇએ રવાન" બાબે.

બેહમન અમશાસ્પંદ મારફતે અહુરમજદ તરફ પહોચવા માટે "મનની અષોઇ" ની જરૂર

હવે ત્યારે શરીરની અષોઇ ("પાકીએ તન") નો ખ્યાલ મેલવ્યા પછી આપણે "મનની અષોઇ" (અષોઇએ રવાન") બાબે વિચાર કર્યે

"યે વાઓ મજદા અહુરા,—
પઇરિ જસાઈ વોહુ મન ઘહા."
(ગાથા હા ૨૮-૨)

અર્થ

"અએ અહુરમજદ વોહુમનોની મારફતે હુ તારી નજદીક પહોંચુ."

ગરોથમાન જે અહુરમજદનુ રહેઠાણ છે, ત્યા પોતાના રવાનને વોહુમનો મારફતે લઇ જવાને ગાથામા ઉપલી દુઆ ગુજારવામા આવી છે દરેક માનવીને માટે આ કેવી ઉચમા ઉચ દુવા છે! પોતાના રવાનને ગરોથમાન તરફ લઇ જઇ પાક અહુરમજદના દર્શન કરવા, તે મહાન સાહેબની સાથે એકતાન થવુ એ માણસ જાતની બુલદમા બુલદ નેમ છે, તો તેવી બુલદ નેમ બર લાવવા માટે બેહમન અમશાસ્પદની ઉત્તમ બક્ષસ 'વોહુમનો' યાને "ભલુ મન" મેળવવુ જોઇએ એમ ગાથાના ઉપલા ફકરા ઉપરથી માલમ પડે છે

અષો જરથુસ્ત્ર સાહેબ મુશ્કેલીના ઇલાજ તરીકે માગેલી **ભલા મનની** બક્ષેશ

ગાથા હા ૪૬ ફ ૧ અને ૨ મા અષો જરથુસ્ત્ર સાહેબ દાદાર હોરમજદને વિનવે છે કે મારા ખેશીઓ તેમજ ફરમાન-બરદારો મને છોડી ગયા છે, અને દેશના કોઇબી લોકો મને સતોષ આપતા નથી, ત્યારે, ઓ હોરમજદ! તે મને જે મોટુ કામ આપ્યુ છે તે સપુર્ણ કરવા માટે હુ તને કેવી રીતે ખુશાલ કરૂ? હુ ટુક સંપતિનો તથા થોડાજ સાથીવાળો છુ, માટે તને હુ નમનતાઇથી અરજ ગુજારૂ છુ કે આ મારી હાલત તરફ તુ નેગાહ કર, તેમજ જેમ એક દોસ્ત બીજા દોસ્તને આપી શકે તેમ તારાથી હુ દિલાસો માગુ છુ, અને તે એ કે

"આખ્સો વ ઘ્રહેઉશ અષા ઇસ્તીમ્ મન ઘ્રહો."

યાને "અષોઇની મારફતે ભલા મનની દોલત તુ મને શિખવ" મતલબ એ કે આવી મુશ્કેલીને વખતે જે અષાઇની મારફતે ભલા મનની

બક્ષેશ મેળલેલી હોય તો ગમે એવી નિરાશા અને મુજવણુ દૂર કરી શકાય છે.

હાલનું કેળવાયલુ મગજ તે કાંઇ "મન-ની અપોઇ" નથી.

આજના "સાયન્સ" ના યાને પદાર્થ-વિદ્યાના આગળ વધતા જમાનામા ખીલેલા મનની ઘણી વખાણુ થાય છે, પણ ખાલી ખીલેલુ અને ચાલાક મન રવાનને અહુરમજદ તરફ જવાના રસ્તા ઉપર મૂકવાને શક્તિવાન નથી ગમે એવી **તીક્ષણ મનશક્તિ** હશે પણ જો તે કામ, ક્રોધ, લોભ, મોહ, મદસર અને સ્વાર્થ જેવા કોઈપણ–જાતના દુર્ગુણને આધીન થયલુ હશે તેની ઇચ્છાવાસનામા જો સર્વ પાપનુ મૂળ "હું" ભેળાયલો હશે, તો તેવુ મન પોતાની ચાલાકીને લીધે **દુન્યાદારીના કામમાં ક્ષણભગુર ફત્તેહ માટે કામ લાગશે પણ રવાનની વૃદ્ધિ માટે તે બીલકુલ નકામુ છે,** એટલુ જ નહિ પણ સામુ તે રવાનને અહુરમજદના રોશનીના માર્ગથી એકેક પગથીયુ પાછળ હટાડી અહેરેમનના અંધકારના માર્ગમા ફસાવી દે છે

વાસ્તે આપણ બસ્તેકુસ્તીઆનોએ જે ખાહેશ રાખવાની છે, અને જે સ્તુતિ કરવાની છે, તે ખાલી હુશ્યાર અને ચાલાક મનની નહિ પણ કુદરતની પિછાન કરી શકે તેવા **પવિત્ર મનની** છે, અને તે મન નિતી, નેકી, દાનાઇ, સચ્ચાઇ, નેક દયાનતદારી, પરોપકાર, પરમાર્થ વીગેરે તરફજ ખેચાયલુ હોવુ જોઇએ કે જેથી તેમાથી જે વિચારોનો પ્રવાહ બહાર નીકળે તે સ્વચ્છ, પવિત્ર તથા ખાલેસ હોઇ શકે

મન રૂપી મકાનમા રહેલા વિચારોનુ જોર કેટલુ બળવાન છે, તે હાલની પશ્ચિમ તરફની 'સાયન્સે' ઘણાએક અખ્તરાઓ કરી પુરવાર કરી આપ્યુ છે

વિચારોને સીધી લીટીમા રાખવાની જરૂર

"સઘળી ચીજો અને બનાવોને હયાતીમા લાવનાર મહાન શક્તિ ધરાવનાર 'વિચારબળ' છે ગ્રથકાર, ચિતારો, શિલ્પી, શોધક વીગેરે લોકો પોતાના કામના દરેક ભાગો પહેલા વિચારમા પુરા કરે છે અને પછી તે વિચારોને પદાર્થમા ગોઠવે છે' એ વાત જાણીતી છે વિચારબળ આટલુ મહાન છે, પણ જો તેને કુદરતના કાયદાને અનુસરીને બાધવામા આવે છે ત્યારેજ તે રક્ષણ કર્તા તરીકે કામ કરે છે અને જ્યારે તેને કુદરતના કાયદાથી ઉલટી રીતનો બાધવામા

આવે છે ત્યારે તે નાશકારક પરિણામ લાવે છે મારકસ ઓરેલીઅસ કહે છે —

"The happiness of your life depends upon the quality of your thoughts, therefore guard accordingly, and take care, that you entertain no notions unsuitable to virtue, and unreasonable to nature"

એટલે, "તમારી જીદગીના સુખનો આધાર તમે જે **જાતના** વિચારો કરો તે ઉપર રહે છે, તેટલા માટે ઓ ઇનસાન તુ ઘણોજ સાવચેત રહેજે, અને સદગુણનો ભગ કરનારા તેમજ કુદરતની વિરૂદ્ધ જનારા વિચારોને તારા દિલમા વાસો કરવા ના દેતો"

વિચારના સબધમા **"કારણ અને પરિણામ"** નો કાયદો

દુન્યાની અદર સૂર્યની રોશનીની માફક સુખ ફેલાયલુ છે, જ્યારે દુખ આપણા વિચારોના પડછાયા રૂપે આપણને આવી મળે છે જાણીતા ઇગ્રેજ લેખક જેમસ એલન કહે છે "Your world is a reflex of you" "દુન્યા એ એવી જાતનુ દર્પણ છે, કે તેમા દરેક માણુસ પોતાની પ્રતિછાયાજ જુએ છે" "કારણ અને અસર" ના કાયદાની બહાર કાઇ પણ છેજ નહિ એ બિના ઘણા જમાનાથી સિદ્ધ થઈ છે નજીવામા નજીવો વિચાર, શબ્દ કે કામ એ દરેકમા "કારણ અને અસર" યાને પરિણામનો કાયદો ચાલે છે "જેવુ વાવો તેવુ લણો" એવી જાણીતી કહેવત આ કાયદાને ખાસ ટેકો આપે છે

દુશ્મત યાને બદ વિચારોથી "દરૂજીએ સએની" નુ ઉત્પન્ન થવુ અને તેથી દુન્યામા તમામ આફતોનુ વરસવુ

દુન્યાની અદર વારવાર દેખાવ દેતા દુકાળ, મર્કી, આગ, ધર્તીકપ, મોટી લડાઇ વીગેરે આફતકારક બનાવોનુ કારણ **લોકોના બદ વિચારો** છે, અને ઉપલા સઘળા બનાવો કાઇજ નહિ પણ લોકોના બદ વિચારોનુજ પ્રતિફળ છે એટલે કે કીનો, કપટ, હવસ, ખુન વીગેરે અનેક જાતના બદવિચારો જેને આપણી ધાર્મિક ભાષામા **'દરૂજી-એ-સએની'** તરીકે ઓળખવામા આવે છે, તેની "દરૂજીએ સએની" નુ જોર જ્યારે ઘણુ વધી જાય છે અને કુદરતમા વ્યાપી રહેલા અષોઇ અને ભલાઇના કાયદાઓનુ ઉલઘન થાય છે, ત્યારે તે ચોકસ હદે પુગ્યા પછી તેના પરિણામ તરીકે ઉપર જણાવ્યા મુજબની મોટા પાયા ઉપરની ભયકર

હોનારતો બનતી રહે છે આ બાબદ વિષે "હવાની પવિનાઇ"ના બાબમા આપણે વધુ ખુલાસાવાર લખ્યુ છે

એ રીતે લોકોના પોતીકા બદવિચારોનો સામટો જોશ 'દરૂજી-એ-સએની' તરીકે થઇને ચાલુ તેઓને પોતાનેજ નુકસાન કરનો રહે છે બે રાજ્યો વચ્ચે **લડાઈ જાગે છે** એ કાઇ ગજા કે એકાદ માણસને લીધેજ નથી, પણ તે તો **લોકોના એકઠા થએલા ખરાબ વિચારોના પોતાના પડછાયા છે.** હીન્નુ ધર્મગુરૂઓ પણ કહી ગયા છે કે 'બહારના બનાવો અંદરના વિચારોને અનુસરતા બને છે' પ્રજાને માથે આવી પડતી આફતનુ કારણ તેમજ પ્રજાને મળતી ફત્તેહનુ કારણ તે વખતની પ્રજાના સારા યા બુરા વિચારો અને ખાહેશોના પરિણામજ છે આજ કારણને લીધે "મિથ્ર" યાને વિચારોને હમેશા શાદ યાને કુદરતની લાઇન ઉપર ચાલુ ગખવાનુ અને મન જે વિચારોનુ મકાન છે તે મનરૂપી મકાનને કોઇપણ જાતના પાપી વિચારની ગલીચી બીલકુલ ન લાગવા દેતા તેને અષો રાખવાનુ અસલ જરથોસ્ત્રી ફરમાન છે એ ઉપરથી ત્યારે મનની અષોઇ જાળવવાને વાસ્તે **વિચારો તથા ખાહેશોની પવિત્રાઈ** રાખવીજ જોઇએ એમ આપણને રોશન થાય છે એટલા માટે દુન્યાદારીના કામકાજમા હોઇએ તે વખતેબી તે કામોની અંદર નેક વિચારો તથા અષોઇનો ખ્યાલ ચાલુ રાખ્યાથી તે કામો વધારે સંતોષકારક થઇ શકે છે અને તે ઉપરાત 'દરૂજી-એ-સએની' ઉત્પન્ન થવાનો સંભવ ઉભો થતો નથી

આત્મિક વૃદ્ધિને લગતા વિચારો "સએની દરૂજી" સામે બચાવ કરનાર છે

આ રીતે ભલા વિચારોનો સામટો પ્રવાહ એક ખરાબમા ખરાબ દરૂજીના જોશને ઉભો થતો અટકાવે છે, એટલુજ નહિ, પણ તે સાથે આખી દુન્યાની અંદર આત્મિક જોશ પાથરીને બીજાઓના વિચારોને પણ ચાલુ અષોઇની લાઇનમા ખેચવામા કીંમતી મદદ કર્તા થઈ પડે છે પણ જે માનવી પોતાના ફાટાઓને તાબે થએલો હોય છે, અને પોતાના જુસ્સાઓનો ગોલામ બની ગએલો હોય છે, તે માનવીનુ મન ઉપર જણાવ્યા મુજબ મધુર, કીંમતી, આત્મિક જોશ પાથરનાગ, અષોઇના વિચારો ધરાવવાને લાયક બની શકતુ નથી તે વિષે જાણીતો અંગ્રેજ લખનાર જેમ્સ એલન જણાવે છે કે —

" The conquest of your petty likes and dislikes, your capricious loves and hates, your fits of anger,

suspicion, jealousy and all the changing moods to which you are more or less helplessly subject, this is the task you have before you if you would weave into the web of life the golden threads of happiness and prosperity"

એટલે કે—"ક્ષણેક્ષણના પ્રેમ અને ધીક્કારના ઉભરા, ગુસ્સાના જુસ્સાઓ, વહેમ, અદેખાઇ અને એવા સઘળા મગજના ફાટાઓ જેને તમે વધતા યા ઓછા પ્રમાણમા તાબે થઇ ગયા છો, તે સઘળા ફાટાઓની ઉપર જીત મેળવો તોજ તમે જીંદગીના જાળામા સુખની સોનેરી દોરી વણેલી કહેવાશે."

બંદગી વખતે ખાસ અષોઇના વિચારો રાખવાના અસલ ફાયદા

આ રીતે માનવી જ્યારે બદ વિચારો અને બુરી ખાહેશો ઉપર પુરતો કાબુ ધરાવતો જાય છે, ત્યારેજ તેના મનની અંદર અષોઇના વિચારો દાખલ થવા માંડે છે જે પ્રમાણે સાચ્ચુ બોલવાથી "મહેર-દરૂજ" યાને જુઠાઇના પ્રવાહોને કુદરતમાથી કાપી નાખીને અષોઇના પહેલા પગથીઆમા દાખલ થવાય છે, તેજ પ્રમાણે પવિત્ર વિચારોથી "સએની દરૂજ" ના પ્રવાહોને કાપી નાખીને અષોઇના ઘણાજ આગળ વધેલા દરવાજામા દાખલ થવાય છે મિથ્ર (યાને વિચાર) ને સંભાળવાનુ ફરમાન જરથોશ્તી દીનમા એટલુ બધુ તો મુસ્તકીમપણે આપેલુ છે, કે દરેક બંદગીની અંદર તેને લગતા મિથ્ર ઉપર ધ્યાન રોકવાની ખાસ તરીકત આપવામા આવેલી છે આપણા અસલી ન્યાગાનો અષોઇના એક ખાસ ભાગ તરીકે મિથ્રને ઘણાજ ઉંચ મરતબાના યાને પવિત્ર રાખીને, પોતાના ખોરેહને વધારે પ્રકાશીત બનાવીને, ગ્યાનની વૃદ્ધિમા એકરીતે ઘણા જોશથી આગળ વધી શકતા હતા આજે તો સઘળી જાતની દરૂજીમા ગીરફ્તાર થઇ, અષોઇના બધા કાનુનો તરફ બેદરકારી વાપરીને પોતાના વિચારોને પણ દુન્યાદારીના લોભ અને મોહીની વીગેરે તરફ ચાનુ ખેંચી રાખીને ગ્યાનની વૃદ્ધિના માર્ગમા ઘણોજ અફસોસકારક દેખાવ કરીને આપણે ઉભેલા છીએ અને તેથીજ 'વોહુમનો' ની મારફતે ડહાપણની જે ઉમદા બક્ષેશ મળવી જોઇએ તે મેળવવાને આપણે લાયક થઈ શકતા નથી

એહમનની બખશેશથી મળતુ ઉચ્ચ ડહાપણ

અત્રે આપણે યાદ રાખવુ જોઇએ કે સાધારણ રીતે સન્જોગ અને વખત ધ્યાનમા લઇ જે રીતે કામ લેવામા આવે છે તેને ડહાપણ કહેવામા આવે છે, પણ હુમત યાને ભલા વિચારની મારફતે જરથોસ્તી ધર્મ પ્રમાણે જે ડહાપણ એહમનની બખશેશ તરીકે મળે છે, તે આ સાધારણ ડહાપણ કરતા ઘણુ ઉચ્ચ પ્રકારનુ છે આ ડહાપણ અહુરમજદની મરજી શુ છે તે જાણવામા તથા તમામ કુદરતના નિયમો પિછાનવામા સમાયલુ છે, અને તેની બરકતથી એક માનવી પોતાની શકિતઓને કુદરતના, દુન્યાના તથા પોતાના લાભ અર્થે વાપરવાને ભાગ્યવંત બની શકે છે, અને તેમ કરવે તે અષોઇના માર્ગમા આગળ વધી હોરમજદની સફનો બની શકે છે

'ભલા મન' વગર 'અષોઇ' તેમજ 'અષોઇ' વગર 'ભલુ મન' હોઇ શકે નહીં એવો ગાથામા શીખવેલો નિયમ

આપણા પવિત્ર જરથોસ્તી ધર્મ પ્રમાણે ભલા મનની બક્ષશ જ્ઞાનની વૃદ્ધિ માટે અવશ્યની ગણી છે, અને રવાનની મુક્તિ આપનારી અષોઇના બાબમા ભલુ મન અખ્ત્યાર કર્યા વગર સંપુર્ણ અષોઇ મેળવી શકાય નહિ એમ જગેજગ પાક અવસ્તા ભણતરોમા જણાવવામા આવ્યુ છે

"યોઈ નોઇત્ અષેમ્ મઈન્યન્તા,
અએઇબ્યો દૂઇરે વોહૂ અસ્ મનો."

(ગાથા ૫૪–૮)

"જેઓ 'અષોઇ' ઉપર ખાસ મિશ્રથી ધ્યાન આપતા નથી તેઓ તરફથી ભલુ મન દૂર થતુ રહે છે"

"યે આઇશ અષેમ્ નિપાઓંઘહે
મનસ્ચા વોહૂ યવએતાઇતે
ત્વેમ્ મઝ્દા અહુરા ફ્રો-મા
શીષા થ્વહ્માત્ વઓચઙ્હે."

(ગાથા ૨૮–૧૧,)

"જે આ કાયદાઓની મારફતે હમેશને હમેશ ભલા મન અને અષોઇના પ્રવાહોને ટકાવી શકાય છે, તે કાયદાઓ, અએ અહુરા મઝ્દા,

તુ તારા પોતીકા શબ્દોથી મને શીખવ" યજશ્ને હા ૪૮, ફ ૩ મા જણાવવામા આવ્યુ છે કે—"સારી ન્યામત બક્ષનાર, વૃદ્ધિ કરનાર, સર્વજ્ઞાની હોરમજદ (પોતાની) ઉત્તમ શિખામણો, કે જે ભેદ ભરેલા કલામો, તે સમજદાર માણસ (યાને એક 'રતુ' યાને પેગમ્બર) ને (તેની) અષોઇને લીધે શીખવે છે, ઓ અહુરમજદ ! ભલા મનની અક્કલથી તે ('રતુ') તારી સફનોજ છે"

અહૂનવરનો પવિત્ર એજમતી કલામ કે જે દાદાર હોરમજદે સર્વ સૃષ્ટિ રચનાની આગમજ જાહેર* કર્યો હતો તે 'અહૂનવર' નો ભાગ "યથા અહૂવઇર્યો" ની મોતેબર બદગીમા પણ જણાવેલુ છે કે એક 'રતુ' યાને પેગામ્બર **"ભલાં મનની ઉત્તમ અષોઇ વગેરેને લીધેજ" ("અષાત્ચીત્ હચ વ ધ્રહેઉશ્ દજ્દા મન ધ્રહો")** જગતની તમામ કાર્યક્રમો બાબેની દાદાર હોરમજદની મરજી યાને કાયદો સમજી શકે† છે

આપણા પાક જરથોસ્તી ધર્મમા રવાન ઓખ્તગી મેળવવાને જે અષોઇનો ઉચ કાયદો આપણા પૂજ્ય પેગામ્બર અષો જરથુશ્ત્ર સાહેબે શિખાડેલો છે તે કાયદામા ભલા મનની ખાસ જરૂર શા માટે દર્શાવી છે, તે હવે આપણને સમજ પડી શકે છે પણ હોરમજદની સફમા લઇ જઈ શકાય તે માટે એક રવાને પોતાના મનને કેટલુ સુક્ષ્મ યાને અષોઇ થી ભરપુર કરવાની જરૂર છે તે બાબે કબીરજીનો નીચલો દોહરો નોધવા લાયક થઇ પડશે

"ભકત દ્વાર હય સાકડા, રાઇ દશમા ભાય,
મનહિ જબ ગાવત હો રહા, કયુ કર શકે સમાય ?"

એટલે "ખુદાને મળવાનો માર્ગ એટલો સાકડો છે કે રાઇના દશમા ભાગ જેટલો તે નાનો છે, અને મન તરેહવાર (દુન્યવી) વિચારોનો જથ્થો એકઠો કરીને પહાડ જેટલુ મોટુ થઈ જાય તો પછી એવા સાકડા દરવાજામા તે કેમ દાખલ થઇ શકે ?"

---

* જુઓ યજશ્નેના ૧૯ મો હા ફકરા ૧ થી ૩ અને ૮ અને ૨૦

† જુવો મી૦ નસરવાનજી શાપુરજી તવરીઆનો "અહૂનવરનો કલામ ની મોતેબરી તથા શુજોર્ગિ, અને તેનો તરજુમો"

ભલા મનની બક્ષેશ મેળવવા માટેની ખાહેશ બાબે ગાથાના ફકરાઓ

આજકાલ યુરોપ અને અમેરીકાના પશ્ચિમના મુલકોમા પણ મન ઉપર શિક્ષણ આપવા કાજે અનેક સંસ્થાઓ ઉભી થઇ છે, અને ભલા મનને કેળવવાનુ શિક્ષણ ઘણીક મોંઘી મોંઘી કીંમતની કેતાબો મારફતે આપવાની ચલવળો ચાલી રહી છે, જયારે આપણા માનવંત પયગામ્બર જરથુશ્ત્ર સાહેબે અને તેમના જાયનશીનોએ તો મનની અષોઈ જાળવવાને વાસ્તે અહુરમજ્દ પાસેથી ભલા મનની બક્ષેશ મેળવવાની ઉંચ ખાહેશ રાખવાનુ શિક્ષણ ઘણા કદીમ જમાનાઓથી આપણને આપ્યુ છે

"યે વાઓ મજ્દા અહુરા
પઇરી–જસાઈ વોહૂ મન ઘ્હા."

(ગાથા ૨૮–૨.)

"ભલા મનની મારફતે હુ તારી નજદીક પહોચુ"

"દાઇદી અષા તાંમ્ અષીમ્
વંઘ્હેઉશ્ આયપ્તા મનંઘ્હો."

(ગાથા ૨૮–૭)

"ઓ અષ! તે આશીરવાદ, કે જે ભલા મનનુ ફળ, તે તુ મને આપ"

ગાથા હા ૪૮, ફ ૧૧ મા દાદાર હોરમજદને સવાલ પુછવામા આવ્યો છે કે "દુન્યામા અષોઇ સાથની સંપૂર્ણ મનશની કયારે આવશે," વિગેરે, તેના જવાબમા હા ૪૮, ફ ૧૨ મા જણાવવામા આવ્યુ છે કે,

"અત્ તોઇ અંઘ્હેન્ સઓષ્યંતો દખ્યુનાંમ્,
યોઈ ક્ષ્નૂમ્ વોહૂ મન ઘ્હા હચાઓન્તે
શ્યઓથનાઇશ્ અષા ત્વહ્યા મજ્દા સેંગહ્યા,
તોઈ જી દાતા હમએસ્તારો અએષેમ્ મહ્યા."

'તે દેશોના સઓષ્યંતો (પેગંબરો) છે, જેઓ ભલા મન અને અષોઇથી તથા, અએ હોરમજદ! તારી શીખવણી (મુજબ) ના કામોથી ક્ષ્નુમ યાને દીનના એવમનો ખચ્ચીતજ ફેલાવો કરશે, તેઓ ખરેખર (તમામ દરૂજીના મૂળ) "દરૂજે અએષમ" ની મજબુત સામે થનારા (તરીકે) મુકરર થએલા છે"

ગાથા પ્રમાણે દીનનો અલમ ફેલાવવા માટે "ભલા મનની" તેમજ "અષોઇ" ની જરૂર

આ ફકરા ઉપરથી માલમ પડે છે કે દીન-નો એલમ ફેલાવવા જેવા બિકટમા બિકટ કામો પાર પાડવા માટે "અએષમ" નો નાશ કરવાનુ તથા સપૂર્ણ મનસ્ની (ભલો વિચાર) અને અષોઇ તથા અહુરમજદની મરજી પ્રમાણેના કામો જરૂરના છે વળી આ ફકરો આપણને 'અએષમ' ને લગતા સર્વ દુર્ગુણોથી નિરાળા ખાલેસ વિચારો, તથા અહુરમજદની મરજી પ્રમાણે અષાઇના તરીકાથી ચાલનાર યાને હવસ્ર્ત કરનારાઓજ ભલા નેક કામો પાર પાડવાને સામર્થવાન થાય છે, એવુ કીંમતી શિક્ષણ આપે છે ત્યારે આપણા દીની ફરમાનો મુજબ આપણી ફરજ છે કે આપણા વિચારો અને વિચારોમા મુખ્ય ભાગ ભજવનાર આપણી ખાહેશો કીનો, કપટ, લોભ, મોહ, મદસર, હવસ, ઠગાઇ, સ્વાર્થ, અદેખાઇ, વહેમ જેવા ખાનાખરાબી કરનારા, આબાદીનો અત લાવનારા, અને રવાનની વૃદ્ધિમા પળેપળ પાછળ હઠાડનાર દુર્ગુનોથી નિરાળા રાખી તેમને ખાલેસ, ભલા, શાતિ આપનારા, સાચ્ચા, નીતિમાન, ધર્મનો ફેલાવો કરનારા, ઉદાર, ફીદાગીરીથી ભરપુર, સ્વભોગી, એકદીલી જાળવ-નારા, દયાળુ અને પરમાર્થી રાખવા અને તે સાથે પાક અહુરમજદની યાદ કરી તેમના દર્શન કરવાને લાયક થવાની આપણે ચાલુ ખાહેશ કર્યા કરવી

ગાથા હા ૩૩, ફકરા ૬ થામા અશો જરથુસ્ત્ર સાહેબ આ પ્રમાણે અરજ ગુજારે છે

'યે જઓતા અષા એરેજાૂશ હ્વેો
મઇન્યેઉશ આ વહિશ્તાત કયા,
અહ્મ્રાત અવા મનંઘહા યા
વેરેજયેઇધ્યાઈ મન્તા વાસ્તર્યા,
તા-તોઈ ઇજયા અહુરા મજદા
દરેસ્તોઇશ્ચા હેમ-પરસ્તોઇશ્ચા."

એટલે, "(અએ હોરમજદ!) (તુ) જે (દીન શીખાડનાર) જોતી, ("યે જઓતા") તેને ખાલેસ મનની ઉત્તમ અષોઇથી હુ મદદે બોલાવુ છુ (invoke) કે તેથી (મારી) મુરાદ મુજબ ધારેલુ કામ હુ પાર પાડુ, તારાથી, અએ હોરમજદ! આ બે ચીજ હુ માગુ છુ, (૧) તારા દર્શન, (૨) દીન બાબે તારી સાથે વાતચીત"

ગાથા પ્રમાણે હોરમજદને મલવાને "ભલા મન" તેમજ "અષોઇ" ની જરૂર

ગાથા હા ૫૦, ફ૦ ૧૧ "રાસ્તીના કામ કરનારાઓની ખાએશ જે સૌથી ચઢતે દરજ્જેની (છે તેને) દુન્યાનો પેદા કરનાર (હોરમજદ) (તેઓની) નેક મનશ્ની (વોહુ મન) ને લીધે પાર પાડે છે" આ ફકરામા રાસ્તી (યાને અષોઇ) ના કામો કરનારાઓની જે ખાએશ બાબે ઇસારો કર્યો છે તે આત્મિક વૃદ્ધિને લગતી યાને અહુરમજદના ચરણે જઇ મલવાની ખાએશ બાબે છે અને તે ખાએશ પાર પાડવામા ભલા મનની પણ જરૂર છે તે ખોલ્લુ જણાઇ આવે છે

ગાથા હા ૫૦, ફ૦ ૪ "અએ હોરમજદ! (હુ જે તારી) કીર્તિ ગાનારો (તે) અષોઇથી, સૌથી ભલા મનથી તથા ઉસ્તવારીથી તને હમેશા આરાધુ"

ગાથા હા ૫૦, ફ૦ ૯ ("હુ જે તારી) સ્તુતિ ગાનાર (તે), અએ હોરમજદ! આએ ભકિતઓની મારફતે, અષોઇની મારફતે તથા નેક મનશ્નીના કામોની મારફતે તને પોહોચ્યુ"

ભલો વિચાર ખોટુ કામ કરતા અટકાવી શકે છે

વળી ચાલુ પરવરદેગારનેજ લગતો વિચાર આપણને કાઇ પણ બુરૂ કામ કરતા અટકાવે છે બુરૂ કામ કરતી વખતે આપણને કોઇ જોતુ નથી, પણ પરવરદેગાર તો આપણી આગળ સદા હાજર છે, એવો વિચાર આવતા આપણી છાતીમા જે ધપકારા થઇ આવે છે તે કાઇજ નહિ પણ બુરા કામની સામે ચેતવણી આપનારો પરવરદેગારનો અવાજ છે એ રીતે એક અષો વિચાર આપણને અષોઇથી ઉલટા પાપી કર્મોથી સદા ચેતાવેલા રાખી તે પાક દાદારના ફરમાન મુજબના નેક કામો કરવાની એક છુપી કીમતી મદદ આપે છે, અને આપણા રવાનની અષોઇમા વધારો કરે છે

'હુમત,' 'હુખ્ત,' અને 'હુવર્શ્ત' પ્રમાણે અમલ કરી 'દુશ્મત,' 'દુઝુખ્ત' અને 'દુઝ્વર્શ્ત' ને તજવાની જરૂર

રવાનની અષોઇ જાળવવામા 'હુમત' (અષો વિચાર) કેવી મહાન સેવા બજાવે છે તે બાબે ઉપર આપણે જોઈ ગયા છીએ વળી 'હુખ્ત' યાને નેક સખુન અને રાસ્તી બાબે પણ "મિથ્રદ્રુજી" ના બાબમા વિવેચન કરવામા આવ્યુ છે આવી રીતે જે શખ્સ 'હુમત' ધરાવે છે તથા 'હુખ્ત' ના તરીકાને ચીવટાઇથી વળગી રહે છે તે 'હવરૂશ્ત' યાને નેક કામો કરવાને ભાગ્યવત બની

શકે છે, કારણ કે આપણે સાધારણ રીતે જાણીએ છીએ તેમ દરેક કાર્યને હસ્તીમા લાવનાર મૂળ તે વિચાર છે એથી ઉલટુ એક સ્વાર્થી વિચાર દુર્ગુણોનુ મૂળ છે જ્યા સ્વાર્થ છે ત્યા હુપણુ, બદ દયાનત, ક્રોધ, જુઠાઇ, લોભ, મોહ, મદસર, નિદા, પક્ષપાત, ખોટારૂં વગેરે તમામ દુર્ગુણોનો સમાવેશ થાય છે, અને એ દુર્ગુનોજ 'દુજ્ખ્ત' યાને બુરા સખુન અને 'દુઝ્વર્સ્ત' યાને બુરા કામો કરાવે છે, તેને લીધેજ મનની તમામ ઇચ્છાવારના અને ખાહેશો પવિત્ર હોય તોજ મનની અષોઇ પાળેલી કહેવાય એમ જરથોસ્તી દીનમા બુલદ શિક્ષણ આપવામા આવ્યુ છે તો આપણે ઇચ્છીશુ કે આપણા વિચારો અને ખાહેશો નિસ્વાર્થી, પ્રેમી, ઉડી દયાના, પરોપકારી, પવિત્ર અને ખાલેસ રાખીશુ આવી રીતની રોજીદી **પવિત્ર ખાહેશ** આપણા જીગરમા ચાલુ રાખીશુ તો આપણા મનના ભિત્તરમાથી સઘળી પાપી ઇચ્છાઓ બળી જશે અને એ રીતે આપણુ મન અષો બની રવાન બોખ્તગીની કાયમની ખુશાલી ભોગવવાને આપણને લાયક બનાવશે અષોઇના કાયદાથીજ રવાન બોખ્તગી મેળવી શકાય છે અને એ અષોઇના કાયદાથીજ મહાન પિતા અહુરમજદને ચરણે પહોચી શકાય છે એજ કારણને લીધે પેગામ્બર સાહેબ અહુનવદ ગાથામા (હા ૨૮, ફ૦ ૫) કહે છે કે —

**"અષા કત્ થ્વા દરેસાની
મનસ્ચા વોહૂ વએદેમ્નો,
ગાતૂમ્ચા અહુરાઇ સેવીસ્તાઇ
સેરઓષેમ્ મઝદાઇ."**

અર્થ—"અએ અષા! મીનોઇ જ્ઞાનની રોશની મેલવીને હુ તને તથા ભલા મન (બેહમન) ને તથા (અહુરમઝદના પેગામ લાવનાર) સરોશ યઝદને ક્યારે જોઇશ અને ત્રણોજ ફાયદો કરનાર હોરમઝદને માટેના મુકામને ક્યારે જોવા પામીશ"

પયગામ્બર સાહેબનો સરોષ યજદ અને બેહમન તથા અર્દીબહેશ્ત અમશાસ્પદ સાથનો સબધ તેવણની મર્વથી ઉચ "અષોઇ" ને લીધેજ હતો.

આ ફકરામા પયગામ્બર સાહેબ પોતે જે ઉચ વોહુમનો યાને ભલા મનના વિચારો રાખતા હતા, જે સરોષ યજદના પ્રવાહોનો સબધ રાખતા હતા, તે એઉ બુલદ બરકતને આધારે જે અષોઇના કાયદાનો તેવણ અમલ કરતા હતા તે કાયદાના સાહેબ અર્દીબેહસ્ત અમશાસ્પદને તેવણ જોવાની ખાહેશ રાખતા હતા એમ કહેવામા આવ્યુ છે

રવાનની વૃદ્ધિને ખાતર **"અષોઇ"** જરૂરની છે અને **"અષોઇ"** ની જીંદગીથીજ જીવવુ લાજમ છે

એવીજ ખાહેશ આપણુ જરથોસ્તીઓને જીંદગીની પળેપળ શારીરીક, માનસિક તેમજ આત્મિક અષોઇ ચાલુ જાળવીને સંસારમા યા કોઇપણ બીજા સંજોગમા ફકત **અષોઇ, અષોઇ** અને **અષોઇ**નાજ નિયમથી—કે જે નિયમો બાબે આએ નીબંધમા સમજાવવાની અદના કોશેષ કરવામા આવી છે,—તે અષોઇના બુલંદ નિયમથીજ જીંદગી ગુજારીને આપણે આ દુન્યામા જન્મ પામવાની નેમ પાર પાડવાની ફકત એકજ ઇચ્છાથી જીવવુ જોઇએ કારણકે **રવાનની વૃદ્ધિને ખાતર અષોઇ-ની જીંદગીની જરૂર છે, અને અષોઇની જીંદગી હોય તોજ જીવવુ લાજમ છે.**

"યસ્ન" યાને **કીયા-કામોની** રવાનને જરૂર અને "યસ્ન"નો અષોઇ સાથનો નિકટ સંબંધ

આગળ આપણે જોઇ ગયા પ્રમાણે જન્મ પામવા અગાઉ રવાનને અણદીઠ દુન્યામાથી નીચે આ દુન્યામા ઉતારનાર અષોઇનોજ કાયદો છે, અને શરીરમા રવાન દાખલ થયા પછી એજ કુદરતી અષોઇના કાનુનોની સમાંતર રહી જીંદગી ગુજારવા માટે જરથોસ્તી ધર્મમા સમજાવેલા અષોઇના કાયદાઓ મુજબ શરીર, મન તેમજ રવાનના સંબંધમા ચાલવાની જરૂર છે, અને રવાન જ્યારે શરીર છોડીને મિનોઇ દુન્યામા પોતીકી કર્ણી મુજબ જુદી જુદી હાલતમા રહે છે, તે વખતે પણ એજ અષોઇનો કાયદો તેને આગળ વધારવામા મદદ કરે એવી મોતેબર મતલબથી રવાન પાછળ થવી જોઇતી **"યસ્ન"** યાને **પવિત્ર ક્રિયાકામો** કરવાનુ ફરમાન આપેલુ છે આ ઉપરથી યસ્નની અંદર અષોઇના ત્રણ વિભાગો કેવી રીતે સમાઇ જાય છે તે આપણે સમજી શકયે છીએ શરીરમા રવાનને મિનોઇમાથી ઉતારવાની કુદરતી કાયદાઓ મુજબની ક્રિયા તે યસ્નનો એક ભાગ છે, જીંદગી દરમ્યાન શરીરની અંદર છતા રવાનને તેની અસલ સ્વચ્છતા ઉપર રાખવા માટે દુન્યાદારીને લગતા કામોમા તેમજ જીંદગીની હાજતો ગુજારવામા અમલમા મેળવી જોઇતી અષોઇની તમામ ક્રિયા અને તરીકત એ યસ્નનો બીજો ભાગ છે, અને મરણ બાદ જે અષોઇના કાયદાઓથી ખાસ જરથોસ્તી ક્રિયાને નામે ઓળખાતા ફરમાનોનો અમલ કરવામા આવે છે તે યસ્નનો ત્રીજો ભાગ છે ટુંકમા એક રીતે અષોઇ નેજ 'યસ્ન' છે.

પાક અવસ્તા માંથ્રની બંદગી.

પાક **અવસ્તા માંથ્રની બંદગીની** જરૂર તથા તેની અસર બાબે

અત્યાર સુધીમા આપણે તનની અને મનની અષોઇ જાળવવા વિષેના જરથોસ્તી ફરમાનોની ખુબીઓ તેમજ અષોઇની તરીકતો પાળવાના ઉમદા 'સાયનટીફીક' ફાયદાઓ તપાસી ગયા છીએ અને હવે આપણે અષોઇથી પ્રાપ્ત થતો સૌથી અવશ્યનો અને અમુલ્ય ફાયદો જે વિષે લખવાનુ બાકી રહ્યુ છે, તે **અવસ્તા માંથ્ર** વિષે સહેજ જણાવવાની કોશેષ કરીશુ સરોશ યશ્ત હાદોખ્તના કરદા ૧ મા આપણે ભણ્યે છીએ કે, "અએ જરથોસ્ત! દુન્યાના લોકોને માટે બંદગી સારી છે, બંદગી સૌથી સરસ છે તે દરવંદોમાના જોરાવર દરવંદની સામે એક બચાવ છે જે બંદગી સંપૂર્ણ ખરા દીલથી કીધેલી તથા બદ નિષ્ટાથી દૂર (તે) માણસને માટે એક બચાવ છે, દરૂજની સામે એક ઢાલ છે (તથા તે દરૂજને) હથાવનાર છે"

અહુરમજદને પહોચવા માટે અષોઇ અને ભલુ મન ઉપરાત **માંથ્રની બંદગીની** જરૂર વિષે અવસ્તાના ઉતારાઓ

જરથોસ્તી ધર્મમા જણાવેલા અષોઇના સઘળા ફરમાનો પાળનાર તથા અષોઇની દરેકે દરેક તરીકત ઉપર નેક મનસ્નીથી બરાબર અમલ કરનાર શખ્સને **અવસ્તા માંથ્રની બંદગીની** પણ ઘણી જરૂર છે અને તે શખ્સ **અવસ્તા માંથ્રની** ઘણીજ ઉત્તમ અસર નીપજાવી શકે છે, યાને અવસ્તા બંદગીના મીઠા ફળો ચાખવાની લાયકાત મેળવી શકે છે, આ અષોઇથી મળતો અમુલ્ય લાભ છે

"પઇરિગએથે ફ્રમાવતો વહ્રો ૮

મજદા ગરોબીશ સ્તૂતામ."

(ગાથા હા ૩૪–૨)

અર્થ—"તારે લાયકની બંદગીની મારફતે તથા તારી કીર્તિ ગાનારાઓના ઇશ્વરી ભજનોની મારફતે ઓ અહુરમજદ! હુ તારી નજદીક પહોચુ"

ગાથા હા ૫૦, ક ૬ "પેગમબર જરથોસ્ત જે ડહાપણનો શિખવનાર તથા હમેશા (પોતાની) જબાનને સીધે માર્ગે ચલાવનાર (છે તે) (તે માણસનો) દોસ્ત (છે) કે જે, અએ હોરમજદ! (પવિત્ર) **માંથ્રવાણીને અષોઇથી તથા નેક મનશ્નીથી ભણે છે."**

ગાથા હા ૫૦, ફ ૮ "(અષો જરથુસ્ત્ર સાહેબ કહે છે કે) મારા દીલના ઉભરાના કવિતારૂપી ગાયનો, જે પુરતી રીતે જણાયલાં (છે તે) સાથે આજેજીની રીતે બને હાથ ઉચા ધરીને, અએ હોરમજદ ! તુને હુ પોહાચુ **અષોઇની મારફતે, ક્રિયાની ભેટ સાથની બદગીની મારફતે તથા ભલાં મનની ખુબીની મારફતે,** અએ હોરમજદ ! **તુંને તુને ખચ્ચીત હુ પોહોંચું.**"

ગાથા હા ૫૧, ફ ૭ "જેઓ (પોતાના) **કામોથી,** અષોઇ-**થી, જબાનથી (યાને રાસ્ત શખુનોથી) તથા નેક મનશ્નીની બદગીથી,** અએ હોરમજદ ! તુને સ્વોંપરી તરીકે ગણે છે, (તથા) જેઓનો, અએ હોરમજદ ! સૌથી પેહલો રાહાબર તુ છે તેઓ (પોતાની) કીર્તિને લીધે (આખરે) **તારામાં સાથે મલી જશે.**"

ઉપલા સુદર કલામો ઉપ૰થી માલમ પડે છે કે અહુરમજદની નજદીક પહોચવાનુ બુલદમા બુલદ મિનોઇ સુખ અષોઇ અને નેક મનશ્ની સાથે માથ્ર બદગીની મારફતે મેળવી શકાય છે વળી ઉપર ટાકેલા હા ૫૦, ફ ૬ મા અષો જરથુસ્ત્ર સાહેબ જણાવે છે કે જે કોઇ આએ પવિત્ર માથ્રવાની અષોઇ તથા નેક મનસ્ની સાથે ભણે છે તે તેમનો દોસ્ત છે

અવસ્તા માથ્રની બદગીની ખોરાક અને શરીરની પાચન ક્રિયા વચ્ચે એક સરખામણી

જે પ્રમાણે તનને દુરસ્ત રાખવા માટે તથા તેને યોગ્ય રીતે વધારવા માટે ખોરાકની જરૂર પડે છે, પણ ખોરાક બરાબર રીતે પચાવીને તેનુ લોહી ઉત્પન્ન કરવા માટે દાત, હોજરી, આતરડા, કલેજું વિગેરે અદરના અગો ઘણા મજબુત અને દુરસ્ત રાખવાની જરૂર છે, તેજ પ્રમાણે રવાનને દુરસ્ત રાખવા માટે તથા મિનોઈ વૃદ્ધિની લાઇનમા આગળ વધારવા માટે અવસ્તા માથ્રના બદગી રૂપી ખોરાકની જરૂર છે, પણ તે ખોરાક રવાન સરસ રીતે પચાવી શકે તેને ખાતર વિચાર, વચન અને કાર્ય તથા અતકરણ તદન સ્વચ્છ રાખવા જોઇએ, કેમજે અતકરણ તથા વિચાર શુદ્ધ યાને અષો હોયા વગર અવસ્તા માથ્રનો ખોરાક લાયક રીતે જરપત થઇ શકતો નથી

સમજ્યા વગરની માંથ્ર બદગી "હવામા બડબડાત કીધા બરાબર છે" એવુ બોલનારાઓનુ કેવળ અજ્ઞાનપણુ

રવાનને ચાલુ માથ્રનો ખોરાક જોઇએ છે તેથીજ દરેક ધર્મમા તેના પાળનારાઓને અનુસરતા મત્રના કલામો દરેક ધર્મ સ્થાપકે રચી આપ્યા છે

વારવાર આપણને કહેવામા આવે છે કે આપણી બદગીનો અર્થ આપણે સમજયે નહિ તેવી ભાષામા બદગી કરવી તે તો ખાલી "હવામા બડબડાટ કીધા બરાબર છે" આવુ બોલનારાઓ માથ્ર કલામો સ્તોતને કાયદે કેવી મહાન નેમથી રચાયલા છે તે બાબેનુ પોતાનુ કેવળ અજ્ઞાનપણુ બતાવે છે સાધારણ રીતે તપાસતા બદગીમા આપણી બે શકિતઓનો ઉપયોગ થાય છે એક તો વિચાર શક્તિ અને બીજી અવાજ શક્તિ ખુલ્લી રીતે બોલ્યે તો માથ્રવાનીમા ચોકસ વિચારો ચોકસ ગોઠની આપેલા શબ્દો મારફતે આપણે જાહેર કર્યે છીએ આપણે માથ્રના જે કલામો ઉચ્ચાર્યે છીએ તેનો અવાજ હવા સાથે મળવાથી ચોકસ ધ્વનીઓ (Vibrations) ઉત્પન્ન થાય છે એ ધ્વનીઓ મારફતે એક જાતનો ઘણો સરસ લોહચુબીક જોશ ઉભો થાય છે, અને જો તે માથ્રની બદગી અષોઇ, ભલી મનશ્ની તથા ખાલેસ અતકરણ સાથે કરવામા આવે છે તો કુદરતના ખેચાણને કાયદે તે તરફ યજદી શકિતઓને ખેચી લાવે છે, અને તે ખુદાઇ શકિતઓ તે કલામો પઢનારને મદદગાર થાય છે, તેને આશીષ આપે છે અને હરેક રીતે તેને આબાદ કરે છે વળી આપણા મહાન પેગામ્બર સાહેબે આપણા માથ્રના કલામો એટલી તો સરસ રીતે ગોઠવી આપ્યા છે, કે તેના ઉચ્ચારવાથી બદગીની અસર ઘણીજ બળવાન થાય છે અને જો કે તે ભણનાર તે માથ્રનો ભેદી અર્થ સમજી શકતો નથી છતા, તે પઢનારને અમુલ્ય ફાયદો કરે છે જે પ્રમાણે ખોરાક પચાવવાને લગતા કાયદાઓ બધાઓ સમજી શકતા નથી, છતા જ્યારે ખોરાક ખાવામા આવે છે એટલે પાચનક્રિયાઓના કાયદાઓનુ તે ખાનારનુ અજ્ઞાનપણુ હોવા છતા ખોરાક જરપત તો થાય છેજ, તેજ પ્રમાણે માથ્રવાની જ્યારે પઢવામા આવે છે ત્યારે જો કે તે પઢનાર ધ્વનીને લગતા કાયદાઓ નહિબી સમજતો હોય છતા તે પઢવાથી ધ્વનીથી રગ બરપા થવાને લગતી અસર તો થાય છેજ *

---

* એ બાબે જુઓ "Zoroastrianism Ancient and Modern" by Ervad Phiroze Shapurji Masani, M A, LL B., chapter VI.

પવિત્ર અવસ્તા માંથ્રની બરોબરી ગુજરાતી કે બીજી કોઈ પણ ભાષામાં રચેલી બંદગી કરી શકે નહિ પાજદ ભણતરો બાબે ખુલાસો.

અત્રે આપણે જાણવુ જોઇએ કે માથ્ર બદગીમા કાઇ દુન્યવી સુખ મેળવવા માટે દાદારને વિનવવાની મતલબ સમાયલી નથી, પણ તેમા તો અષોઇની અમલ્યાતની જરૂર વિષે અને 'હુમત' 'હુખ્ત,' 'હુવર્સ્ત' પ્રમાણે આપણી જીદગી ચલાવવા બાબેની મતલબ સમાયલી છે આવી મહાન નેમવાળી માથ્ર બદગીની બરોબરી ગુજરાતી કે બીજી કોઇપણ ભાષામા કરવામા આવતી બદગી કરી શકે નહિ કેટલાકો તરફથી કહેવામા આવે છે કે અવસ્તા માથ્ર સાથે પાજદ ભાષાની બદગી પણ આપણે ભણયે છીએ તો તેમ ગુજરાતી કે બીજી કોઇ સમજાતી ભાષામા બદગી કરવામા હરકત શી? આવો સવાલ કરનારાઓ ભુલી જાય છે કે અવસ્તા માથ્રની સાથે જે પાજદ બદગીઓ જેવી કે પતેત, આફ્રીનો, નીરંગો વિગેરે આપણે હાલમા ભણયે છીએ તે મહાન આબેદ દસ્તુરાન દસ્તુર આદરબાદ મારેસ્પદ સાહેબે રચેલી હતી, જેઓ અષોઇને લગતી સપૂર્ણ અમલ્યાતવાળા હોવા ઉપરાત માથ્રને લગતા સ્તોત અને ધ્વનીને લગતા કાયદાઓથી પુરતી રીતે વાકેફગાર હતા અને જેઓએ તે બાબેની પોતાની શકિતઓ ઘણાએક મોજેજાઓ કરી બતાવી સાબેત કીધી હતી તેવા મહાન આબેદ સાહેબની બરોબરી કરનાર અષોઇની સપૂર્ણ અમલ્યાતવાળો શખ્સ હાલના વખતમા કોઇ હોઇ શકે નહિ, એટલે તેથી કોઇથીબી ગુજરાતી કે બીજી કોઇ પણ ભાષામા **માંથ્રના દરજજાવાળી બદગી રચી શકાયજ નહિ.**

અવસ્તા માથ્રની એજમતી અસર

સરોષ યશ્ત હાદોખ્તમા જે ખાસ માથ્રની અસર વિષે જણાવ્યુ છે તે ધ્યાન પુગાડવા જોગ છે

"માંથ્રેમ સ્પેનતેમ મઇન્યેવીમ દ્રુજેમ નીજ બઇરીસ્તો." યાને "માથ્ર સ્પેન્ત (વૃદ્ધિ કરનાર માથ્ર) અણદીઠ રીતે જડ વાળી બેઠેલી દરૂજની અસરને તદન બહાર કાઢી નાખનાર છે" અહીંઆ ત્યારે આપણે સમજી શકયે છીએ કે એક ગમે એવો ખરાબ શખ્સબી જો માથ્રની બદગી ચાલુ કર્યા કરશે અને પોતાના પાપોનો પશ્ચાતાપ કર્યા કરશે તો આયદે તે આ એજમતી કલામોની અણદીઠ અસરથી અષોઇની ગહ ઉપર આવતો જશે 'માથ્ર સ્પેન્ત' ની રચના એક ઘણાજ

બુલંદ આતશ મીસાલ છે અને જેમ આતશ ગલીચીને બાળીને અંતે ભસ્મ કરીને તદન દૂર કરી નાખે છે, તેજ મીસાલ અવસ્તા બંદગી આપણી અંદરના દુષ્ટ વિચારો તથા દીલમા રહેતી ગલીચીને બાળી નાખી વિચારો તથા દીલને તદન સાફ કરવામા મદદ કરે છે એ રીતે પાક માથ્રની એજમતી અસરથી એક આડે માર્ગે ગયલો માનવી પાછો અષોઇના સીધા માર્ગ ઉપર આવી શકે એમ છે

જેમ બંદગી વગરની જીંદગી નહિ તેમ અષોઇ વગરની બંદગી અસર કારક હોઇ શકે નહિ

પણ બંદગીને ફળ આપનારી બનાવવાને વાસ્તે આપણા બુલંદ ધર્મે શીખવેલી અષોઇ પાળવાની બાબત ઉપર હમેશા ધ્યાન આપવાની જરૂર છે બંદગી કયારે કરવી, કેમ કરવી, આપણા શરીર તથા મનને કેવી રીતે શુદ્ધ રાખવા, આપણી રહેણીકર્ણી કેવી રાખવી એ સઘળાની અષોઇની ઉપરજ બંદગીનો આધાર રહેલો છે, અને એ સઘળા કાનુનોનુ જ્ઞાન અષોઇના બાબમા આવી જાય છે અષોઇ ઉપરજ બંદગીનો આધાર રહેલો છે તે બાબે ઉશ્તવદ ગાથામા જણાવ્યુ છે કે—**“અશા માંથ્રા યે રાથેમો અષાત્ હચા.”** યાને “આએ માથ્ર કે જે અષોઇને લીધેજ કીંમતી દોલત સમાન છે” વળી સરોષ યશ્ત હાદોખ્તમા જણાવ્યુ છે કે “અષ–સર મનધ્રહ,” “આ–સર વચધ્રહ” અને “અષ–સર શ્યઓથ્ન” યાને સંપૂર્ણ અષોઇ વાળા મને કરીને, સંપૂર્ણ અષોઇવાળા વચને કરીને અને સંપૂર્ણ અષોઇવાળા કામે કરીને કીધેલી “અહૂનવર” ની બંદગી ભયમા કે દલગીરીમા, આફતમા કે તોફાનમા, મનની અસ્થિરતામા કે મુશ્કેલીમા, ગમે એવે સમયે, શાંતિ આપે છે, રાહત આપે છે, ગુંચવાયલુ મન ખુલ્લુ કરે છે અને આપણા રવાનને આગળ વધવાનો માર્ગ સહેલો કરી આપે છે

આપણા ન્યાગાનો માથ્ર બંદગીની અસર કઇ રીતે ઉપજાવી શકતા હતા ?

અષોઇથીજ મોટા મોટા દસ્તુર દાવરો બંદગીના જવાબો મેળવતા હતા ખુદ આપણા અસલી ઇરાની ન્યાગાનો દુકાળ, આફત તથા અનેક જાતની મુશ્કેલીઓ દૂર કરવા માટે અવસ્તા માથ્રની બંદગીની મારફતે પાક દાદારને અરજ કરતા હતા, અને તેના લાયક જવાબો અષોઇને લીધેજ મેળવતા હતા પણ હાલમા તેવુ કશુ જોવામા આવતુ નથી, કારણ હાલ તો અષોઇનો ખ્યાલ વટીક મોટે ભાગે તજી દેવામા આવ્યો છે

"માથ્ર સ્પેન્ત" થી દર્દો સાજા કરનારનુ બીજા બધા વૈદો કરતા ચઢીઆતાપણુ અને તેનુ કારણ

અર્દીબેહસ્ત યશ્તમા તંદરોસ્તી આપનારા યાને દુખ-દર્દ સાજુ કરનારા વૈદો નીચે મુજબ પાંચ વર્ગના જણાવ્યા છે —૧ લો—"અષો-બઍષજો" યાને અષોઇથી સાજુ કરનાર, (રીમન વિગેરેનાને નાહન નહવાડી પવિત્ર કરનાર), ૨ જો—"દાતો-બઍષજો" યાને ઇન્સાફથી સાજુ કરનાર, (ન્યાયાધીશ), ૩ જો—"કરેતો-બઍષજો" યાને શસ્ત્રવૈદ, (વહાડકાપથી સાજુ કરનાર), ૪ થો—"ઉર્વરો-બઍષજો" યાને ઝાલાપાલાથી સાજુ કરનાર, ૫ મો—"માથ્રો-બઍષજો" યાને પવિત્ર માથ્રવાણી ભણીને સાજુ કરનાર આ છેલ્લા વર્ગનો સાજો કરનાર વૈદ તે અષોઇની સંપૂર્ણ અમલ્યાતવાળા એક ધણીને વાસ્તે લખ્યુ છે, જે પવિત્ર માથ્રવાણી ભણીને તેની એજમતી અસરથી જેબી કાઈ દુખથી એક માણસ હેરાન થતો હોય તેનુ દુખ ટાળી શકે છે તેથીજ અર્દીબેહસ્ત યશ્તમા જણાવ્યુ છે કે "માથ્ર સ્પેન્ત" થી સારૂ કરનાર તે બીજા ઉપર કહેલા ૪ વર્ગના સાજુ કરનારાઓ કરતા ઘણો ચઢીઆતો વૈદ છે, કેમકે તે અષો નરનુ બાતેન દુખ મટાડી શકે છે અષોઇની સંપૂર્ણ અમલ્યાતવાળો ધણી એક માણસ જેબી કારણથી કે દુખથી હેરાન થતો હોય તેનુ ખરૂ બાતેન કારણ સમજી શકીને માથ્ર ની એજમતી અસરથી તે દુખ મટાડી શકે એમ છે કમનસીબે આજના વખતમા એવા સંપૂર્ણ અષોઇની અમલ્યાતવાળા જવલેજ હોય છે

છેવટના સખુનો.

પવિત્ર માથ્રવાણી, અષોઇની તમામ તરીકતો તથા ક્રિયાકામો **જાળવી રાખી તેનો અમલ કરવાની** દરેક જરથોશ્તીની આઈન ફરજ

આપણુ જરથોશ્તીઓને સૌથી મગરૂર કરનારી તથા તે સાથે આપણુ સર્વને હજી એક અખંડ કોમ તરીકે જોડી રાખનાર અને બચાવનાર જો આપણી પાસે કોઇબી ચીજ હોય તો તે અવસ્તા જબાનમા રચાયલી આપણી પવિત્ર એજમતી માથ્રવાણીજ છે, અને તે માથ્રવાણીની અસરોને જોશ આપનારી આપણી તમામ અષોઇ-ની તરીકતો તથા ક્રિયાકામો ("યસ્ન") હમેશા સાથે જોડાયલા રહે છે આપણી પવિત્ર માથ્રવાણી અને ક્રિયાકામો જેને બચાવવાને ખાતર આપણા અષો ન્યાગાનો પોતાનુ સર્વસ્વ છોડી દઇને આજથી આસરે ૧,૨૦૦ વર્ષની વાત ઉપર હિંદુસ્તાનનો આશરો શોધી આપણુને બુલંદ માથ્રવાણીનો અખૂટ નાદર ખજાનો સોપ્યો છે, અને તે અમૂલ્ય માથ્ર-વાણીના મીઠા બુલંદ ફળો મેળવવાને જે અષોઇની તરીકતોનુ કીંમતીમા

કીંમતી સાધન આપણુને સપુર્દ કર્યું છે તે બન્નેને આપણી કોમના એક કીંમતીમાં કીંમતી વારસા તરીકે જાળવી રાખી તેનો સંપુર્ણ યકીનદારી અને ફીદાગીરીથી ઉપયોગ કરીશું તોજ આપણાં રવાનને તેની સૌથી ઉંચ હાલત ઉપર ચઢાવી આ દુન્યાનો ફેરો સફળ કરીશુ અને આપણા અષો પૂજ્ય પયગામ્બર જરથુશત્ર સાહેબનાં નેક આશિષ મેળવી તે દાદગર દાદારના દર્શન કરવાને નસીબવંત બનીશુ.

દરેક જરથોશ્તીએ યાદ રાખવા અને મનન કરવા યોગ્ય કીંમતી વચનો

છેવટે, "હોશબામ" ની બંદગીને છેડેના નીચલા કીંમતી સખુનો જે દરેક જરથોસ્તીએ મનન કરવા અને યાદ રાખવા જોગ છે તે એક વાર ફરી યાદ કરી તે માહેલી દુઆ ચાહવામા આ અદના લખનાર સાથ વાચનાર બસ્તેકુસ્તીઆન સામેલ થશે એવી ઉમેદ સાથે આ કમીનો લેખ ખતમ કરીશુ

"યથ નો આઓંઘહાંમ્ ષાતો મનાઓ, વહિશ્તો ઉરૂવાંનો, ખાથ્રવઇતીશ તન્વો હેન્તો વહિશ્તો અ ઘ્હુશ; આકાઓસ્ચોઇત આહુઇરે મજ્દ જસેતામ્. અષ વહિશ્ત, અષ સ્રએશ્ત દરેસામ થ્વા. પઇરિ થ્વા જમ્યામ. હમેમ્ થ્વા હખ્મ." "અષેમ વોહૂ" ૧.

અર્થ—"જેથી કરીને અમારાં મન મિનોઈ ખુશાલી ભરેલાં, રવાન સૌથી સરસ, શરીર ઝળકાટમદ થઇને સૌથી સરસ બેહેશતની હાલત વિષે વાકેફગાર થઇને, અએ અહુરા મજદા' તારી નજદીક અમો બધાં આવવા લાયક થઇશુ. સૌથી સરસ અષોઇની મારફતે, સૌથી શ્રેષ્ટ અષોઇની મારફતે, તુને અમો જોઇએ, તારી નજદીક આવ્યે અને તારી હંમેશની દોસ્તીને પહોચીએ." "અષોઈ એ સર્વથી ઉત્તમ ન્યામત છે." વિગેર

અથ જમ્યાત્ યથ આફ્રીનામિ'

સમાપ્ત.

જશન કમિટીના સભાસદો.

(૧) પેટ્રનની ફી એકકી વખતે રૂ૦ ૧,૦૦૧) થા વધુ

(૨) દીલસોજ લાઇફ મેમબરની એકજ વખતની ફી રૂ૦૧૦૧).

(૩) દીલસોજ સાધારણ સભાસદની ૬ માસિક ફી રૂ૦ ૩).

હમ-દીન બાનૂઓ અને ગૃહસ્થોને જશન કમિટીના પેટ્રનો, દીલ-સોજ લાઇફ મેમબરો અથવા દીલસોજ સાધારણ સભાસદો થવાને અરજ કરવામા આવે છે જશન કમિટીના ઑનરરી સૅક્રેટરીને કામા સ્ટ્રીટ, નાનાભાઇ લેન, હૉર્નબી રોડ, કોટ, મુબઇ, લખવે, જશન કમિટીમા જોડાવા માટેનો અરજીનો છાપેલો ફૉર્મ, જશન કમિટીના સભાસદોના નામો સાથે, મોકલી આપવામા આવશે

જશનો.

જશન કમિટી તરફથી દર મહિને એક અથવા વધુ જશનો (હમ-બદગી, મોનાજાત, વાએજો અથવા શાહ-નામાના સગીત દાસ્તાનો અને વાચનો તથા ધાર્મિક અને નીતિના ગાયનો, વગેરે સાથે) કરવામા આવે છે આ જશનોનો ખરચ "જશન ફંડ" કે જેમા હમ-દીનો નાણા ભરે છે તેમાથી કરવામા આવે છે હમ-દીનોને આ ફંડમા મદદ કરવાને અરજ કરવામા આવે છે

ધર્મ-નીતિની કેળવણી.

જશન કમિટી તરફથી ૧૫ નિશાળોના નજદીક ૩,૦૦૦ જરથોસ્તી છોકરાઓ અને છોકરીઓને ૫ ધર્મ-શિક્ષકો મારફતે જરથોસ્તી દીન-આઇન અને તરીકત, નેકી-નીતિ તથા તવારીખે કદીમ ઇરાનને લગતી કેળવણી આપવામા આવે છે આ કામ જુન ૧૯૧૯ થી શરૂ કરવામા આવ્યુ હતું હમ-દીનોને આ "ધર્મ-નીતિ કેળવણી ફંડ" મા મદદ કરવાને અરજ કરવામા આવે છે

ચોપડીઓ.

૧ નીરગે કુસ્તી અને સરોષ બાજનુ ભણતર તથા જરથોસ્તી ધર્મ-નીતિને લગતા ફકરાઓ, ૪ આના

૨ હમ-બદગી, ૪ આના

૩ મી૦ આદીલનો "ઇરાનશાહ" નો ખ્યાલ, ૨ આના

૪ મી૦ આદીલનો બખ્તાવર બાહરોટના બહાદુર કદીમ ન્યાગ્રાનોનો ખ્યાલ, ૧ આનો

જશન કમિટીમાથી (નાનાભાઇ લેન, કામા સ્ટ્રીટ, હૉર્નબી રોડ, કોટ, મુબઇ) મળશે

આતશ-બેહરામોમાં મુકેલી જશન કમિટીની ધરમની પેટીઓ.

જશન કમિટી તરફથી મુબઇના વાહડીઆજી, દાદીશેઠ અને બનાજીના આતશ-બેહરામોમા "જશન ફંડ" અને "ધર્મ-નીતિ કેળવણી ફંડ" માટે ધરમની પેટીઓ મુકવામા આવી છે—જે તરફ મેહરબાન હમ-દીન બાનુઓ અને ગૃહસ્થોનુ દીલસોજ ધ્યાન ખેચવામા આવે છે અને તેમને તે ધરમની પેટીઓ તરફ પોતાનો સખી દસ્ત લબાવવાને માનપૂર્વક નમ્ર અરજ કરવામા આવે છે

મુંબઈની જરથોસ્તી જશન કમિટી.

(સ્થાપી, યજદજરદી સને ૧૨૭૨ : ઇસવી સને ૧૯૦૩.)

જશન કમિટીની નેમ :—

જશન કમિટીની મૂળ નેમ આપણી કોમના નર–નારીઓ તથા બાળકોના જીગરોમાં આપણા બુલંદ મઝહબ, તેણે શિખાડેલી નેકી–નીતિ, ધર્મ–ક્રિયાઓ તથા જરથોસ્તી તરીકત તરફ ભક્તિ–ભાવ ખિલવવાની, તેમજ આપણા કદીમ ઇરાન વતનના આપણા પાદશાહ–પેહલવાનો અને ન્યાગાનો તરફ માન અને એહસાનની લાગણી બરપા કરીને, ધાર્મિક અને કોમ–હિત-કારી જુસ્સો ખિલવવા અને જારી રાખવાની; તેમજ જરથોસ્તી ધર્મના ફરમાનો મુજબ અષો, નીતિમાન, ધાર્મિક તથા પરમાર્થી જીંદગી ગુજારવાના વિચારોનો, આપણી કોમમા ફેલાવો કરવાની છે આ મૂળ નેમ, જશનો, હુમ–બંદગી, મોનાજાત, વાએઝો, શાહ–નામાના દાસ્તાનો (સંગીત) અને વાંચનો, ધાર્મિક અને નીતિના ગાયનો, વીગેરે સાથના ધાર્મિક મેળાવડાઓ મારફતે, તેમજ ઇનામના રેસાલાઓ, લખાણો, પરીક્ષાઓ તથા બીજા ઘટતા સાધનો મારફતે પાર પાડવાની છે એ ઉપરાંત, અન્ન–ફળ–શાકના નિર્દોષ ખોરાક વિષે આપણી કોમમા પ્રજા–મત કેળવવાની પણ આ કમિટીની એક ઉપ–નેમ છે

"રાહે જરથુશ્ત્ર."

જશન કમિટીના કાર્યને આગળ વધારવા અને તેના સભાસદો-ને કમિટીના સઘળા કાર્યથી માહિતગાર રાખવાની નેમથી "રાહે જરથુશ્ત્ર" નામનુ ત્રીમાસિક ચોપાન્યુ સ્થાપવામા આવ્યુ છે, જેનુ વાર્ષિક લવાજમ મુંબઇના ઘરાકો માટે રૂ ૧–૮–૦ તથા દેશાવરના ઘરાકો માટે (પોસ્ટેજ સાથે) રૂ ૧–૧૨–૦ છે જશન કમિટીના સભાસદોને આ ચોપાન્યુ મફત મળે છે

નશરવાનજી પેસ્તનજી મુનશી,
ઑનરરી સેક્રેટરી,
જશન કમિટી.

નાં૦ ૪, કામા સ્ટ્રીટ,
કોટ, મુંબઇ